એકમેકને ઓળખવાનો
# જ્ઞાતિસેતુ
વર્ષ : ૫ ● અંક-૩
ફેબ્રુઆરી – માર્ચ '૧૦

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦
**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪
**મુદ્રણ આયોજન**
મનુભાઈ કોટડીયા ૯૪૨૬૬ ૯૪૨૭૭
**વેબ સાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૮૬ ૩૦૧૨૯
**કાર્યાલય વ્યવસ્થા**
રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮
**જાહેરાત, લવાજમ, નાણાંકીય વ્યવસ્થા**
● **અમદાવાદ**
જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦
● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
**માનદ્ સલાહકાર**
મનુભાઈ કોટડીયા અમદાવાદ
તુલસીદાસ કંસારા અમદાવાદ
સૂર્યકાંત સોની અમદાવાદ
શૈલેષ કંસારા ભુજ
કાંતિભાઈ કંસારા રાજકોટ
**માનદ્ સંયોજક (ભુજ)**
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
**કાર્યાલય**
ધવલ જ્વેલર્સ
ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧
ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ**
www.gnyatisetu.com
**ઈ-મેલ**
editor@gnyatisetu.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
**કોમ્પ્યુટર ટાઈપ-સેટીંગ**
મુદ્રા કોમ્પ્યુટર્સ, રાયપુર, અમદાવાદ.

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી



આધુનિક યુગમાં જેમ સુવિધાઓ વધી છે તેમ સમસ્યાઓ પણ વધી છે. તેમાંની એક છે બાળકોના ભણતર માટેની વાલીઓની સમસ્યા. બાળક હજી તો માંડ પા પા પગલા ભરતું હોય ત્યાં આજના યુવા મા બાપો ઈચ્છે છે કે એનું બાળક 'બા બા બ્લેકશીપ' સડસડાટ બોલી બતાવે. વાલીઓની એવી ઈચ્છા હોય છે કે એનું શિક્ષણ નર્સરીથી લઈને પ્રાઈમરી - સેકંડરી સર્વેનું શ્રેષ્ઠ શાળામાં થાય અને હરીફાઈના આ જમાનામાં એ અપેક્ષા મુજબ આગળ વધે. આ ઈચ્છા સ્વાભાવિક છે. પરંતુ સાથે સાથે વાલીઓએ એમની પોતાની ક્ષમતાને લક્ષમાં રાખીને જ બાળકના વિકાસની વ્યવહારૂ અપેક્ષા રાખવી ઘટે. એવું બહુ મોટા વિદ્વાને કહ્યું છે કે, "be what you are...." એક સાધારણ મધ્યમ આવક ધરાવતો પરિવાર કદાચ કરજ કરીને એના સંતાનને પ્રખ્યાત શાળામાં ડોનેશન આપીને દાખલ તો કરાવી દે, પણ પછી શું? શાળાના એક્સ્ટ્રા ખર્ચ - પ્રવાસ, પ્રોજેક્ટ, ડોનેશન, મનોરંજન આદિ સહેલાઈથી વહન કરી શકશે? માન્યું કે બાળકના સમગ્ર વિકાસમાં આ બધી પ્રવૃત્તિઓનું યોગદાન હોય છે પરંતુ એની ખર્ચની વ્યવસ્થા ન થાય ત્યારે બાળકના મનોભાવોનું શું? એનામાં લઘુતાગ્રંથિનો અનુભવ થાય તો તેની અભ્યાસ પર માઠી અસર થશે અને એટલે જ વિદ્વાન લેખકે 'પછેડી પ્રમાણે સોડ તાણવી' કહ્યું છે. આપણને બધી રીતે સદે તેવી શાળા ભલે સાધારણ હોય તેમાં ભણાવવાથી કદાચ તેના સમગ્ર વિકાસ માટેની કડીઓ ખૂટે પણ પારિવારિક પ્રેમ આપીને તે અવશ્ય પૂરી કરી શકાય છે. આટલું પણ સમજપૂર્વક થાય તો તદ્દન સાધારણ શાળામાં ભણતો બાળક પણ અપેક્ષાકૃત પ્રગતિ સાધી શકશે.

અસ્તુ.

| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
|---|---|---|
| **માનદ્ મંત્રી** | **પ્રમુખ** | **મુખ્ય તંત્રી** |


॥ શ્રી ગણેશાય નમઃ ॥


॥ શ્રી વાંકલ ચામુંડા નમઃ ॥

પોમલ મેહુલ રમેશભાઈ 94288 96444
પોમલ રિતેશ રમેશભાઈ 99780 04455, 99741 54455

# માનસી સ્ટેશનર્સ

(જુના પુસ્તકોની લે-વેચ કરનાર)






અમારે ત્યાંથી સ્કુલ સ્ટેશનરી, ઓફિસ સ્ટેશનરી મળશે.
તથા તમામ પ્રકારના બુક બાઈન્ડીંગ કરી આપવામાં આવશે.

**સ્પોર્ટસ**

ક્રિકેટ બેટ, કેરમ, બેડમિન્ટન
તથા તમામ પ્રકારની રમત ગમતની આઈટમો





# માનસી મોબાઈલ શોપ

**B.S.N.L. (D.S.A.)**
**ડાયરેક્ટ સેલીંગ એજન્ટ**



| | |
|---|---|
| નવા મોબાઈલ | નોકિયા, સોની એરીક્સન, વોડાફોન, સેમસંગ, ટાટા |
| નવા સીમકાર્ડ | B.S.N.L., વોડાફોન, એરટેલ, આઈડીયા, ટાટા |
| રીચાર્જ કુપન | B.S.N.L., વોડાફોન, એરટેલ, આઈડીયા, ટાટા, રિલાયન્સ |

**દરેક પ્રકારની મોબાઈલ એસેસરીઝ મળશે**

**નોંધ : શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિજનો માટે સ્પેશિયલ ડિસ્કાઉન્ટ મળશે.**

**Contact : Pomal Ritesh Rameshbhai - 99780 04455, 99741 54455**

અભિષેક કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં.-૫, દેવળિયા નાકા, અંજાર (કચ્છ)

# વ્યક્તિત્વની ઓળખ

કુ. એકતા કટ્ટા - અંજાર

*''आचारः कुलमाख्याति देशमाख्याति भाषणम।*
*नयनं स्नेहमाख्याति वपुराख्याति भोजनम ।।''*

અર્થાત્ ''આચાર કુળ જણાવી દે છે, વાણી (પોતાના) પ્રદેશને જણાવી દે છે, નયનથી પ્રેમ જણાઇ આવે છે અને શરીર ખોરાકનો ખ્યાલ આપે છે.''

માણસ માત્રનાં વ્યક્તિત્વનાં પરિચાયક પરિબળો સુભાષિતકારે સ્પષ્ટ કર્યા છે. માણસ સામાજીક પ્રાણી છે. તે સમાજથી અલિપ્ત રહી શકતો નથી. તેનો જીવન વ્યવહાર અન્ય માણસો પર આધારિત રહે છે. ત્યારે આ વ્યવહાર વહેણ અસ્ખલિતરૂપે વહ્યાં કરે, તે માટે તેનાં જીવનથી જોડાયેલ વ્યક્તિઓનો પૂર્ણ પરિચય આવશ્યક હોય છે. માણસનો જન્મથી મૃત્યુ સુધી અનેક વ્યક્તિઓ સાથે સંબંધ બંધાયેલો હોય છે. ઘરમાં સંબંધો જન્મના આધારે (માતા-પિતા, ભાઇ-બહેન, કાકા-મામા ઇત્યાદિ) બંધાયેલાં હોય છે તો અન્ય ઘણાં સંબંધો સામાજીક સંબંધો (વિવાહ ઇત્યાદિ), વ્યવસાયિક સંબંધો (માલીક, ગ્રાહક ઇત્યાદિ), શૈક્ષણિક સંબંધો (શિક્ષક, સહાધ્યાયી ઇત્યાદિ) અને અંગત સંબંધો (અંગત મિત્રો, આડોશ-પાડોશ, અન્ય ગમતી વ્યક્તિઓ)નાં સંબંધોનાં આધારે બંધાયેલાં હોય છે. આ વિવિધ સંબંધોમાં માત્ર જન્મના આધારે બંધાયેલાં સંબંધો સિવાય અન્ય સંબંધો માણસ આવશ્યકતા અને બુદ્ધિનિષ્ઠાનાં આધારે સ્વયં બાંધતો હોય છે. અહીં વ્યક્તિત્વનો પૂર્ણ પરિચય બંધાયેલ સંબંધની સમયાવધિ અને વિકાસનો આધારબિંદુ સિદ્ધ થાય છે. કુળ, પ્રદેશ, પ્રેમ (લાગણી-ભાવનાઓ) અને ખોરાક પર માણસનું વ્યક્તિત્વ અવલંબે છે અને સંબંધો વ્યક્તિત્વોની પરસ્પર અનુકૂળતા પર અવલંબે છે. ત્યારે ઉપરોક્ત સુભાષિત વ્યક્તિત્વ પરિચયમાં ઉપયોગી સિદ્ધ થઇ શકે છે.

કોઇપણ વ્યક્તિની જીવનશૈલી, તેનાં વિવિધ વ્યવહારો, તેનાં આદર્શો અને તેનાં ધ્યેય તથા લક્ષ્યો તેનો કુળ જણાવી દે છે. અત્રે 'કુળ' શબ્દનો અર્થ કોઇ જાતિ, કોઇ કુટુંબ-પરિવારનાં નામ કે પરિચય સુધી સીમિત નથી. હા! કુળ (કુટુંબ, પરિવાર કે જાતિ) કોઇ પણ વ્યક્તિની પ્રારંભિક ઓળખ અવશ્ય હોય છે. તેનાં નામ પાછળ જોડાતાં ધર્મ, જાત કે ગોત્ર ઇત્યાદિ નામો તેની એક નિશ્ચિત જીવનશૈલીનો પ્રારંભિક પરિચય આપે છે. પરંતુ, અત્રે તેથી થોડું આગળ-ઊંડું અર્થ આવરી લેવાનો છે. કોઇપણ વ્યક્તિત્વનો સ્વભાવ, નીતિમત્તા, નૈતિકમૂલ્યોની મહત્તા, સૌમ્યતા અને વિવિધ પરિસ્થિતિઓ અંગેનાં દૃષ્ટિકોણ દ્વારા જે તે વ્યક્તિની ઓળખ ઊભી થાય છે. કોઇ પણ જાત-ધર્મ-પરિવારથી ઉપર ઊઠી એક ઉત્તમ-ઉમદા વ્યક્તિત્વરૂપી કુળની ઓળખની આવશ્યકતા છે. કારણ કે આ બધાં જ પરિબળોની અનુકૂળતા સંબંધ બાંધવા તથા ટકાવવામાં મહત્વની ભૂમિકા નિભાવે છે.

વાણી માત્ર સંબંધો જ નહીં પરંતુ, જીવન વ્યવહાર ટકાવવાનું મહત્વનું માધ્યમ છે. વાણી દ્વારા માત્ર પ્રદેશનો જ નહીં કોઇ પણ વ્યક્તિની બુદ્ધિનિષ્ઠા અને માનસિકતાનો પરિચય પણ થતો હોય છે. તેથી માત્ર ભાષાકીય (ગુજરાતી, હિંદી, અંગ્રેજી ઇત્યાદિ) કે જે પ્રદેશ-આવાસીય ક્ષેત્રનો જ પરિચય આપે છે, તે વાણી નહીં અપિતુ સંબંધોને ઉમદા અને અનુકૂળ બનાવનારી વાણી જે તે વ્યક્તિનાં સ્તરનો પરિચય અપાવે છે. જીવનનાં કોઇ પણ ક્ષેત્રનાં સંબંધો વાણી ઉપર ઘણો જ આધાર રાખે છે. તેથી જ સુભાષિતકારે વાણીને વ્યક્તિ પરિચયનો મહત્ત્વનો અંગ લેખાવ્યો છે.

કોઇ પણ સંબંધ બાંધવામાં આવશ્યકતાઓ ઉપરાંત જે તે સંબંધ અંગેની લાગણી-ભાવના પણ એક મહત્વનું પાસુ હોય છે. જે તે ક્ષેત્રે બંધાયેલ સંબંધ પ્રત્યે જો ભાવનિષ્ઠા ન હોય તો તે સંબંધ માત્ર ઔપચારિક અને હેતુવિહોણા બની ભાર સાબિત થાય છે. એટલું જ નહીં તે અન્ય સંબંધોને પણ અસરકર્તા બને છે. તેથી સ્નેહ-પ્રેમ-લાગણીની પારસ્પરિક અનુકૂળતા આવશ્યક હોય છે. સુભાષિતકારનાં મત પ્રમાણે કોઇ પણ વ્યક્તિની નજર જે તે સંબંધ પ્રત્યેની લાગણીનો પરિચય આપે છે. અત્રે નજરને દૃષ્ટિકોણ સાથે પણ સરખાવી શકાય. સંબંધ દ્વારા ઉદ્ભવેલ વ્યવહાર કે પરિસ્થિતિ પ્રત્યે વ્યક્તિનો દૃષ્ટિકોણ જે તે સંબંધ પ્રત્યેની ભાવનિષ્ઠા પણ દર્શાવે છે. તેથી વ્યક્તિનાં દૃષ્ટિકોણ દ્વારા પણ વ્યક્તિત્વનો પરિચય પ્રકટ થતો હોય છે.

મન-બુદ્ધિ-વાણી-વ્યવહાર જેવાં આંતરિક પાસાંઓ ઉપરાંત અન્ય ભૌતિક પાસાંઓ પણ માણસનાં વ્યક્તિત્વ નિર્માણમાં ભૂમિકા અદા કરતાં હોય છે. જેમાં 'ખોરાક' આધારબિંદુ ગણી શકાય. ''જેવું અન્ન તેવું મન'' કહેવતનો એ જ સારાંશ છે. જીવનની ઘણી બધી આવશ્યકતાઓ આ ખોરાક પર અવલંબે છે અને આવશ્યકતાઓ જ માણસનું, તેનાં વ્યક્તિત્વનું ઘડતર કરે છે. તેથી માણસનાં બાહ્ય-ભૌતિક દેખાવ દ્વારા ખોરાકનો પરિચય મેળવી તેની જીવનશૈલીનો અંશતઃ પરિચય કેળવી શકાય છે.

ઉપરોક્ત સુભાષિતમાં સુભાષિતકારે કહેલ ચાર વાતો – આચાર દ્વારા કુળ પરિચય, વાણી દ્વારા પ્રદેશ પરિચય, નયન દ્વારા પ્રેમ પરિચય અને શરીર દ્વારા ખોરાક પરિચય- મેળવી વ્યક્તિનાં વ્યક્તિત્વનો પરિચય મેળવી શકાય અને તેનાં દ્વારા સંબંધની આયુ તથા વિકાસ સાધી શકાય. પરંતુ, પ્રવર્તમાન સમયમાં વિવિધ પ્રસાર માધ્યમો અને વિશેષતઃ દેખાદેખીનાં કારણે એ ચારે બાબતો એક અજ્ઞાત આવરણે ઢંકાઇ જઇ અધિકાંશ વ્યક્તિઓમાં સામ્યતા કેળવે છે. આર્ટ ઓફ લીવિંગ, પર્સનાલીટી ડેવલપમેન્ટ વિગેરે જેવાં વર્ગો દ્વારા જીવનશૈલી-આચાર, વાણી અને ખોરાકમાં ઉપરછલ્લી સારપ તો ક્યાંક વળી પ્રેમ અને લાગણીમાં પણ સારપનો બાહ્ય આડંબરનો આવરણ ચઢી જતો હોય છે. આ વર્ગો દ્વારા જીવનશૈલીનું સ્તર ઝડપભેર ઊંચું લાવી શકાય. પરંતુ, માણસનાં મન-બુદ્ધિનું, તેની માનસિકતાનું સ્તર ઊંચું લાવવું બહુ કપરૂં હોય છે. ઊંચી જીવનશૈલીથી ઘણી વાર માનસિકતાની સારપનાં આડંબરનું આવરણ વ્યક્તિત્વ પર ચઢી જતું હોય છે. જેથી ઉપરોક્ત ચારેય બાબતોનાં માધ્યમે બહુ જ પ્રયત્ને-મહેનતે સાચા વ્યક્તિત્વનો પરિચય કેળવી શકાય છે. આધુનિક માણસનાં મન અને બુદ્ધિની સાચી ઓળખ કરાવનારાં ઉપાયો જણાવતું સુભાષિત શોધવું જ રહ્યું! ■

# મૂર્તિ પૂજા

**બિહારીલાલ બુધ્ધભટ્ટી - રાજકોટ**

મૂર્તિપૂજા એ વૈદિક ઋષિઓએ આપેલી માનવને અનુપમ ભેટ છે. વિશ્વનો માનવ ચિત્ત શુધ્ધ કરી, પોતાનો ભૌતિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિકાસ કરી શકે, ઇહલોક અને પરલોકનું શ્રેય સાધી શકે એટલા માટે આપણા ઋષિઓએ સરળ, વ્યવહારૂ, બુધ્ધિગમ્ય અને શાસ્ત્રીય મૂર્તિપૂજાની આવશ્યક્તા સમજાવી છે. મૂર્તિપૂજા એ પૂર્ણ શાસ્ત્ર છે. ચિત્તશુધ્ધિ માટેનું પૂર્ણ શાસ્ત્ર છે. માનવ પોતાના વિકારો સમજી લે તેને ક્રમશઃ ઓછા કરે, શુધ્ધ કરે, ઉદાત્ત કરે અને છેલ્લે વિચાર અને વિકાર રહિત સ્થિતિમાં રહી 'સ્વ'નું સુખ માણી શકે એટલા માટે મૂર્તિપૂજાની નિતાંત આવશ્યક્તા છે. મૂર્તિપૂજા માણસને મોક્ષ સુધી લઈ જાય છે.

વિશ્વમાં આજે મૂર્તિપૂજાના વિરોધમાં ઘણી વાતો સાંભળવામાં આવે છે. આપણા દેશમાં પણ ઘણા લોકો મૂર્તિપૂજાનો વિરોધ કરે છે. મૂર્તિપૂજા કરનારો વર્ગ પણ ચીલેચાલુ મૂર્તિપૂજા કરે છે. તેની તેને સમજણ નથી. મૂર્તિપૂજા ન કરનારો કે મૂર્તિપૂજાનો વિરોધ કરનારો વર્ગ શા માટે વિરોધ કરે છે તે તેને સમજાતું નથી. આમ, ભોળા અને ભાવુકજનોની અંધશ્રધ્ધા, ભણેલા વર્ગની અશ્રધ્ધા અને અર્ધદગ્ધોની વિચલિત શ્રધ્ધાએ મૂર્તિપૂજા જેવા માનવ ઉન્નતિના શ્રેષ્ઠ માધ્યમને લગભગ ઉડાડી દેવાનો પ્રયાસ કર્યો છે. અર્થાત્ તેની સામે એક પ્રહારત્મક રૂપ આવ્યું છે.

આજે શરીર દૂબળું થાય તો માણસ તરત એ થી ઝેડ સુધીના વિટામીનો લેવા લાગે છે. માણસનું શરીર તરફ વિશેષ ધ્યાન છે પણ મન દૂબળું બની જાય છે તે તરફ તેનું ધ્યાન નથી. શરીરની પુષ્ટી થવી જોઈએ તેમ જીવ સાથે જન્માંતર સુધી આવવાવાળા મનને પુષ્ટિ આપવી જોઈએ. કારણે "" — મન જ મનુષ્યનું સર્વ પ્રવૃત્તિનું મુળભૂત કારણ છે.

મનને પુષ્ટ કરવા માટે આજે સવારથી સાંજ સુધી ચાલતી રહેતી ગતાનુગતિક મૂર્તિપૂજા શું ઉપયોગી થશે કે? ભોગ - આરતી અને પ્રસાદમાં પૂરી થઈ જતી આજની ભક્તિ વિચારો અને વિકારોને દૂર કરી ચિત્તશુધ્ધિ કરી શકશે કે? આ બધી વાતોનો વિચાર આપણે કરવો જોઈએ. "નાના છોકરાઓની ઘરઘરની રમત જેવી મૂર્તિપૂજા ચાલે છે." આમ કહેનાર એક વર્ગ આપણે ત્યાં છે પરંતુ મૂર્તિપૂજામાં અદ્ભુત શક્તિ ભરેલી છે. તે માત્ર પ્રાથમિક અવસ્થાનું સાધન નથી પણ અધ્યાત્મની ટોચ સુધી લઈ જનારો અણમોલ માર્ગ છે. જેનાથી માણસ પોતાનો સર્વાંગીણ વિકાસ સાધી શકે છે.

એક શક્તિશાળી માણસ હતો. ગામમાં અવારનવાર ઝઘડાઓ થતાં. એટલે તેણે એક મોટી લાકડી ઘરમાં લાવી રાખી. થોડા દિવસ તો તેનો કંઈ ઉપયોગ ન થયો પણ તે અવારનવાર ઘરમાં આડી આવ્યા કરે. એક દિવસ તેમનો પાંચ વરસનો છોકરો તે લાકડીથી ઘોડો ઘોડો કરી રમવા જતાં પડી ગયો. તેને વાગ્યું. તેથી તે માણસની પત્ની ચીડાઈ ગઈ. તેણે લાકડીને ચૂલામાં સળગાવી દીધી. થોડા દિવસ પછી ગામમાં ઝઘડો થતાં પેલો માણસ ઘરમાં લાકડી શોધવા લાગી ગયો. લાકડી ન મળી. પત્ની કહે કે તે લાકડી તમારે શું કામની હતી? આપણો બાબો તેનાથી રમતા પડી ગયો. તેથી મેં તેને સળગાવી દીધી. પેલો માણસ નિરાશ થઈ બોલી ઉઠ્યો કે તે લાકડીમાં શું તાકાત છે તેની તે ન વાપરનારાઓને શું ખબર પડે? શક્તિશાળી માણસ તે વાપરવા લાગે તો લાકડીની શક્તિની ખબર પડે. લાકડી વાપરનારને જ જો સમજણ ન હોય તો લાકડીનો ઘોડો થઈ જાય. તે મૂર્તિપૂજાનું રહસ્ય. સમજવાની અક્કલ આપણી પાસે ન હોય તો તેનો પણ તમાશો થઈ જાય. મૂર્તિપૂજાની શક્તિ મૂર્તિપૂજા કરનાર માણસની સમજણ અને કૌશલ્ય પર અવલંબે છે.

કેટલાક લોકો મૂર્તિપૂજા એ એક પગથિયું (Stepping Stone) છે એમ કહે છે. મૂર્તિ જીવન વિકાસમાં આદિથી અંત સુધી આપણી જોડે રહે છે. માત્ર વીસ ફુટ સુધી જ પ્રકાશ ફેંકનારી બેટરી આપણને વીસ માઈલ સુધી પણ લઈ જાય છે. કારણકે આપણે જેમ જેમ આગળ વધીએ તેમ તેમ બેટરીનો પ્રકાશ આપણી જોડે જ આગળ વધતો જાય છે. બરાબર તેવું જ મૂર્તિપૂજાનું પણ છે. જીવન વિકાસના માર્ગમાં જેમ જેમ આપણે આગળ વધતા જઈએ તેમ તેમ મૂર્તિપૂજા આપણા માર્ગને નૂતન પ્રકાશથી પ્રકાશિત કરતી જાય છે.

આપણા દેશની એક વૈશ્વિક બુદ્ધિમાન વ્યક્તિએ ચાલતી રહેલી મૂર્તિપૂજા માટે રોષ ઠાલવતાં કહ્યું કે, "આ શું ભગવાનની ખુશામત ચાલતી રહેલી છે? સૃષ્ટિનો કોઈ ચોક્કસ સર્જક અને નિયંત્રક જરૂર છે તેમ હું બુધ્ધિથી માનું છું. પણ તેને માટે સવારે મંદિરમાં દોડીને દર્શન કરવા જવું એમાં મને લોકોની બાલીશતા દેખાય છે. આવડું મોટું વિશ્વ. તેમાં એક પૃથ્વીનો ગોળો. તેના ઉપર ત્રણ ભાગ ખાલી અને એક ભાગ જમીન. તેમાં એક એશિયા નામનો ખંડ. તેનો ભારત એક નાનો દેશ. આ દેશના એક ખાતામાં હું મંત્રી. હું પણ દરેક જણની ફાઈલ જોઈને જ ન્યાય આપું છું. મને કોઈ ખુશામત કરે તે પસંદ નથી તો આટલા મોટા વિશ્વના સર્જક ભગવાનની કોઈ ખુશામત કરે તો જ તે ખુશ થાય એ વાત માની શકાય તેવી નથી. મને તો મૂર્તિપૂજા દ્વારા લોકો ભગવાનની ખુશામત કરતા હોય તેવું લાગે છે.

આ રીતે ઘણા લોકોના મનમાં મૂર્તિપૂજા એટલે ભગવાનની ખુશામત કરવી - એ જ સમજણ છે. મૂર્તિપૂજા કરનાર અને તેનો વિરોધ કરનારને મૂર્તિપૂજા શા માટે છે તેની કલ્પના જ નથી.

મેં એ ભાઈને સમજાવ્યું કે મૂર્તિપૂજા એ ભગવાનની ખુશામત નથી કે ભગવાનના વખાણ નથી. તમે જે વાત કરી કે હું લોકોની ફાઈલ જોઈને ન્યાય આપીશ. જેનું કામ સારૂં હશે તે મુજબ નિર્ણય લઈશ તે વાત સાચી છે. પણ હું તમને પૂછું છું કે સારૂં કે ખરાબ કામ - આનો નિર્ણય કેવી રીતે લેશો? તેમણે કહ્યું, 'એ તો સરળ છે. સારૂં કામ સારૂં જ લાગે.' મેં કહ્યું, 'ના. આપણે ધારીએ એટલું તે સરળ નથી.' મારવું એ સારી વાત છે? ગુંડો મારે તો ખરાબ કહેવાય પણ મા મારે તો? ઉલટું, દીકરાને સુધારવા, મા ન મારે તો ખોટું કહેવાય. ધારો કે આખા ગામને પાણી મળે એટલા માટે જો કોઈ વ્યક્તિ કૂવો ખોદાવે તો? દેખીતું તે કામ સારૂં લાગે છે. ઉનાળામાં સૌને પાણીની તંગી વખતે પાણી મળશે. પણ છ મહિના પછી ગામની સુધરાઈની ચુંટણીમાં તે વ્યક્તિ ઊભો રહે અને 'કૂવો ખોદાવ્યો છે' તે કામ લોકો સમક્ષ મૂકી તેનાથી બધાના મત પડાવી લે તો? આ કામ સત્કર્મ કે વેપાર? આનો અર્થ એમ થયો કે સારૂં

કામ ખરાબ હેતુથી થાય તો કામ ખરાબ અને ખરાબ કામ સારા હેતુથી થાય તો સારૂં.

તે ભાઈએ કબૂલ કર્યું કે જરૂર, છેલ્લે તો કર્મનો હેતુ જ જોવો જોઈએ.

મેં કહ્યું, 'આ હેતુ કોણ નક્કી કરે? મનના વિચારેથી આ વાત નક્કી થાય, પણ શું તમને તમારૂં મન ખબર છે? મનને શુધ્ધ કરી શકો છો? તમારો હેતુ અંકુશમાં રાખી શકો છો? અહીં જ ભક્તિની જરૂર છે. આજે ચાલતી રહેલી મૂર્તિપૂજામાં તુલસીદળ કે બિલીપત્ર ચડાવવું એટલે ભક્તિ અથવા અગરબત્તી કે દીવો કરવો અને નૈવેદ્ય ધરાવવું એટલે ભક્તિ - આવી સમજણ થઈ છે. આ કર્મકાંડને જરૂર અર્થ છે પણ ભક્તિ આટલામાં જ પૂરી થઈ જાય છે તે કેટલે અંશે માની શકાય?

સેમેટિક ધર્મના (જેમ ખ્રિસ્તી, યહુદી, ઈસ્લામ વિ. ગણાવી શકાય) લોકોનો મૂર્તિપૂજાનો વિરોધ પણ થોડો તાર્કિક છે. તેઓ કંઈ નાસ્તિક નથી. તેઓનું કહેવું છે કે જે જગતનો સર્જનહાર પ્રભુ વ્યાપક છે અને સદ્‌ગુણોથી ભરેલો છે. આવા પ્રભુને મૂર્તિમાં જ માની લેવો તે તેની વિડંબના કરવા જેવું છે. આ વાતના સમર્થનમાં સેમેટિક લોકોની દલીલ સમજવા જેવી છે. તેઓ કહે છે કે મૂર્તિમાં ભગવાન માનીએ એટલે એમને આકાર આવી જાય, આકાર આવતા જ જગતનું વ્યાપક ચૈતન્ય સીમિત થઈ જાય. હવે આકાર આવતા જ તેને ઉત્પત્તિ આવે, ઉત્પત્તિ થઈ કે વિનાશ આવે જ. આકારથી આવેલી ઉત્પત્તિથી શરૂ કરીને વિનાશ આવે ત્યાં સુધીની વચ્ચેની સ્થિતિમાં તે ક્રમશઃ ઘસાવા લાગે. તેનું પતન થતું જાય. છેલ્લે તેનો નાશ થાય. આ પ્રક્રિયા દ્વારા સૃષ્ટિકર્તા પ્રભુની ઉત્પત્તિ, પતન અને અંતે નાશ પામવો તે પ્રભુની અવહેલના - વિડંબના કરવા જેવું છે.

સેમેટિક લોકોની આ દલીલ તર્કસંગત છે. તેમાં તેમનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ નીતરે છે અને ભક્ત અંતઃકરણની પ્રીતિ દેખાય છે. આ કારણે જ તેઓની મૂર્તિપૂજા માટે ચીડ છે. તેમનો આ વિરોધ, આ ચીડ, જ્યાં સુધી આપણે મૂર્તિપૂજાની શાસ્ત્રિયતા અને માનસશાસ્ત્રીય આવશ્યક્તા અને અગત્યતા ન સમજાવી શકીએ ત્યાં સુધી રહેશે જ. તેઓ પણ નાસ્તિક કે અભક્ત થોડા છે?

સેમેટિક લોકો અમને નાપાક કહે છે અને અમે તેમને નાપાક કહીએ છીએ. પરંતુ એકબીજાને નાપાક કહેવાવાળા બંને ઈશ્વરને માનવાવાળા ભક્ત અંતકરણના છે. મૂર્તિપૂજાનું શાસ્ત્રીય રહસ્ય જ કોઈ તેમને કહેતું નથી. શાસ્ત્રીય મૂર્તિપૂજા પાછી ઊભી થશે તો વૈયક્તિક જીવનમાંથી અને સામાજીક જીવનમાંથી વિઘ્નો ચાલ્યા જશે. બુધ્ધિગમ્ય રીતે મૂર્તિપૂજાની શાસ્ત્રીયતા જો ખરા અર્થમાં સમજાવવામાં આવે તો તેઓનો વિરોધ રહી જ ન શકે. તેવી જ રીતે ચીલાચાલુ મૂર્તિપૂજકો પણ બુધ્ધિથી સમજીને મૂર્તિપૂજા કરવા લાગે તો જરૂર તેમનું અંતઃકરણ પવિત્ર બને અને ચિત્તશુધ્ધિ થઈ શકે. મૂર્તિપૂજા એ સંપૂર્ણ શાસ્ત્ર છે. આ વાત જો બુધ્ધિથી કોઈને પણ સમજાવવામાં આવશે અને વિરોધીઓ પણ દિલ અને દિમાગથી સમજી લેશે તો તેમનો વિરોધ તો રહેશે જ નહીં. પણ શક્ય છે કે તેમનું ભક્ત હૃદય મૂર્તિપૂજા કરવા લાગશે.

***પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલેના પ્રવચનમાંથી***

## જ્ઞાતિ મંડળો - લોકશાહીની પ્રક્રિયામાં તેમનું મહત્ત્વ

**(અનુસંધાન : પાના નંબર-૮ ઉપરથી ચાલુ)**

વગાડતાં ઉકેલી આપશે. હા, આ માટે તમારે તમારા વિચારોમાં અને મંડળના બંધારણમાં ફેરફાર કરવાની પ્રક્રિયા શરૂ કરવા માટેની માનસિકતા કેળવવી પડશે.

સમસ્ત કંસારા સમાજ વાસ્તવમાં આપણી સમસ્ત જ્ઞાતિ માટે એક સબળ પ્લેટફોર્મ બની શકે છે. તેની ક્ષમતા વિભિન્ન કક્ષાએ એક દક્ષ નેતાગીરી પૂરી પાડવાની છે. જરૂર છે માત્ર વિચારવાનો તરીકો બદલવાની. આ તો વાત થઇ સમસ્ત સમાજની. હવે લોકશાહીમાં જ્યારે નાના-મોટા શહેરો ગામડા ગામમાં સોના ચાંદી કે ધાતુના કામો સાથે સંકળાયેલ વ્યક્તિઓની અનેક સમસ્યાઓ છે. પોતાના કામકાજમાં સાચું કરતા હોવા છતાં પણ, સમાજ અને માહિતીને અભાવે અનેક પ્રકારની કનડગત સહન કરવી પડે છે. એક સંગઠીત સમાજ તરીકે જ્ઞાતિ-વડિલો, જ્ઞાતિ મંડળના કાર્યકર્તાઓ અને નેતાઓ આપણા નાના નાના કારીગરો વ્યાપારીઓને થતી આવી કનડગત વખતે - યોગ્ય મદદ અને હૂંફ થકી હાલ બનવાનું કામ અવશ્ય કરી શકે અને એ રીતે સંગઠન - ઐક્ય પ્રતિ આમ જનતાની ભાવના મજબુત થશે.

લોકશાહીમાં જ્ઞાતિ મંડળો શું શું કરી શકે. એ બાબતના વિચારો હવે પછીના અંકમાં...

- **એક એસ.એમ.એસ. :**

*રીશ્તા બનાના ઈતના આસાન હૈ*
*જૈસે મીટ્ટી સે, મીટ્ટી પે, મીટ્ટી મીટ્ટી લીખના*
*મગર*
*રીશ્તા નિભાના ઈતના મુશ્કિલ હૈ*
*જૈસે પાની સે, પાની પર, પાની પાની લીખના.*

**"જ્યાં જ્યાં બોલાતી ગુજરાતી,**
**ત્યાં ત્યાં ગુર્જરની મોલાત"**

***— ખબરદાર***

*અમદાવાદની સ્થાપના તા. ૨૮-૨-૧૪૧૦ના થઈ. એટલે કે તા. ૨૮-૨-૨૦૧૦ના રોજ અમદાવાદ પૂરા છસ્સો વર્ષનું થયું. અમદાવાદને એની છટ્ઠી સદીના આરંભે અમદાવાદમાં વસતા આપણા સર્વે જ્ઞાતિ પરિવારોને અમદાવાદની ૬૦૦મી વર્ષગાંઠના હાર્દિક અભિનંદન.*

***મનુભાઈ કોટડીયા - પ્રમુખ***
***અતુલ સોની - મંત્રી***

# જ્ઞાતિ મંડળો – લોકશાહીની પ્રક્રિયામાં તેમનું મહત્વ

**તુલસીદાસ કંસારા - અમદાવાદ**

જ્ઞાતિ પ્રથા 'મનુ'ના સમયથી એક યા બીજી પ્રકારે ચાલી આવતી સંસ્થા છે. અને તાજેતરમાં જ એક પ્રવચન દરમિયાન કથાકાર શ્રી રમેશભાઇ ઓઝાએ કહ્યું તેમ પ્રાચીન કાળમાં પણ વર્ણપ્રથા કદીયે વોટરકાસ્ટ કમ્પાર્ટમેન્ટ જેવી હતીજ નહીં. એ પ્રથા તો કામની વહેંચણીના સિધ્ધાંત ઉપરથી નિષ્પન્ન થયેલ. એમણે કહ્યું કે બ્રાહ્મણ એટલે જે જ્ઞાનને વરેલ છે, અને પોતાના ગુજારો જ્ઞાનના સદુપયોગથી સામાજીક સિસ્ટમને વ્યવસ્થિત રાખે છે. પરંતુ એનો મતલબ એવો નહીં કે બ્રાહ્મણનો દિકરો બ્રાહ્મણ જ કહેવાય. જો તે પોતાની શારીરિક ક્ષમતા વધારે અને લડવૈયાનું કામ કરે તો તેની પેઢી ક્ષત્રિય કહેવાય કારણ કે તે ક્ષત્રિયનું કામ કરે છે અને ક્ષમતા મુજબ રાજા પણ બની શકે. આવી જ રીતે તેમણે જણાવ્યું કે જે અન્ય કક્ષાના કામો કરે છે - નોકરી કરી છે તેઓ બધા જ શુદ્ર કહેવાય અને ફરી નોકરી કરતા શુદ્ર પિતાનો પુત્ર વ્યાપાર કરે તો તે વૈશ્ય કહેવાય. આમ મુખ્ય ચાર વર્ણ વચ્ચે ખાસ ભેદ ન હતા. પરંતુ વખત જતાં મૂળ વિચારનો મનગમતો અર્થ કરી નાના મોટા વહીવટ કર્તાઓએ જ્ઞાતિ પ્રથાને એક, કદી જાણે બદલી જ ના શકાય તેવું સ્વરૂપ આપી દીધું અને બાકીનું કામ જે તે જ્ઞાતિના પટેલો કે આગેવાનો નેતાઓએ પૂરૂં કર્યું. જેમ જ્ઞાતિ બહાર મૂકવા સુધીનો ડર સામેલ થયો.

ગુજરાતના ખ્યાતનામ લેખક ગુણવંતરાય આચાર્ય તેમની ઐતિહાસિક કથાઓમાં વછીયાત કોમોનો ઉલ્લેખ કરે છે. જેમાં જેને આપણે આજે સર્વિસ સેક્ટર કરીએ છીએ તેવું કામ કરનાર લોકો – દરજી, મોચી, સુથાર, લુહાર, કંસારા, સોજા, કડીયા વિગેરે કારીગરોનો સમાવેશ થતો અને આ બધી જ્ઞાતિઓ બની, જેના અલગ અલગ મંડળો આજે કાર્યશીલ બની ગયેલ જણાય છે.

હવે આપણે વાત કરીએ લોકશાહીની. જેના સંદર્ભમાં આ મંડળો કેટલા ઉપયોગી સાબિત થઇ શકે?

પાયાના એકમ તરીકે લોકશાહીમાં ગ્રામ સ્તરે પંચાયતથી લઇને તાલુકા અને જીલ્લા સ્તર સુધી ૧૯૬૩-૬૪માં પંચાયતી રાજ થયા પછી લોકો દ્વારા વહીવટ ચાલવાની શરૂઆત થઇ અને રાજકીય પક્ષોનું ફલક વિસ્તરતું ગયું. કોઇ પણ લોકશાહીમાં નિર્ણયો લેવાની પ્રક્રિયા નિયમોને આધારિત હોય છે અને નિયમો, એટલે કાયદા કાનૂન અને તેનું અર્થઘટન અને મોટાભાગના લોકશાહીના એકમો, કેન્દ્ર સ્તરે પાર્લામેન્ટથી લઇને રાજય કક્ષાએ રાજયને લગતા કાયદાઓ ઘડવાનું કામ કરતા વિધાનસભા તેમજ શહેર, તાલુકા અને ગ્રામ કક્ષાએ કાર્ય કરતી મ્યુનિસિપલ કોર્પોરેશન, કે તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત સુધીની સંસ્થાઓ પોતપોતાની હકૂમતમાં આવતા પ્રદેશો કે કાર્યોને લગતા નિયમો અને તેના અમલીકરણનું કાર્ય સંભાળતી હોય છે.

સમાજની રચનામાં કુટુંબ સૌથી નાનું યુનીટ છે અને કુટુંબનો નિભાવ એક કુટુંબના મુખ્ય સભ્ય કે પુખ્તસભ્યો માટે સૌથી અગત્યનો પ્રશ્ન રહેતો હોય છે. જેને આપણે આર્થિક પ્રશ્ન કહી શકીએ. ત્યારબાદ આધુનિક જમાનામાં, ભરણ પોષણ પછી, ભણતર લગી અને સારા-નરસા સમય માટેની વ્યવસ્થા, જેમાં માંદગી, મરણ, વિધવા વિવાહ, સામાજિક પ્રશ્નો આવી શકે. પરંતુ સૌને સૌથી વધારે સતાવતો પ્રશ્ન હોય છે કુટુંબની અંદર સમજ શક્તિના અભાવે થતા ક્લેશ, કંકાશ અને મતભેદો, વિચાર ભેદો અને એમાંથી રસ્તો ના મળી શકે તો દુઃખદ અંત.

તો, જ્ઞાતિ મંડળોના વડિલો, આગેવાનો, આવી બાબતોમાં જો મધ્યસ્થી કરે અને દરેક કુટુંબને ઓળખતા હોય તેથી સાચી સલાહ આપે તો વકીલોના ખોટા ખર્ચા અને સરકારી દફતરોના ધક્કામાંથી સમયનો બચાવ થાય.

તેથી એક ડગલું આગળ વધીને સમાન કાર્યમાં રોકાયેલ વર્ગ દા.ત. શિહોર, વઢવાણ, નડિયાદ, જ્યાં હજીપણ કંસારા કારીગરોનો વિશાળ સમુદાય પરંપરાગત કારીગરીના કામોમાં રોકાયેલ છે, તેવી જગ્યાઓના મંડળો, સલાહ-સુચનથી સરકારી રાહે મળતી સવલતો, જેવી કે સહકારી મંડળીને કરવેરામાં છુટકારો, આવી મંડળીઓએ ઉત્પન્ન કરેલ માલ સામાન વેચાણ વ્યવસ્થા, તેમને જોઇતા કાચા માલની જોગવાઇ, ઇત્યાદિ વિશે વિગતો મેળવીને સ્થાનિક સભ્યોને લાભ અપાવી શકે અને પોતાના સંગઠનને મજબુત બનાવી શકે.

સમસ્ત કંસારા સમાજ ઓ.બી.સી. કે અધર બેકવર્ડ ક્લાસ, અન્ય પછાત વર્ગ તરીકેની સરકારશ્રીમાંથી માન્યતા મેળવવા પ્રયાસો કરી રહ્યું છે. આ પ્રશ્ન ખરા અર્થમાં પ્રશાસકીય છે. જેને ઉકેલવા માટે જરૂર છે ધીરજ અને શાણપણની અને તેટલી જ જરૂર છે હોમ વર્કની. અત્યાર સુધીના અનુભવ ઉપરથી જણાય છે કે આ અંગે 'હોમ વર્ક' ઓછું થયું છે. સમસ્ત કંસારા સમાજની જ્યારે મીટીંગ ભરાય ત્યારે આ મુદ્દો ચર્ચાની એરણે ચડે. પરંતુ ચર્ચા પછી કોઇ સભ્ય દ્વારા એના પર વધુ વિચાર કે નક્કર કાર્ય થતું નથી. અહીં થોડો વિચારભેદ પણ છે. કંસારા સમાજની કાર્ય પધ્ધતિમાં. જે કામ સોંપવાનું છે તે માટે જે સિસ્ટમ જોઇએ તે સિસ્ટમનો અભાવ, માળખાનો અભાવ. દરેક જગ્યાએ નેતાઓ, પ્રમુખ, મંત્રી કે ખજાનચી ના પહોંચી શકે. કારોબારીના સભ્યો વિચારો આપી શકે, પરંતુ દોડી ના શકે, તો શું કરવું?

આવા સવાલો નેતાગણમાંથી ઉઠે. પરંતુ જે કાર્ય ઉપાડેલ છે, તે વ્યાજબી જ છે. માત્ર એ માટેનો રસ્તો ઉપરથી નીચે ઉતરવાનો નથી પરંતુ ગ્રામ્ય અને તાલુકા સ્તરેથી અમદાવાદ/ગાંધીનગર પહોંચવાનો છે. તો આ કામના આરંભથી જ ગ્રામ્ય કે તાલુકા કક્ષાના મંડળોના સક્રિય સહયોગથી જ થઈ શકે. અને એ કક્ષાએથી જ સામાજીક, રાજકીય ટેકો મેળવવા પ્રયાસ થવો જોઈએ.

આ માટે જરૂર જણાય તો સામાજીક સંગઠને એની કાર્ય પધ્ધતિ લોકશાહીને અનુરૂપ કરવી પડે. જરૂર જણાય તો બંધારણમાં પણ આવશ્યક સુધારા લાવવા પડે. "આ મંડળ આપણું છે અને આપણા માટે કાર્ય કરે છે" એવી ભાવના થવી જ જોઇએ. જેને અંગ્રેજીમાં કહે છે "Sanse of belonging." જો તમે સમસ્ત કંસારા સમાજ, એના પ્રત્યેક ઘટક - મંડળને ઍડોપ્ટ કરો, તેમના પ્રમુખ અને/અથવા મંત્રીને યોગ્ય સ્થાન આપો તો તેઓ તમારૂં સામાજિક એકીકરણનું ધ્યેય તો પાર પાડશે જ. પણ સાથે સાથે એક જબરદસ્ત પ્રેસર ગ્રુપ બનશે જે ઓ.બી.સી.નો પ્રશ્ન તો ચપટી

**(અનુસંધાન : જુઓ પાના નંબર-૭ ઉપર)**

# ગુરૂનો મહિમા

*પહેલા કોને સમરીયે વળી કોના લીજીયે નામ માત પિતા ગુરૂદેવને લીજીયે અલખ ધણીના નામ*

*ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂદેવો મહેશ્વર ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ*

તો ગુરૂને પરબ્રહ્મ કહેતા શિષ્યો એ જ આપણી સંસ્કૃતિ છે. ગુરૂનું સ્થાન ભગવાનથી પણ ઊંચું કહેવાયું છે. આજે પણ આપણા દેશમાં ઘણા ગુરૂકુળો ચાલે છે અને તેમાંથી ઉચ્ચ કોટીની વિદ્યા મેળવી અને વિદ્વાનોએ આપણી સંસ્કૃતિ, પરંપરા, ધર્મ, સમાજ સુધારા અને આપણા દેશ માટે પ્રયત્ન કરી રહ્યા છે અને આપણા ગુરૂદેવો પણ ખાલી શિક્ષા આપી એવું નહીં, પણ દેશ માટે, ધર્મ માટે બલિદાનો આપ્યા છે. ગુરૂ પાસે જે ઉપદેશ મળે છે તે સનાતન ધર્મનો હોય છે. ભલેને ગુરૂનો પંથ જે ધર્મનો હોય પણ ગુરૂ પ્રત્યેની શ્રધ્ધા આપણા જીવનને સફળ બનાવે છે. એ જ શ્રધ્ધા અને ભક્તિનો એક મહિમા આપણે જોઈએ.

એક વખત રાજાના દરબારમાં રાજાએ ઘોષણા કરી કે આપણા રાજ્યમાં જેટલા ચિત્રકાર છે તે પોતાની કલા રજૂ કરે અને જેનું ચિત્ર સારૂં હશે તેને રાજ્ય તરફથી ઈનામ આપવામાં આવશે. બીજે દિવસે રાજ્યમાં ગામડે - ગામડે ઢંઢેરો પીટાવ્યો કે આટલી મુદત સુધી બધા ચિત્રકારોએ પોતાનું ચિત્ર રજૂ કરવું. દરેક ચિત્રકારે ચિત્ર બનાવી રાજ દરબારમાં મોકલી આપ્યા. રાજા, મંત્રીગણ, દરબારીએ બધા ચિત્રોને જોયા. એક એકથી ચડિયાતા ચિત્રો જોતા રાજાની નજર એક ચિત્ર પર પડી. એમાં શંકર ભગવાન નત મસ્તક મુદ્રામાં અને પાર્વતીજી તાળી પાડતા અને હાસ્ય મુદ્રામાં છે. વળી વાઘ અને બળદ ભાગતા જોઈ રાજા એકદમ ગુસ્સે થઈ ગયા અને મંત્રીને કહ્યું કે આ ચિત્ર જેણે બનાવ્યું હોય તેને મારી પાસે હાજર કરો અને પછી તેને મૃત્યુદંડ આપો. કારણકે રાજા શિવભક્ત હતો. તેથી ભગવાનને નતમસ્તકે જોતાં તેનું હૃદય દ્રવી ઉઠ્યું. ચિત્રમાં ભગવાનની આ મુદ્રા તેનાથી સહન ન થઈ. અને આ વાત પેલા ચિત્રકાર પાસે પહોંચી ગઈ. પેલો ચિત્રકાર ગભરાઈ ગયો કે હવે મારે શું કરવું? તેને પોતાનું મૃત્યુ સામે દેખાયું. હવે આવા સંકટમાંથી બચાવી શકતું હોય તો તે છે ગુરૂ અને તે પોતાના ગુરૂ પાસે ગયો. બધી હકીકત કહી ત્યારે ગુરૂજીએ આશ્વાસન આપતા કહ્યું કે ચિંતા કરવાની જરૂર નથી, હું તારી સાથે આવું છું. ચિત્રકાર અને ગુરૂજી જ્યાં કલાની પ્રદર્શની હતી ત્યાં ગયા અને રાજાને કહ્યું કે આ ચિત્રની જે વિશિષ્ટતા છે તે તમે સાંભળો. પછી તમને જે યોગ્ય લાગે તે દંડ આપો. અને ગુરૂજીએ પેલા ચિત્રની વાત રજૂ કરી.

એક વખત પાર્વતીજી શંકર ભગવાનને કહે કે, પ્રભુ મને તમારી સેવા કરવી છે, તમારા ચરણ દબાવવા છે. શિવજીએ કહ્યું, કેમ સતી, આમ અચાનક તમને મારી સેવા કરવાનો વિચાર આવ્યો? કારણ તમે જાણો છો હું કોઈ પાસે સેવા કરાવતો નથી. અને તમે સેવાની વાત કરો છો. ત્યારે પાર્વતીજીએ કહ્યું કે ભગવંત, હું તમારી સેવા કરૂં તો મને પણ દેવી લક્ષ્મીજી અને દેવી સાવીત્રીની જેમ વૈભવ, રાજમહેલ, નોકર-ચાકર બધું જ મળે કારણ લક્ષ્મીજી સદા વિષ્ણુની સેવામાં અને સાવિત્રી બ્રહ્માની સેવામાં હોય છે. ત્યારે શંકર ભગવાને પોતાની જટામાંથી એક વાળ કાઢી પાર્વતીજીને આપ્યો કે આ વાળ લઈને તમે કુબેર પાસે જાઓ. પાર્વતીજી કુબેર પાસે ગયા અને શિવજીની જટાનો એક વાળ કુબેરને આપ્યો અને કહ્યું કે આ વાળની જે કિંમત થાય એટલું ધન મને આપો. કુબેર તો નમસ્કાર કરી બોલ્યા, માતા, આ વાળની કિંમત જેટલા મારા ખજાનામાં ધન નથી. પણ આવા હજાર કુબેરના ખજાના પણ આ વાળની કિંમત આંકી નથી શકવાના. તો મને માફ કરશો. પાર્વતીજી તો આવ્યા કૈલાસ અને શંકર ભગવાનને કુબેરની વાત કહી સંભળાવી અને કહ્યું, કે પ્રભુ તમારી જટાનો એક વાળ જે કુબેર એની કિંમત નથી આંકી શક્યો તો રોજ કેટલાય વાળ સવારના કચરો વાળતા તેમાં જોવા મળે છે. એટલું પાર્વતીજી બોલ્યા અને શિવજી હસવા લાગ્યા. હસતા હસતા તેઓ લોટપોટ થઈ ગયા અને ઘુંટણભેર બેસી ગયા. મસ્તક ઝુકી ગયું અને મસ્તકમાંથી અમૃતનું બિંદુ નીચે પડ્યું. ભોળાનાથ જે વાઘ ચર્મ પર બિરાજમાન હતા તેના પર તે અમૃતબિંદુ પડ્યું અને વાઘ જીવતો થઈ ગયો અને ભાગવા લાગ્યો. તેને જોઈ નંદી પણ ભાગવા લાગ્યો. આવું દ્રશ્ય જોઈ પાર્વતીજી તાળી વગાડવા લાગ્યા.

ચિત્રકારના ગુરૂજીએ કહ્યું કે, રાજા, આ ચિત્રની આ વિશિષ્ટતા છે. હવે તમારે જે નિર્ણય કરી દંડ આપવો હોય તે આપો. રાજાએ ગુરૂજી પાસેથી ચિત્રની વાત સાંભળી ખુશ થયો અને ચિત્રકારને પ્રથમ ઈનામ જાહેર કર્યું. જે ઈનામ આપવાનું હતું તેનાથી પણ વિશેષ આપ્યું. આ હતો ગુરૂનો મહિમા. તો ગુરૂ એક આફતમાંથી નહીં પણ ભવસાગર પાર કરાવે, ત્રિવિધના તાપમાં ગુરૂજી શીતળ સમાન છે. ગુરૂનો મહિમા આપણે શું વર્ણવી શકીએ? કહે છે કે પારસમણિ લોઢાને સુવર્ણ બનાવે પણ ગુરૂજી તો દુષ્ટ મનુષ્યને પણ સુવર્ણ બનાવે છે.

*પ્રથમ નમું ગુરૂદેવને, જેણે આપ્યું નિજ વ્રત*
*જ્ઞાન ગુરૂને ઓળખ્યા, ટાળ્યું દેહ અભિમાન.*

*આ સુંદર લેખના લેખક/લેખિકાને વિનંતી છે કે તેમનું નામ ન હોવાથી લેખ સાથે તેમનું નામ પ્રકાશિત થયું નથી. તેઓ તેમનું નામ જણાવે. તેમજ ભવિષ્યમાં લેખના મથાળા નીચે પોતાનું નામ તેમજ લેખના અંતે પોતાનું પૂરૂં સરનામું અવશ્ય લખે.*

*આવો સરસ લેખ આપવા બદલ આભાર. 'જ્ઞાતિસેતુ'ના લાભાર્થે ફરીથી અવશ્ય લખશો.*

*– મુખ્યતંત્રી*

## ભુજના લાણેદારો જોગ નિવેદન

*માનનીય જ્ઞાતિજનો,*

જય માતાજી સાથે જણાવવાનું કે, જ્ઞાતિ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરીકેનું પ્રથમ વર્ષ શ્રી મહાકાલીકા માતાજીની કૃપાથી તેમજ આપ સૌના સાથ સહકારથી પૂરો કરવા જઈ રહ્યા છીએ અને હવે પછીના વર્ષમાં આપના તરફથી તન, મન, ધનથી પૂરતો સહકાર મળશે તેવો અમને પૂર્ણ વિશ્વાસ છે. આપના તરફથી મૂકવામાં આવેલો વિશ્વાસ દિવસે ને દિવસે વધારે મજબુત કરતા રહીશું તેની ટ્રસ્ટ કારોબારી તરફથી ખાત્રી આપીએ છીએ.

પહેલા વર્ષમાં અમે શું કાર્યો કર્યા તેનાથી આપ સૌ વાકેફ છો. હવે શું કરવા માંગીએ છીએ તે વિશે જણાવવાનું કે, મેડિકલ કાયમી ફંડની રચના કરવાની છે. કેમકે આપણા સમાજમાં ઘાતક રોગોનું પ્રમાણ વધતું જાય છે, જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. અલબત્ત મેડિકલ સાયન્સ માટે દર્દીને રોગમુક્ત કરવા એ કોઈ મોટી બાબત નથી. પરંતુ તે અંગે કરવો પડતો ખર્ચ ખૂબ ભારે હોય છે. જેને પહોંચી વળવું આર્થિક રીતે નબળા પરિવારો માટે ખૂબ જ મુશ્કેલ હોય છે. આર્થિક કારણોસર સારવાર ન કરાવી શકાય અને જીંદગી સામે જોખમ ઊભું થાય તેવો સમય ના આવે તે માટે મેડિકલ કાયમી ફંડની રચના કરવી જરૂરી છે. તે માટે તા. ૨૩-૧-૨૦૧૦ના યોજાયેલી કારોબારીની મિટીંગમાં તે અંગેના ઠરાવને સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે. જે ઠરાવને ધૂળેટીના રોજ યોજાનારી સામાન્ય સભામાં બહાલી મેળવવા માટે રજૂ કરવામાં આવશે.

"મેડિકલ કાયમી ફંડ સમિતિ" અંગે માહિતી આપવાની કે તે સ્વતંત્ર એકમ તરીકે કાર્ય કરશે. જે રીતે શૈક્ષણિક કાયમી ફંડ સમિતિ કાર્યરત છે. અલબત્ત તે અંગેના નિયમોમાં ફેરફાર હશે. ફંડમાં જે રકમ એકત્ર થશે તે અલગ-અલગ થાપણોમાં રોકાણ કરવામાં આવશે. તેનું જે વ્યાજ આવશે તેનો જ મેડિકલ હેતુ માટે ઉપયોગ કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

મેડિકલ તેમજ શૈક્ષણિક ફંડમાં વરસોવરસ વધારો થાય તે માટે સર્વે લાણેદાર સભ્યોને સહાય બોક્સ આપવામાં આવેલા છે. તેની જે આવક થશે તે બંને ફંડમાં સરખે હિસ્સે જમા કરવામાં આવશે. તે ઉપરાંત આપ સૌ તરફથી અવારનવાર આ ઉમદા હેતુ માટે સહકાર મળતો રહેશે તેની અમને ખાત્રી છે. આ રીતે બંને ફંડમા દર વર્ષે વધારો થતો રહેશે તેમ તેમ સેવાનું ફલક વિસ્તરતું જશે. ૨૪મા સમૂહ લગ્નોત્સવમાં મેડિકલ કાયમી ફંડની રચના કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી અને દાતાશ્રીઓ તરફથી સારી એવી રકમના દાનની જાહેરાત પણ કરવામાં આવી છે. તેનાથી આપ સૌ વાકેફ છો. ટુંક સમયમાં આ માટે આપ સૌને રૂબરૂ મળીશું. અમને પૂર્ણ વિશ્વાસ છે કે આપ સૌ દાનની ગંગા વહેવડાવી જબરદસ્ત આર્થિક સહકાર આપશો.

જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી પ્રથમ વખત શૈક્ષણિક તેમજ મેડિકલ સહાય માટે લાણેદારોને સહાય બોક્સ વિતરણ કરવામાં આવ્યા છે. પ્રથમ વર્ષે આપ સૌ પાસેથી અમોએ જે આશા રાખી છે તેવો સહકાર જરૂર મેળવી શકીશું તેવો અમને વિશ્વાસ છે. આપ સૌને ખાસ જણાવવાનું કે શૈક્ષણિક તેમજ મેડિકલ સહાય આર્થિક - નબળા જરૂરિયાતમંદ લાણેદાર જ્ઞાતિજનોને જ આપવામાં આવે છે.

ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને લોન આપવાનો તેમજ હોસ્પિટલનો પ્રોજેક્ટ વિચારણામાં છે. પરંતુ તેનો બધો જ આધાર શૈક્ષણિક તથા મેડિકલ કાયમીફંડ તથા સહાય બોક્સ મારફતે કેટલી રકમ એકત્ર કરી શકીએ છીએ તેના ઉપર આધારીત છે. શ્રી મહાકાલીકા માતાજીની કૃપાથી તેમજ આપ સૌના આર્થિક સહકારથી આ પ્રોજેક્ટ પણ ચોક્કસ ઝડપથી અમલમાં મૂકી શકીશું.

બીજી મુખ્ય બાબત છે સમાજના નબળા વર્ગને પગભર કરવાની. આ માટે જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી ગૃહ-ઉદ્યોગ જેવું સ્થાપિત કરી ખાધા-ખોરાકીની વસ્તુઓ બનાવી વ્યાજબી ભાવથી વેચાણ કરવું જેનો ૭૫% નફો મહેનત કરનારનો અને ૨૫% નફો રોકાણ

*ભુજ જ્ઞાતિ મંડળ દ્વારા એમના સમસ્ત (૧૧૬૦) લાણેદારો જોગ એક નિવેદન બહાર પાડવામાં આવ્યું છે, જેમાં ભુજ જ્ઞાતિને અનુલક્ષીને મહત્ત્વના મુદ્દાઓ સ્પષ્ટ રીતે ચર્ચાયા છે : (૧) નબળા વર્ગની રાહત માટે મેડિકલ કાયમી ફંડ, (૨) નબળા વર્ગને પગભર કરવા, 'ગૃહ ઉદ્યોગ' પ્રોત્સાહન અને (૩) 'જીવનસાથી શોધ' માર્ગદર્શન મુખ્ય છે. ભુજ જ્ઞાતિની આ અપીલ એમના મંડળના લાણેદારો પૂરતી જ છે, તેમ છતાં ચર્ચિત મુદ્દાઓ આપણા સમસ્ત જ્ઞાતિ પરિવારોને સ્પર્શે છે. ભુજ જ્ઞાતિની આ 'પહેલ' પરથી અન્ય શહેર / ગામના આપણા જ્ઞાતિ મંડળો, દાખલો લઈ એમના 'લાણેદારો'ના સહકારથી જે તે જ્ઞાતિ મંડળની ક્ષમતા અને આવશ્યક્તા અનુસાર (વિશેષતઃ નબળા વર્ગને નજર સમક્ષ રાખીને) આવી જન-હિત લક્ષી પ્રવૃત્તિનું આયોજન વિચારી શકે છે. સામાજીક વિકાસનો એક સર્વમાન્ય સંદેશ છે : "Think Globally Act Locally" "વૈશ્વિક-વિચાર, સ્થાનિક સ્વીકાર." પ્રત્યેક સમાજની એની આગવી આવશ્યક્તાઓ હોય છે, જેની પૂર્તિ માટે સ્થાનિક - ક્ષમતા-સીમા હોય છે. નબળા વર્ગ માટે 'મેડિકલ-રાહત' અને રોજગારલક્ષી બાબત આજની સર્વવ્યાપી સમસ્યા છે. સમાજ એના સભ્યોની આવી સમસ્યાઓ પ્રત્યે વિચાર કરતો થાય અને એ વિચાર વહેતો થાય પછી આપોઆપ એના ઉપાયો મળતા થાય છે. ક્યાંક આ પ્રક્રિયા ઝડપી હોય તો ક્યાંક સંયોગવશ ધીમી. પરંતુ વિચારનું વાવેતર - યોગ્ય વર્ષા થાય તો ક્યારેય નિષ્ફળ જતું નથી.*

***હંસરાજ કંસારા - મુખ્ય તંત્રી***

કરનારનો. એટલે જ્ઞાતિ ટ્રસ્ટનો મતબલ કે ટ્રસ્ટ રોકાણ કરવા તૈયાર છે. જોઈતી સગવડો આપવા પણ તૈયાર છે અને દરેક બનાવવાની વસ્તુઓની રેસીપી પણ આપશે. જેથી એક જ જાતની ક્વોલીટી - શુદ્ધતા જાળવી શકાય. ૨૫% નફો જ્ઞાતિ ટ્રસ્ટ મેળવશે તે તેના જ વિકાસ માટે વાપરવામાં આવશે. તેમજ ગૃહઉદ્યોગ તરીકે સરકાર તરફથી મળતા અનેક જાતના લાભો પણ આપણે મેળવી શકીશું.

ગૃહઉદ્યોગ સ્થાપિત કરવા માટે ઘણી ઘણી બાબતો વિચારવાની હોય છે. અને તે અંગેના નિયમો પણ બનાવવાના હોય છે. તે માટે જ્ઞાતિ ટ્રસ્ટ તૈયાર છે. ફક્ત ધગશથી અને સાચી દિશામાં પગભર થવા ઈચ્છતા હોય તેવા જ્ઞાતિના ભાઈ-બહેનો આગળ આવે અને તેઓના સલાહ-સૂચનો અમને જણાવે. આ ઉપરાંત સર્વે જ્ઞાતિજનોને વિનંતી છે કે આ અંગેની કંઈપણ જાણકારી તમારી પાસે હોય તો જ્ઞાતિ ટ્રસ્ટને જણાવે. આ માટે જ્ઞાતિ ઓફિસમાં પ્રમુખશ્રી, હોદ્દેદારો, કારોબારી સભ્યોમાંથી કોઈ પણને રૂબરૂ મળે. જેથી તમારા સલાહ-સૂચનો મેળવી યોગ્ય નિર્ણય કરી શકાય. અમે આ બાબતે ખૂબ જ આશાવાદી છીએ કે આપણા સમાજના અનેક પરિવારોને પગભર કરી શકીશું.

સગાઈના રીવાજમાં પરિવર્તન કર્યા બાદ ઘણા જ્ઞાતિજનો તરફથી સગાઈ કરાવવામાં મદદરૂપ થવા માટે દબાણ થઈ રહ્યું છે કે આપણા સમાજમાં ઘણા યુવક-યુવતીઓ મોટી ઉંમરના થવા છતાં પણ પોતાના જીવનસાથી શોધી શકતા નથી. અલબત્ત તે માટે અનેક કારણો હોય છે. આપણે તે બાબતે ઊંડા ન ઉતરતાં એટલું જરૂર કરી શકીએ કે જેવી રીતે દીકરા-દીકરીઓ માટે જીવનસાથી શોધવામાં વચ્ચેની વ્યક્તિ બરાબર હોય તો કામ સરળ થઈ જાય છે તે પોઈન્ટ ઉપરથી એવું વિચારવામાં આવ્યું છે કે જ્ઞાતિ ટ્રસ્ટે નિર્દેશ કરેલ માહિતી / અરજી ફોર્મ જે જ્ઞાતિજન તરફથી ભરી આપવામાં આવશે તેમના વતીથી, તેઓના ખર્ચે ન્યુઝ પેપરમાં એક જાહેરાત આપવામાં આવશે. તેને અનુલક્ષીને કોઈ ઈન્કવાયરી આવશે તો બંને પક્ષોની બેઠક વ્યવસ્થા જ્ઞાતિની ઓફિસમાં કરી આપવામાં આવશે અથવા તેઓને જ્યાં અનુકૂળતા હોય ત્યાં બેઠક યોજી શકશે. હકારાત્મક પરિણામ આવવાથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. આ માટે કોઈ પણ એક પક્ષ ભુજ જ્ઞાતિનો લાણેદાર હોવો જરૂરી છે. લાણેદારોને આ સેવાનો લાભ લેવા વિનંતી.

એવું નક્કી કરવામાં આવ્યું છે કે ભુજ જ્ઞાતિ ટ્રસ્ટના લાણેદારો પાસેથી જે કંઈ ફંડફાળો મળે પછી તે શૈક્ષણિક-મેડિકલ સહાય બોક્સ હોય, પાટોત્સવ ફંડ હોય, સમૂહલગ્ન પ્રસંગે ચાંદલો આવ્યો હોય કે અન્ય કોઈપણ પ્રકારના ડોનેશન આવ્યા હોય તો તેની સંપૂર્ણ જાણકારી લાણેદારોને આપવી. તે માટે લાણેદાર નંબર / લાણેદારનું નામ / ગામ તથા આપેલી રકમ દર્શાવતું બોર્ડ માતાજીના મંદિરમાં ૧૫ દિવસ સુધી મૂકીને આપ સૌને જાણકારી આપવાનો પ્રયત્ન કરવામાં આવશે.

આપ સૌને ભલામણ કરવાની કે ભુજ સિવાયના અન્ય કોઈપણ ઘટકોના ટ્રસ્ટીઓ, યુવક મંડળ, મહિલા મંડળ કે અન્ય કોઈ મંડળના હોદ્દેદારો કોઈપણ સમાજ હિતના કાર્યો કે શુભ કાર્યો માટે ફંડફાળો લેવા આવે તો યથાશક્તિ ફંડ ફાળો આપશો. પરંતુ તે માટે ભુજ જ્ઞાતિ ટ્રસ્ટ પાસેથી લેખિત પરમિશન મેળવવી જરૂરી છે. જો તેઓ લેખિત પરમિશન રજૂ કરી શકે તો જ ફંડફાળો આપવો. નહિંતર જ્ઞાતિ ટ્રસ્ટ પાસેથી પરમિશન મેળવવા જણાવવું. માટે ફંડફાળો આપતા પહેલાં પરમિશન બાબતે ખાસ ચોક્સાઈ કરવા વિનંતી.

આપ સૌને નમ્રતાપૂર્વક જણાવીએ છીએ જે બાબતે શાંતિથી વિચાર કરશો અને અમારી ફરિયાદ દૂર કરશો. પહેલાં તો જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી જે નિયમો બનાવવામાં આવે છે તે સમાજના હિતમાં બનાવવામાં આવે છે. તે માટે દરેક જ્ઞાતિજનોએ પૂરતો સહકાર આપી નિયમોનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. બીજું આપણા ઘટકના ૧૧૬૦ લાણેદારો છે. આપણે વર્ષોથી જોઈએ છીએ કે સમાજના નાના મોટા કાર્યોમાં ઘણા ઓછા લાણેદારો ભાગ લે છે. આવું શા માટે? કોઈપણ સમાજહિતના કાર્યો હોય, મેડિકલ ક્ષેત્રે મદદની જરૂર હોય, શૈક્ષણિક ક્ષેત્રે મદદની જરૂર હોય, સમૂહ લગ્નોત્સવ હોય, માતાજીનો પાટોત્સવ હોય, કે અન્ય નાના મોટા પ્રસંગોએ આપની મદદની જરૂર હોય ત્યારે શા માટે પીછેહઠ કરો છો? હા, એ એક હકીકત છે કે સમાજના દરેક કાર્યો વ્યવસ્થિત રીતે, યોજનાબધ્ધ રીતે પાર પડે છે. પછી તે મંદિર બાંધકામ હોય, લગ્નવાડી બાંધકામ હોય, સમૂહલગ્ન હોય કે પ્રોપર્ટી ડેવલપ કરવાની હોય કે અન્ય કોઈપણ નાના મોટા કાર્યો હોય તે બધા જ ટીમવર્કના કારણે સફળતાપૂર્વક પાર પડેલા છે અને પડતા રહેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. પરંતુ દરેક લાણેદારો પોતાની ફરજ સમજીને જ્ઞાતિ ટ્રસ્ટને સાથ સહકાર આપતા હોય તો આપણે ઘણી બાબતોમાં વિકાસ કરી શકીએ તેમ છીએ. માટે તમારી પવિત્ર ફરજ સમજીને સમાજને વિકાસના પંથે લઈ જવા મદદરૂપ બનો તેવી પ્રાર્થના.

અમે દરેક ક્ષેત્રે સમાજહિતના કાર્યો વિચારી રહ્યા છીએ અને તે અંગેના દરેક પાસાઓનો વિચાર કરી એક પછી એક અમલમાં મૂકવા માંગીએ છીએ અને મૂકીશું. અમને એટલે જ્ઞાતિ ટ્રસ્ટને વચન જોઈએ છીએ કે તમે આગળ વધો, અમે તમને તન-મન-ધનથી સહકાર આપવામાં ક્યારેય પણ પીછેહઠ કરીશું નહિં. અમે પણ વચન આપીએ છીએ કે દરેક ક્ષેત્રે સમાજનું નામ રોશન કરીશું અને સમાજને વિકાસના પંથે લઈ જઈશું. તેમજ સમાજમાં જાગૃતિ લાવવા પ્રયત્નશીલ રહી સમાજનું ઋણ ચૂકવશું.

સહકારની વાત આવે છે તો અમે ગર્વ લઈ શકીએ છીએ કે યુવક મંડળ અને મહિલા મંડળ (ભુજ અને માધાપર) જ્ઞાતિ ટ્રસ્ટના હાથપગ છે. જેના કારણે જ જ્ઞાતિ ટ્રસ્ટ સમાજહિતના કાર્યો કે અન્ય કોઈપણ કાર્યો હોય તે વગર હિચકિચાટે કરી શકે છે. જ્યારે તમે તો સૌ જ્ઞાતિજનો જ્ઞાતિ ટ્રસ્ટ રૂપી ઝાડના મૂળ છો. તમારે તો તેને દિવસે દિવસે મજબૂત અને વિકાસશીલ બનાવવાની ફરજ બજાવવાની છે. અમને પૂર્ણ વિશ્વાસ છે કે તમે તમારી ફરજો નિષ્ઠાપૂર્વક બજાવશો.

ધૂળેટીના રોજ યોજાનારી સામાન્ય સભામાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહી, મૂકવામાં આવનાર ઠરાવોને સર્વાનુમતે બહાલી આપી અમને પ્રોત્સાહિત કરશો.

***પ્રમુખશ્રી કિશોરભાઈ જે. ચનાણી તથા***
***સર્વે હોદ્દેદારો તથા કારોબારી સભ્યો***

## શ્રી માંડવી નગર સેવા સદન દ્વારા માંડવી જ્ઞાતિની પ્રતિભાસંપન્ન મહિલાનું વિશિષ્ટ સન્માન

*અમને જણાવતાં ગૌરવ અને હર્ષ થાય છે, કે તાજેતરમાં આપણી જ્ઞાતિનાં એક પ્રતિભા સંપન્ન મહિલાનું માંડવી નગર સેવા સદન દ્વારા બહુમાન કરાવામાં આવ્યું હતું. આ પ્રતિભા સંપન્ન મહિલા છે, શ્રીમતિ મીનાબેન. આ અવસરે એમને હાર્દિક અભિનંદન આપતાં જ્ઞાતિ ગૌરવ અનુભવે છે. આપણી અને જ્ઞાતિની આ પ્રતિભા સંપન્ન મહિલાનો પરિચય સંક્ષેપ પ્રસ્તુત કરે છે.*





શ્રીમતી મીનાબેન, માંડવી જ્ઞાતિના ઉપપ્રમુખ શ્રી સંજય મનસુખલાલ બુધ્ધભટ્ટીનાં ધર્મપત્ની છે. દિનાંક ૯-૨-૧૦ને રોજ માંડવી નગરે એનો ૪૩૦મો જન્મ દિવસ ધામધૂમથી ઉજવ્યો હતો. આ ઉજવણીના ભાગરૂપે માંડવી નગર સેવા સદન દ્વારા નગરની પ્રતિભાઓનું સન્માન કરાયું હતું. શ્રીમતી મીનાબેન એમાંના એક હતા. માંડવી નગરપતિ શ્રી અનિરૂધ્ધભાઇ દવેના વરદ્હસ્તે તા. ૯-૨-૧૦ મંગળવારના માંડવી શહેરના ૪૩૦મા સ્થાપના દિવસના શુભ અવસરે શહેરના પ્રથમ દસ નિયમિત કરદાતાશ્રીઓમાંના ત્રીજા ક્રમાંકે સન્માનિત કરવામાં આવ્યા હતા.

શ્રીમતી મીનાબેન રોટરેક્ટ નવરાત્રી-માંડવી વર્ષ ૧૯૯૩-૯૪ તથા ૧૯૯૪-૯૫ બંને વર્ષે પ્રિન્સેસની પ્રતિયોગીતા ચાંદીની ટ્રોફી સાથે પ્રથમ ક્રમના વિજેતા બન્યા હતા તેમજ માંડવી ભગિની મંડળ ગ્રેજયુએટ વિમેન્સ એસોસિએશન આયોજીત ગરચોળા હરિફાઇમાં દ્વિતીય ક્રમે વિજેતા રહ્યા હતા. તદ્ઉપરાંત મીનાબેને આલાપ નગર મહિલા મંડળ આયોજીત બેસ્ટ મેચીંગ સ્પર્ધાના પ્રથમ વિજેતા, રોટરેક્ટ ક્લબ આયોજીત ફ્રુટ ડેકોરેશનમાં પ્રથમ તથા સલાડ ડીશ ડેકોરેશનમાં પ્રથમ ક્રમાંક મેળવી અને ભજન-સ્તવન હરિફાઇમાં પ્રથમ વિજેતા બની, પ્રથમ ક્રમાંક પર સતત અધિપત્ય જાળવી રાખ્યું છે. શ્રીમતી મીનાબેને માંડવીની સેન્ટ ઝેવિયર્સ ઇંગ્લીશ મીડિયમ સ્કૂલમાં ૨૦૦૧થી ૨૦૦૪ સુધી કર્તવ્યનિષ્ઠ અધ્યાપીકા તરીકે સેવા આપી હતી જે ખૂબ જ સરાહનીય હતી. તેઓશ્રીએ એલ.સી.સી. કોમ્પ્યુટર સેન્ટરમાં ત્રણ વર્ષ સ્પોકન અંગ્રેજીના વર્ગો ચલાવ્યા હતા. શ્રીમતી મીનાબેન આપણી માંડવી જ્ઞાતિના દરેક કાર્યક્રમોમાં સંપૂર્ણ સહકાર આપે છે. આપણી જ્ઞાતિના આ શિક્ષિત ગૃહિણી અનેક ગણમાન્ય સંસ્થાઓ તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. તેઓશ્રી નવરાત્રી મહોત્સવ આયોજીત પ્રતિયોગીતામાં નિર્ણાયક તરીકેની અતિ મહત્વની જવાબદારી સંભાળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીમતિ મીનાબેન હાલે, એમની પારિવારિક સાંસારીક જવાબદારીઓ-સારી રીતે સંભાળે છે તદ્પરાંત ઘેરબેઠાં, અંગ્રેજી મિડીયમના ધો. ૧ થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ક્લાસનું સફળતાપૂર્વક સંચાલન કરે છે. માંડવી નગરનાં સન્માનિય મહિલાનું બિરૂદ મેળવનાર મીનાબેન આપણી માંડવી જ્ઞાતિનું ગૌરવ છે. અન્ય મહિલાઓ માટે પ્રેરણાદાયક છે. માંડવી જ્ઞાતિની આ ગૌરવાન્વિત મહિલાનું માંડવી જ્ઞાતિ હર્ષભેર અભિવાદન કરે છે.

***વિનોદભાઈ સોની***
***જ્ઞાતિ પ્રમુખશ્રી - માંડવી***

***જ્ઞાતિસેતુ, અમદાવાદ શ્રીમતી મીનાબેનને એમનું નગર-સન્માન થયું તે બદલ હાર્દિક અભિનંદન પાઠવે છે. સાથે સાથે અનુરોધ છે કે મીનાબેન-એમના શૈક્ષણિક સાંસ્કૃતિક સામાજીક પ્રવૃત્તિઓ, અનુભવ તેમજ જ્ઞાનનો લાભ-આપણા સમસ્ત સમાજની બહેનોને મળે તે માટે લેખો આદિ, સેતુને પ્રકાશન હેતુ અવશ્ય મોકલે. અસ્તુ.***


***– મુખ્ય તંત્રી***

# મારૂ કંસારા સોની જ્ઞાતિ સ્વ-ઉત્કર્ષ મહિલા મંડળ - અંજાર

**અંજનાબહેન એન. પોમલ - સહમંત્રી**

અંજાર મહિલા મંડળની સ્થાપના તા. ૨૩-૨-૦૭ના રોજ થઈ છે. ત્રણ વર્ષ દરમ્યાન મંડળે ઘણી બધી પ્રગતિ કરી. જ્ઞાતિ-બહેનોના સહકાર દ્વારા મહિલા મંડળ દર વર્ષે સ્થાપના દિનની ઉજવણી કરે છે. આ વર્ષે તા. ૨૧-૨-૧૦ના રોજ સ્થાપના દિનની ઉજવણી જ્ઞાતિ બહેનોની હાજરીમાં રોટરી હોલ મધ્યે રાખવામાં આવી હતી.

મહિલા મંડળ એટલે બહેનોનો સમૂહ. ત્યાં નીત નવું શીખવા મળતું હોય. તેની પ્રતિભાને બહાર લઈ આવવાનું માધ્યમ એટલે મહિલા મંડળ. આવી જ પ્રતિભા બહાર લઈ આવવા મંડળે રજૂ કર્યું "બ્યુટી કોન્ટેસ્ટ." લોકોની સમજમાં હોય છે કે બ્યુટી કોન્ટેસ્ટ એટલે ફેશન શો. પણ ફક્ત ફેશન શો નથી, તેના માટે જરૂરી છે ઑવર ઓલ પર્સનાલીટી, જનરલ નોલેજ તથા કોન્ફીડન્સ બહુ મહત્ત્વની વસ્તુ છે. અને આજના જમાના પ્રમાણે એ જરૂરી પણ છે. બ્યુટી કોન્ટેસ્ટમાં કુલ ૪ રાઉન્ડ અલગ અલગ કેટેગરીમાં રાખવામાં આવ્યા હતા અને તેના વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે.





**Best Girl - 2010 (Age : 7 to 14 Years) :** (૧) ધ્વનિ નિખિલ કટ્ટા, (૨) કૃણાલી પ્રકાશ પોમલ, (૩) ઈશા પ્રદીપ પોમલ.

**Best Boy - 2010 (Age : 7 to 12 Years) :** (૧) પ્રશાંત ચંપક વીસાપરમાર, (૨) વેદાંત શૈલેષ પોમલ, (૩) મોહિત ધર્મેન્દ્ર બારમેડા.

**Miss Soni - 2010 (15 years and above) :** (૧) માનસી શાંતિલાલ કટ્ટા, (૨) અર્ચના જયંતીલાલ પોમલ, (૩) ચાંદની કમલેશ બારમેડા.

**Mrs. Soni - 2010 :** (૧) રાખી મેહુલ ગુજરાતી, (૨) પ્રવીણા ધર્મેન્દ્ર બારમેડા, (૩) અલ્પા મનન પોમલ.

કાર્યક્રમને સફળ બનાવવા જ્ઞાતિ પ્રમુખ શ્રી રાજેશભાઈ વીસા પરમારે આર્થિક સહયોગ આપવાની તત્પરતા બતાવી અને જણાવેલ કે પ્રોગ્રામ સરસ રજૂ કરજો. બાદમાં સુરેશભાઈ વીસાપરમારે અને પ્રકાશભાઈ બારમેડાએ રૂા. ૧૦૦૧/- આપ્યા અને ઈનામો હરીભાઈ સોનીએ આપ્યા. અને કાર્યક્રમમાં સંપૂર્ણ સહકાર આપી ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમ દરમ્યાન બહેનો તરફથી પણ આર્થિક સહયોગ સારો મળ્યો હતો.

આ કાર્યક્રમ મહિલાઓ માટે હતો. જ્ઞાતિ બહેનો તથા ખાસ આમંત્રિત મહેમાન તરીકે જ્ઞાતિ પ્રમુખ તથા કારોબારી સભ્યો અને શ્રીમતી મીતાબહેન હેડાઉને ઉપસ્થિત રહેવા આમંત્રિત કર્યા હતા. શ્રીમતી મીતાબહેન હેડાઉએ તાજેતરમાં એલ.એલ.બી. ઉત્તીર્ણ કર્યું. તેઓ એક મહિલા છે. ઉંમરવાન થઈને આવી ઊંચી ડિગ્રી પ્રાપ્ત કરવા બદલ મહિલા મંડળ પ્રમુખ દ્વારા તેમનું પુષ્પગુચ્છ તથા મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું હતું. તેઓએ જજ તરીકે પણ સેવા આપી હતી. આ કાર્યક્રમમાં બે જજ રાખવામાં આવ્યા હતા.

શ્રીમતી મીતાબહેન હેડાઉ (LL.B.) તથા શ્રીમતી યામિનીબહેન ઠક્કર (MMS - 5 Years, MS (HR) - USA), તેઓએ બહુ સારી સેવા આપી હતી. વિશેષમાં તેઓએ મિસ તથા મિસીસનાં રાઉન્ડમાં આશ્વાસનના ઈનામો તેમના તરફથી આપ્યા હતા. તેઓ મંદબુધ્ધિના બાળકોની સ્કુલ ચલાવે છે. આ બાળકો દ્વારા બનાવાયેલ આઈટમ આશ્વાસન ઈનામ તરીકે આપી હતી. ઉપસ્થિત બહેનો તેનાથી ખુશ થઈ ગયા હતા. બહેનોના મંતવ્ય મુજબ જજની કુશળતાથી પ્રોગ્રામ વધુ દીપી ઉઠ્યો હતો. અંજાર મંડળ ઉપસ્થિત બહેનો, જ્ઞાતિ આગેવાનો, બે જજ તથા સાઉન્ડ સીસ્ટમની સેવા આપનાર મહેશભાઈ સોની, અલ્પાહાર બનાવવાની સેવા જમનાદાસ પોમલે આપી હતી – તેઓ સર્વેનો મહિલા મંડળ ખૂબ ખૂબ આભાર માને છે.

કાર્યક્રમનું સંચાલન શ્રીમતી પીંકીબહેન કટ્ટા, શ્રીમતી અંજનાબહેન પોમલ અને કુ. દિવ્યાબહેન બુધ્ધભટ્ટીએ કર્યું હતું. કુ. મનાલી બગ્ગા, કુ. હેતલ સાકરીયા તથા મહિલા મંડળના સભ્યોએ સહયોગ આપ્યો હતો. રસોડાની તમામ જવાબદારી શ્રીમતી સુશીલાબહેન સાકરીયાએ સંભાળી હતી. તેઓ દરેકનો મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી શાંતાબહેન બારમેડા તથા ઉપપ્રમુખ શ્રીમતી જયાબહેન બુધ્ધભટ્ટીએ આભાર વ્યક્ત કર્યો હતો. ■

*'જ્ઞાતિસેતુ'ના વહાલા વાંચકોને, વસંતના વધામણા*

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ

## અંતાક્ષરી સ્પર્ધા

ભુજ મહિલા મંડળ દ્વારા બાળકો માટે અંતાક્ષરીનો કાર્યક્રમ તા. ૨૫-૧૨-૦૯ના રોજ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કુ. સુધાબેન એ. બુધ્ધભટ્ટી તેમજ રોહિણી બી. બુધ્ધભટ્ટી રહ્યા હતા. કાર્યક્રમ ઠીક ૪.૦૦ કલાકે ચનાણી પાર્ટી પ્લોટ મધ્યે શરૂ કરવામાં આવ્યો હતો. પ્રમુખ સ્થાનેથી મહિલા મંડળના પ્રમુખ લતાબેન સોલંકીએ બાળકોને વધુમાં વધુ સ્પર્ધાઓમાં ભાગ લઇ પોતાનું કૌશલ્ય દાખવવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના સ્પોન્સર (દાતા) શ્રી બિપીનભાઇ શિવજી બુધ્ધભટ્ટી રહ્યા હતા. તેમજ શ્રી પ્રભુદાસભાઇ ગુજરાતી તરફથી પણ વિજેતાઓને ઇનામો આપવામાં આવ્યા હતા.



કુલ્લે ૫૦ બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને ચાર રાઉન્ડમાં અંતાક્ષરીનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. ઉંમર પ્રમાણે બાળકોના ચાર ગ્રુપ બનાવવામાં આવ્યા હતા.

પ્રથમ ગ્રુપ વિજેતા : સરસ્વતી ગ્રુપ, દ્વિતીય ગ્રુપ વિજેતા : આશાપુરા ગ્રુપ, તૃતીય ગ્રુપ વિજેતા : કાલિકા ગ્રુપ. જ્યારે ગાયત્રી ગ્રુપને ઓછા ગુણ મળતાં તેઓ સ્પર્ધામાંથી બાદ થયા હતા.

વિજેતાઓને મહિલા મંડળના હોદ્દેદારોના હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું. સંગીતના સાઝ છેડવામાં મદદરૂપ થયા હતા શ્રી પ્રતાપભાઇ બીજલાણી, શ્રી જીતેન બારમેડા તેમજ શ્રી નઇમ ધાફરાની. તેઓનું પણ મહિલા મંડળના હોદ્દેદારોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સ્કોરર તરીકે જયેષ્ઠાબેન સોનીએ સેવા આપી હતી. રોહિણીબેન ભરત બુધ્ધભટ્ટીએ આભારવિધિ કરી હતી. જયશ્રીબેન બુધ્ધભટ્ટી, ભાવનાબેન બુધ્ધભટ્ટી, માલતીબેન ગુજરાતી, અરૂણાબેન બુધ્ધભટ્ટી, પ્રીતીબેન બગ્ગા વગેરેએ વ્યવસ્થા સંભાળી હતી. જ્ઞાતિજનોએ પણ બહોળી સંખ્યામાં હાજર રહી સ્પર્ધકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. કાર્યક્રમના અંતે દરેક બાળકોને હળવો નાસ્તો આપવામાં આવ્યો હતો. આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવેલ.

## સરસ્વતી વંદના

દરેક કાર્યક્રમમાં કંઇક વિશેષતા લાવવાની મહિલા મંડળ હંમેશાં કોશિશ કરે છે. શિયાળાની કડકડતી ઠંડી બાદ, જેમ 'મા પ્રકૃતિ' નવા વાઘા ધારણ કરે છે, પાનખર જતાં વસંત ખીલે છે તેમ વસંત ૠતુને વધાવવા મા સરસ્વતીનું પૂજન અને વંદનાનો કાર્યક્રમ અમારા મહિલા મંડળે જ્ઞાતિજનો તેમજ નાના ભૂલકાંઓ અને જેઓ વિદ્યાર્થી અવસ્થામાં છે તેવા જ્ઞાતિના છોકરા-છોકરીઓની સાથે રહીને ઉજવ્યો. આ કાર્યક્રમ તા. ૨૦-૧-૧૦ના રોજ વસંત પંચમીના ઠાકર મંદિરમાં સાંજે ૪ થી ૬ વાગ્યા દરમ્યાન આરતી અને સ્તુતિ સાથે મા સરસ્વતીની વંદના કરવામાં આવી.



અધ્યક્ષપદેથી શારદાબેન પોમલે મા સરસ્વતીનું પૂજન કર્યું હતું અને તેમણે આરતીનો લાભ લીધો હતો. લતાબેન સોલંકીએ આજના દિવસનો મહિમા સમજાવ્યો હતો. સ્થાનિક મિડીયા ચેનલ 'ચંચલ'ને મુલાકાત આપતાં તેમણે કહ્યું હતું કે આવા કાર્યક્રમો યોજવાથી બાળકોમાં આપણી ભારતીય સંસ્કૃતિ અંગેનું જ્ઞાન તેમજ સદ્‌ગુણો કેળવાય છે.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં રોહિણી ભરત બુધ્ધભટ્ટી, અરૂણાબેન એન. બુધ્ધભટ્ટી, જયશ્રીબેન બુધ્ધભટ્ટી, માલતીબેન ગુજરાતી, ખુશાલીબેન બુધ્ધભટ્ટી, ખ્યાતિબેન બુધ્ધભટ્ટી, નીલાબેન પોમલ, ભાવનાબેન ચનાણી તેમજ જ્ઞાતિની નામી-અનામી બહેનોનો સાથ સાંપડ્યો હતો.

ઠાકર મંદિરના પુજારી શ્રી નાના ગોરનો સમગ્ર પૂજન અર્ચનમાં સાથ મળ્યો હતો. સત્સંગ અને પ્રસાદ બાદ સહુ છૂટા પડ્યા હતા.

***રોહિણી ભરત બુધ્ધભટ્ટી - મંત્રી***

## સાભાર સ્વીકાર



શ્રી દિનેશકુમાર સોની - તલોદ (સાબરકાંઠા) તરફથી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ સંચાલિત "મેડિકલ હેલ્પ-લાઈન" માટે રૂા. ૩,૦૦૦/- (રૂપીયા ત્રણ હજાર પૂરા) ભેટ સ્વરૂપે મળેલ છે. જેનો અમદાવાદ જ્ઞાતિ મંડળ આભાર સહ સ્વીકાર કરે છે. શ્રી દિનેશકુમાર સોનીના સુપુત્રી કુ. વૈશાખીબેન B.Tech. (Computer Engg.) - 4th Semester પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા તેની ખુશાલી રૂપે આ ભેટ આપેલ છે. અમદાવાદ જ્ઞાતિ મંડળ ચિ. બેન વૈશાખીને હાર્દિક અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવે છે.

***મનુભાઈ કોટડીયા - પ્રમુખ, અતુલ સોની - મંત્રી***

## હાર્દિક અભિનંદન

કુ. વૈશાખી દિનેશકુમાર સોની - તલોદ (સાબરકાંઠા), કોમ્પ્યુટર એન્જીનીયરીંગ ક્ષેત્રે B.Tech. અભ્યાસક્રમમાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા તે બદલ 'સેતુ'ના હાર્દિક અભિનંદન. કુ. વૈશાખી શિક્ષણ તેમજ વ્યવસાય ક્ષેત્રે ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા.

***– મુખ્યતંત્રી***

# પોમલ પરિવાર વંશવૃક્ષ

પી. જી. સોની 'દાસ'

બહુ દૂર નહીં પણ ફક્ત પાંચમી પેઢીએ ભાઇઓ (દાદાનાં દાદા એક) થતા એવા ૩૧ ભાઇઓના ૪૧ કુટુંબો (રસોડા) અને અંદાજે ૧૭૫ જણ સંખ્યા ધરાવતો 'ગઢશીશા પોમલ પરિવાર' આપણા મારૂં કંસારા સોની સમાજમાં આદર્શ કહી શકાય એવો આ વિશાળ પરિવાર જ્યારે ગઢશીશા ખાતે, જ્યાં વાંકલ-ચામુંડા માનાં બેસણાં છે, ત્યાં એકત્ર થાય છે, ત્યારે ખરા અર્થમાં ભાતૃભાવનાનાં દર્શન જોવા મળે છે.

ગઢશીશા, કોઠારા, લુડવા, ભુજ, માધાપર, કેરા, બળદીયા, ગોડપર, મેઘપર, માંડવી, અંજાર, જામનગર, લંડન વિ. સ્થળે ધંધાર્થે વસવાટ કરતા આ પરિવારો દર વર્ષે મહાસુદ-૧૪નાં પોતાનાં ધંધા રોજગાર બંધ રાખીને માને માથું ટેકવવા તથા નિજ પરિવારનાં મેળાવામાં સહભાગી થવા- એકબીજાનાં ખબર-અંતર પુછવા સહકુટુંબ સામેલ થાય ત્યારે ગૌરવ અને હર્ષની લાગણી જોવા મળે છે. સામાન્ય સભામાં નક્કી કર્યા પ્રમાણે દરેક ઘર દીઠ દરરોજનો એક રૂપિયો ઘરનાં નિજ મંદિરમાં ધરાવીને આ પરિવારો વર્ષે રૂપિયા ૩૬૫/- જમા કરાવે છે. તદુપરાંત જરૂરીયાત પ્રમાણે યથાશક્તિ ફાળો પણ નોંધાવે છે. તેમજ દર વર્ષે એક એક કુટુંબ સમૂહ પ્રસાદ-ભોજન ખર્ચની જવાબદારી સંભાળે છે.

***આ પરિવારનાં જાગૃત વડીલોનાં માર્ગદર્શન હેઠળ ઉત્સાહી યુવાનોએ એક-આંબો (વંશાવળી) તૈયાર કર્યો છે. જેમાં અગીયાર પેઢીઓ સુધીની માહિતી ઉપલબ્ધ છે. આગામી ૬ માસ સુધીમાં દરેક પરિવારને એની એક-એક નકલ આપવામાં આવશે. આ કામગીરી નાનાલાલ તથા કોઠારા પરિવાર સંભાળી રહ્યું છે.***

તાજેતરમાં મહા સુદ ચૌદસ તા. ૨૯-૧નાં માતાજીનાં નૈવેદ્ય પ્રસંગે મહાપ્રસાદ-ભોજનનો લાભ દાતાશ્રી અશોક રામજી દેવજી (ભુજ) પરિવારે લીધો હતો. આ ટાંકણે ગઢશીશા જ્ઞાતિજનો તથા અન્ય સગા સંબંધીઓને પણ આમંત્રિત કરાયા હતા.

માતાજીનાં નૈવેદ્ય હવન પૂજનવિધિ ચંપાબેન તથા દમયંતીબેન (કોઠારા) એ સંભાળી હતી. દામજીભાઇ, રામજીભાઇ, જેઠાલાલભાઇ, પી.જી. સોની 'દાસ', કલ્યાણજી, મોહનલાલ, વિશનજી, ત્રિકમભાઇ, જગદીશ, ચંદુલાલ, હિતેશ, વેલજીભાઇ વિ. ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસ્થા કાંતિલાલ, રાજેશ, વિનય, અરૂણ, પરેશ, દિપેશ, હર્ષદ, ઉમેદ, નવીન, દિનેશ, વિનોદ, શંકરલાલ વિ. સંભાળી હતી.

## જ્ઞાતિ સેતુના પાનેથી

જ્ઞાતિસેતુ અને વર્તમાન પત્ર વાંચતાં ભુજ મહિલા મંડળ ભરપૂર પ્રવૃત્તિ કરે છે, અંજાર મહિલા મંડળ પ્રવૃત્તિ કરે છે. અન્ય મહિલા મંડળ કે યુવક મંડળ ખાસ પ્રવૃત્તિ કરતા નથી. તમામ મંડળોને પ્રેરણા માટે જ્ઞાતિ સેતુમાં વિગત આપીએ તો સાચો સેતુ બની રહે. રોજીંદા પોતાના કાર્યને અસર કર્યા સિવાય વર્ષ દરમ્યાન નીચે પૈકી જે સ્થાનિક સમય અને સંજોગ મુજબ પ્રવૃત્તિ થાય તે કરાય ને જ્ઞાતિ સેતુમાં વિગત અપાય તો સારું.

૧. આરોગ્યલક્ષી માર્ગદર્શન.
૨. કેરીયર માર્ગદર્શન
૩. ઇન્ડોર આઉટડોર રમતો.
૪. મનોરંજન પ્રવૃત્તિ
૫. માહિતીપ્રદ પ્રવાસ.
૬. આપણી અથવા અન્ય જ્ઞાતિના કોઇએ વિશિષ્ટ સફળતા મેળવી હોય અને પોતાના સંઘર્ષની વિગતો રજુ કરવા તૈયાર થાય તો મેળવડો રાખી મેળવવી.
૭. યુવાનોમાં સર્વગ્રાહીતા આવે માટે કોયડા ઉકેલ હરિફાઇ વિગેરે ગોઠવવા.
૮. વિવિધ તહેવારોની આનંદથી ભાવના સભર ઉજવણી.
૯. ખોટા રીવાજ, વહેમ કે અંધશ્રધ્ધા સમજુતિથી બંધ કરાવવા.
૧૦. જો કોઇ કુટુંબ બાળકોને શિક્ષણ માટે મોકલતું ન હોય તો સમજુતી અને સહાયથી શિક્ષણ અપાવવું.
૧૧. અન્ય જો કોઇ રચનાત્મક પ્રવૃત્તિ કરાય તો તે.

*વી. ઓ. બુધ્ધભટ્ટી - ભુજ*

## કવિતા

ફક્ત નજરોમાં ફરક છે - 'યારો' અહીં તો
નહિ તો બધુ એ જ છે
કો'ક ને ફક્ત તારાઓનાં ઝુંડ દેખાય
કો'કને સંતાકુકડી
રમતા તારાઓ દેખાય
કો'કને અવકાશની ઓઢણીમાં
મઢેલા આભલાઓ દેખાય
કો'કને ચાંદની આસપાસ
રાસ રમતા તારલાઓ દેખાય
તો અમારા જેવા કવિઓને
અવકાશે લખેલા મસ્ત મજાના
તારાઓ સમા શબ્દો દેખાય

*જીનલ પી. સોની 'યાદ' - નાગલપુર (માંડવી), કચ્છ*


## મુક્તક

ધરા જીવી લે છે અવકાશ વગર
રજની જીવી લે છે સવાર વગર
રણ જીવી લે છે ઝરણા વગર
આ તો બહાના છે - 'યાદ'
નહિતર જીવાઇ જતું હોય છે એકબીજા વગર

*જીનલ પી. સોની 'યાદ' - નાગલપુર-માંડવી (કચ્છ)*







## સ્વ. માતુશ્રી જયાબેન નરભેરામભાઈ કંસારા (ટંકારાવાળા) (હાલ - અમદાવાદ)

**સ્વર્ગવાસ : સંવત ૨૦૬૬ ફાગણ સુદ-૬ ને શનિવાર, તા. ૨૦-૨-૨૦૧૦**

***પરમ પૂજ્ય માતુશ્રીના ચરણોમાં***

ઘર વગરની માં.... અને ૪૦ વર્ષના સંઘર્ષ પછી મા વગરનું

ઘર... જેની પ્રત્યેક પળ અને નિતદિન આપની યાદ અકળાવે છે.

દેહમાં જે દિવ્ય શાંતિ અને તેજ નીર્યા હોય તેનો કદી અસ્ત થતો નથી. પ્રભાતે પંખીઓનું સંગીત અમને જગાડે છે ત્યારે આપનું સ્મરણ થાય છે. મનને પવિત્ર કરતો મંદિરનો ઘંટનાદ આપની હાજરીનો અહેસાસ કરાવે છે.

વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી આપની અણધારી વસમી વિદાય સહુના હૃદયમાં હજુ પણ ભૂલાતી નથી. જીવનભર પરિશ્રમના દિવસો વિતાવી સહુને સમૃધ્ધ અને અખંડ બનાવી ચંદન જેવું જીવન જીવી ગયા.

ઈશ્વરને અમે જોયા નથી પણ અમારા ઈશ્વર સ્વરૂપ આપ છો.

આપનો નિખાલસ સ્વભાવ, પ્રેમાળ હૈયું, સદાય હસતો ચહેરો, કુટુંબ પ્રત્યે નિ:સ્વાર્થ ભાવ અને અવિરત પ્રેમને યાદ કરતા આજે પણ હૈયું રડી પડે છે.

આપે સીંચેલ સંસ્કાર અને તાલીમથી આપે અમને કાબેલ બનાવ્યા,

આપે આપેલ વારસો પૈસા નહિં પણ પ્રામાણિક્તા અને પવિત્રતા છે. આપનો પ્રેમ, મમતા, કરૂણા અને આશીર્વાદ સદાય અમારા પર વરસતા રહે.

પરમ કૃપાળુ પરમાત્મા (ઠાકોરજી) તમોને પોતાના ચરણોમાં રાખે એ જ પ્રાર્થના.

**કંસારા હરજીવનદાસ મોતીચંદ પરિવાર (ટંકારાવાળા) - અમદાવાદ**

**લલીતકુમાર નરભેરામભાઈ કંસારા**
**નલીનકુમાર નરભેરામભાઈ કંસારા**
**મુકેશભાઈ નરભેરામભાઈ કંસારા**

**હાર્દિક લલીતભાઈ કંસારા**

## રવિ જ્વેલર્સ (સરીવાળા)

# 'થેવા' – મેવાડની મનમોહક પરંપરાગત આભુષણ કળા

**હંસરાજ કંસારા**

રંગબેરંગી બેલ્જીયમ કાચ પર સોનાનું ઝીણવટભર્યું મોગલાઇ-ચિત્રકળાની છાંટવાળું તળપદું ચિત્રણભર્યું આભુષણ એટલે થેવા. રાજસ્થાનના પ્રતાપગઢ અને ચિત્તોડગઢ વિસ્તારના આદિવાસીઓએ ઉપસાવેલી આ પરંપરાગત કળા, આજે લુપ્ત થવાને આરે છે. પરંતુ આ કળા પુનઃજીવીત થવાના કેટલાક આસાર ભાસે છે. એના કેટલાક જચી જાય તેવા કારણો છે, જેમ કે,

કલી (કલ) યુગથી કમ્પ્યુટર યુગ સુધી પહોંચેલી આજની સભ્યતા, mass production અને mass consumptionની આદિ છે. છતાંય, Designer productsના કહો કે વ્યક્તિગત ચોઇસને પોષવા વ્યક્તિગત વસ્તુઓની માંગ પણ દિન પ્રતિદિન ખાસ કરીને માનવ શણગાર ક્ષેત્રે વધતી જ જાય છે. ઑફસેટ મશીન પર લાખોની સંખ્યામાં પ્રકાશીત થતા ચિત્રો કરતાં આજ પણ કોઇ / જાણ્યા અજાણ્યા આર્ટીસ્ટના કેનવાસ પર હાથે પીંછી દ્વારા સર્જેલા ચિત્રો લેવા લાખો લોકો ઉમટે છે અને અબજોની રકમ ખર્ચે છે. માનવ સ્વભાવની આ ખૂબી છે. કંઇક નવું જોવાની, કરવાની, લેવાની, બીજાથી પોતે અલગ હોવાની એની મૂળ વૃત્તિ સદૈવ કંઇક અવનવું કરવા એને પ્રેરે છે. જેની સૌથી વધુ અસર હેઠળ સમયે સમયે બદલાતી ફેશનનો કે જેની ફીરકડી 'નવુ-જુનું-નવું-જુનું' કરતી ગોળ ગોળ ફરતી રહે છે. આજની ફેશન, રજવાડી ડ્રેસ અને કચ્છી મોજડી સૈકાઓ પહેલાં પણ હતી અને સૈકાઓ પછી પણ હશે. અને **થેવા** તો એવી આભુષણ કળા છે કે આજ પણ એના સૈકાઓ જૂના સેંકડો આભુષણોનો, ન્યુયોર્કના મેટ્રોપોલીટન મ્યુઝિયમમાં, અનોખો સંગ્રહ છે. (જેને જોઇ કદાચ આજે પણ અમેરીકનો ગાંડા થતા હશે. ભલે mass અને fast culture હોતાં એને માત્ર અજાયબી સમજે, અપનાવે નહીં) પણ સાવ એવુંય નહીં. હોં! આજથી માત્ર દોઢસો બસો વર્ષ પર આપણા તન ધન અને મનના માલીક બ્રિટીશરોએ પણ **'થેવા'** સાથે થોડીક લેવા દેવા તો હતી જ. બ્રિટનના મહારાણી અને ત્યાંના રાજ પરિવારની રૂપાળી રમણીઓના મન પણ **'થેવા'**એ મન ભરીને હરી લીધાં હતાં.

આવી, વિશ્વ-ડાહી ગણાતી વિદેશી પ્રજાએ પંપાળેલી 'આભુષણ કળા' **'થેવા'**નું પુનરાગમન અવશ્ય થશે. જેનો આભાસ આપણને આજકાલની, રાજસ્થાની પરિવેશ, ખાસ કરીને વેશભુષા અને ભપકાદાર આભુષણોનું પ્રદર્શન કરતી, ઢગલાબંધ ટી.વી. સીરીયલો જોતાં થાય છે.

**'થેવા'** આભુષણ કસબ ઉપલક જોતા 'મીનાકારી' જેવો લાગે પરંતુ એની સર્જન પ્રક્રિયા એનાથી તદન ભિન્ન છે. મીનાકારીમાં સોના ચાંદીના નક્શીદાર આભુષણમાં વિશેષ પ્રકારના રંગ-બેરંગી કાચનો મીનો ભરવામાં આવે છે. 'થેવા' કસબના આભુષણ તૈયાર કરવા પ્રથમ સોના ચાંદીના પાતળા પતરા પર વિવિધ ડીઝાઇન આરખવામાં આવે છે. પછી એ આકૃતિ મુજબ તેનું કટીંગ કરવામાં આવે છે. ત્યારબાદ એ કાપેલા હિસ્સા ધરાવતું પતરું ચોક્કસ પ્રકારના રસાયણમાં નિયત સમય સુધી ડૂબાડીને રાખવામાં આવે છે. ત્યારબાદ કેટલીક ખાસ સ્થાનિક વસ્તુઓનું મિશ્રણ તૈયાર કરવામાં આવે છે. આ મિશ્રણ, એ કટવર્ક કરેલા સોના કે ચાંદીના પતરાની પાછળની બાજુ બ્રશ વડે લગાડવામાં આવે છે, જેને લીધે પછીની પ્રોસેસ દરમ્યાન અધિક તપ્ત કાચ પરની ગરમી ધાતુને પીગળવા દેતી નથી. ત્યારબાદ વિવિધ રંગ એકદમ નરમ થાય તે હદે બેલ્જીયમ કાચને ગરમ કરવામાં આવે છે. ત્યારબાદ એ કાચના ટૂકડા પર સોના/ચાંદીના પતરામાંથી આરખેલા કટવર્ક પાથરી દેવામાં આવે છે, જે અર્ધપ્રવાહી કાચની તપ્ત પૃષ્ઠભૂમિ પર ચીપકી જાય છે. આ પ્રકારથી તૈયાર કરવામાં આવેલા કાચના બધા ટૂકડાની પાછળની બાજુ ચાંદીનું પાતળું પતરું ચિપકાવવામાં આવે છે, જેથી બધા ટુકડા પર એક સરખી ચમક દેખાય છે. **'થેવા'** શૈલીથી તૈયાર થયેલી આ વિભિન્ન આકૃતિઓને સોનાની માળામાં પરોવીને અથવા અન્ય રીતે 'આભુષણો'નું સ્વરૂપ આપવામાં આવે છે. આ આભુષણોમાં 'પોલકી'ના કામને પણ પ્રાધાન્ય આપવામાં આવે છે. સોના ચાંદીના પતરાં પરની આકૃતિઓમાં મુખ્યત્વે ફૂલ પાંદડા, ભૌમિતિક ડિઝાઇનો, દેવી દેવતાઓનાં ચિત્રો, જેમ કે ગોપી સંગ રાસ રમતા બાળ કૃષ્ણ, પક્ષીઓ ખાસ કરીને મોર, પશુઓ-સિંહ, હરણ આદી અને કલાત્મક રીતે આરખેલાં રજવાડી દશ્યો વિગેરે હોય છે.

આ કળાપુર્ણ આભુષણોનો કસબ હાલે તો ગણ્યા ગાંઠ્યા મેવાડી કારીગરોને જ હસ્તગત છે. તેઓ એમનો આ પેઢી દર પેઢી શીખેલો અને સાચવેલો કસબ અને એનું રહસ્ય ગોપનીય રાખે છે અને એટલે જ એને આવશ્યક પ્રોત્સાહન મળી શક્યું નથી. અને કેટલાક એના 'ડુપ્લીકેટ'ને 'અસલી' તરીકે ખપાવે છે, જેથી વાસ્તવમાં **'થેવા'** કળાની ગરિમા ઝંખવાય છે. અને એટલેજ આવશ્યકતા છે કે **'થેવા'**ના એ આદિ-કસબીઓને શોધી, સમજાવી, સન્માની, સધિયારો આપી, મેવાડના આ મનમોહક 'વારસા' અને એના ખરા વારસોને બિરદાવી **'થેવા'**ની સાચી સેવા થાય.

કોણ જાણે કેમ પણ મનમાં એવું ઉગે છે કે આપણે મારૂ કંસારા સોની, હોલેંડથી આણેલી પતરાં પર આરખેલા ચિત્રોની કળાને સજીવ કરતી 'કચ્છવર્ક'ની કળાના ખરા સર્જક કસબી કારીગર અને કલાકાર. મીનાકારીના કામમાં પણ એક સમયે આપણે આગળ હતા. એટલું જ નહીં, છેક ઓરિસ્સાથી આણેલું કટક-વર્ક પણ આપણે પોતીકું કર્યું હતું. આપણી આ ક્ષમતા વંશ પરંપરાગત છે. અને આપણું મૂળ પણ રાજસ્થાન (મારવાડ) છે. મારવાડ અને મેવાડ તો સહોદર...

સૈકાઓથી મારવાડ છોડ્યા છતાં જો આજ પણ આપણને 'મારૂ' કહેવડાવવાનું અનેરૂં ગૌરવ હોય તો, આપણી 'મારૂ ધરા'ની એ 'કળા ધારા' પણ આપણા માટે ગૌરવપ્રદ છે, જેને પુનઃજીવીત કરવાની 'કસક' આપણા મનના કોઇક ખૂણે અવશ્ય જાગશે અને ત્યારે આપણામાંનો જ કોઇ ધુની મારૂ કંસારા સોની કલાકાર, મેવાળની પર્વત માળા ખૂંદતો અને એ ભૂમિ પર ધૂણી ધખાવી બેસી જશે. **થેવા** કળાને ફરી થનગનતી કરશે.

*થેવા ઓ થેવા*
*હું આવું તને લેવા,*
*મને લેવા નથી મેવા*
*બસ, કરવી તારી સેવા.*

■

# પ્રીત, પિયુ ને પાનેતર... એટલે નવવધૂના સોળ શૃંગાર

'મહેંદી લગી મેરે હાથ, મૈં તો દુલ્હન બની સખી આજ, કિએ મૈંને સોલહ શૃંગાર' – આવા શબ્દોમાં પોતાની મનોભાવના જ્યારે લગ્નના માંડે જઇ રહેલી કન્યા વ્યક્ત કરે ત્યારે ઘણી વખત અનેક કોડભરી યુવતીઓના મનમાં સાહજિકપણે જ આ શૃંગાર શું છે એ જાણવાની ઇચ્છા થાય. આ રહ્યા એ સોળ શૃંગાર.

- **બિન્દી**

'બિન્દી' એ સંસ્કૃતના 'બિન્દુ' શબ્દમાંથી લેવામાં આવ્યો છે, જે ભાલપ્રદેશ પર ત્રીજું નયન દર્શાવે છે. તેનો રંગ ખુશહાલી દર્શાવનારો છે. બિન્દી માથાની વચ્ચે લગાડવામાં આવે છે તથા તે વૈવાહિક સુખ અને સૌભાગ્યનું પ્રતીક છે.

- **સિન્દુર**

સિન્દુર માથાના મધ્યભાગે વાળના સેંથામાં પૂરવામાં આવે છે. તેનો લાલચટ્ટક રંગ પતિ-પત્નીનું આજીવન સહચર્ય દર્શાવે છે. કહેવાય છે કે સિન્દુર જેટલું લાંબુ લગાડાય તેટલી જ પતિની ઉંમર લાંબી થાય છે.

- **સેંથાનું આભુષણ**

સેંથાની વચ્ચોવચ્ચ ભાલપ્રદેશ પર લટકાવવામાં આવતું આ સોનાના આભુષણને સુદ્ધાં નવોઢાના સૌભાગ્યનું મહત્વનું પ્રતીક ગણવામાં આવે છે.

- **કાજળ**

ચક્ષુઓની આસપાસ ચિત્તાકર્ષક રેખા કાજળ વડે રેખા દોરવામાં આવે છે તે આંખોને ઠંડક આપવા ઉપરાંત અગ્નિની સમક્ષ ફેરા ફરનારી નવોઢાને શીતળતા પ્રદાન કરે છે.

- **નથ**


દેવી પાર્વતીના સન્માન માટે નથ પહેરવામાં આવે છે. તે પતિને દીર્ઘાયુ, સ્વસ્થતા તથા ખુશી પ્રદાન કરે છે એવું માનવામાં આવે છે. નાકનું સૌંદર્ય વધારનારી નથ મોતી અને સોનાની સાંકળ સાથે જોડાયેલી હોય છે. વાળમાં પીન વડે લટકાવી તે પહેરવામાં આવે છે.

- **હાર**

કોઇપણ નવોઢાનાં ગળાનું સૌંદર્ય વધારવામાં હાર મહત્વનો ભાગ ભજવે છે, તેનો મંગળસૂત્રના રૂપમાં પણ ઉપયોગ કરાય છે. હારને પતિના અતૂટ સંબંધ તથા સૌભાગ્યનું ચિહ્ન ગણવામાં આવે છે.

- **કર્ણફૂલ**

આ આભુષણને હિન્દીમાં 'ઝુમકા' કહેવામાં આવે છે. કર્ણફૂલ પહેરવાથી કાનની સુંદરતામાં વધારો થાય છે. કર્ણફૂલ સોનાની ચેન વડે વાળમાં અટકાવી પહેરવામાં આવે છે.



- **મહેંદી**

આપણા સમાજમાં નવોઢાને હાથેપગે સુંદર ડિઝાઇનવાળી મહેંદી મૂકવાનો રિવાજ પ્રચલિત છે. એવું માનવામાં આવે છે કે મહેંદી એ પોતાના જીવનસાથી માટે સારું ભાગ્ય, સમૃદ્ધિ, ખુશી તથા પ્રસિદ્ધિ લાવે છે, જેટલી ઘેરી મહેંદી હોય તેટલું જ નવોઢાનું જીવન સુખદ અને સફળ નીવડે છે.

- **કંગન**

કંગનને દુલ્હન માટે સૌભાગ્ય અને સુખી જીવનમાં પ્રતીક માનવામાં આવે છે, લાલ તથા લીલા રંગની બંગડી સાથે પહેરવામાં આવતાં કંગન માટે ભાગે સુવર્ણ ધાતુના હોય છે.

- **બાજુબંધ**

બાજુબંધ હાથના ખભા નજીકના ભાગ અર્થાત્ ભુજાઓમાં પહેરવામાં આવે છે. બ્લાઉઝની બાંય ઉપર પણ તેને ચૂડીના સ્વરૂપમાં પહેરાય છે. બાજુબંધની ડિઝાઇન મોટે ભાગે મોગલ, રાજસ્થાની અથવા જયપૂરી હોય છે.

- **આરસી**

હાથના અંગૂઠામાં આ આભુષણ પહેરવામાં આવે છે. તે એક પ્રકારની વીંટી છે. જેમાં કાચ (અરીસો) મઢેલો હોય છે. નવોઢા પોતાનું રૂપ-યૌવન તેમાં નીરખી ખુશ થાય છે.

- **હેર સ્ટાઇલ**

આજકાલ કોઇ પણ નવવધૂ માટે આધુનિક હેર સ્ટાઇલ મહત્વની બની ગઇ છે. ચહેરાનું સૌંદર્ય વધારવાની સાથોસાથ વિવિધ પ્રકારની હેર સ્ટાઇલનું ચલણ આજે ખૂબ જ વધી ગયું છે. હેર સ્ટાઇલ ગમે તેવી હોય પણ તેમાં ખુશબોદાર ગજરો 'સોનામાં સુગંધ' જેવું કામ કરે છે.

- **કમરબંધ**

સોનાની બારીક કારીગરીથી બનતું આ આભુષણ કટિપ્રદેશ પર પહેરવામાં આવે છે. નવોઢા જ્યારે પરણીને સાસરે આવે ત્યારે આ નવા સંબંધનું ગૌરવ, કમરબંધથી ઓર નીખરે છે.

- **પાયલ**

કંગન પછી કોઇ પણ નવોઢાના શૃંગારમાં પાયલ સૌથી મહત્વનું આભુષણ છે. મોટે ભાગે ચાંદીની જ પાયલ બને છે અને તેમાં ઘુઘરી મૂકવામાં આવે છે, જેનો 'રુમઝુમ' કરતો રણકાર નવવધૂના જાજરમાન વ્યક્તિત્વમાં વધારો કરે છે.

- **વેઢ**

પગની આંગળીમાં વીંટીની જેમ પહેરાતી વેઢ, નવોઢાના પગના સૌંદર્યમાં વધારો કરનારું ઘરેણું છે. વેઢ પગની પ્રથમ ત્રણ આંગળીમાં પહેરવામાં આવે છે અને તે કુમારિકાઓ પહેરતી નથી.


- **લગ્નનું પાનેતર**

લગ્નમાં નવોઢા માટેનું સૌથી આકર્ષક આ શૃંગાર છે. લાલચટ્ટક રંગનું પાનેતર આકર્ષક જરીકામથી ખૂબ જ દૈદીપ્યમાન લાગે છે. લાલ રંગ સૌભાગ્યનું દ્યોતક છે. પાનેતર દુલ્હનના લાવણ્યમાં વધારો કરે છે.

***સૌજન્ય : જ્વેલરી ડાઇજેસ્ટ***

# કોમ્પ્યુટરનો કક્કો – ૧૩

તુલસીદાસ એલ. કંસારા




- **નેટવર્કિંગ :**

ઇન્ટરનેટ વિભાગમાં આજે આપણે, સોસિયલ નેટવર્કિંગ જેમાં આજકલ ખૂબ ચર્ચિત બે શબ્દો છે ટ્વિટર અને ફેઇસ બુક તે વિશે જાણીશું.

- **ફેઇસ બુક :**

મિત્ર વર્તુળ, સહયોગીઓ, સહપાઠીઓ, સહઅધ્યાયીઓ, સહકર્મીઓ, તેમજ તમારા કુટુંબ-પરિવારો અને તમારા ધંધા રોજગાર કે શોખના વિષયોને લઇને તમે અનેક લોકોના સંપર્કમાં આવો છો. તમે ફુરસતની પળોએ કે કામમાં જરૂર જણાયે ક્યારેક ક્યારેક આવા જુના જોગીઓને કે તાજેતરમાં મળેલ નવા મિત્રોને યાદ કરી લેતા હો છો. ક્યારેક તેના કાર્ડ કે ડાયરીમાંથી સરનામું કે ફોન નંબર શોધવા પણ પ્રયત્ન કરતા હો છો કે ફાંફાં પણ મારતા હો છો. હવે તમે જ્યારે આવા સંપર્કો કોઇ પણ કારણસર કે કારણ વગર, શોખ ખાતર પણ નિભાવતા હો છો કે સાંવરતા હો છો તે કળાને આધુનિક જમાનામાં અંગ્રેજીમાં કહેવાય છે સોસિયલ નેટવર્કિંગ, કારણ કે આ કળા તે સમાજના વિભાગોને એક નેટની જેમ ગુંથે છે. અને આવી ગુંથણી કરી આપતી કળાને કહેવાય છે નેટવર્કિંગ સાઇટ.

પહેલાના જમાનામાં જ્યારે કમ્પ્યુટર ન હતા ત્યારે પણ સમાજની ગુંથણી કરી આપનાર હતા. ઘેર ઘેર ફરીને માહિતીની આપલે કરી આપતા ગોર મહારાજ, જેનું સ્થાન મહદ્ અંશે કે મોટેભાગે, કમ્પ્યુટર અને ઇન્ટરનેટે લીધેલ છે. આજે સંપર્ક ગોઠવવાથી કરીને નામાજોડું જોવડાવવાનું અને લગ્ન કરાવી આપવાની વ્યવસ્થા સુધીનું કામ શાદી ડોટ કોમ જેવી અનેક સાઇટો કરે છે. આ આધુનિક જમાનામાં જો તમે ઇન્ટરનેટનો ઉપયોગ કરતા થઇ જાઓ, તો આવા કેટકેટલાયે સંપર્કોનો ડેટાબેઝ તૈયાર કરી આપવા અને તે સંપર્કોને મેઇન્ટેઇન કરવા માટે, આજે અનેક સાઇટો તૈયાર છે, જેમાંની એક છે ફેઇસબુક.

આ ફેઇસબુકની સ્ટોરી થોડા સમય પહેલાં વર્તમાનપત્રોમાં અનેક કારણો સર આવેલ, જેમાંનું મુખ્ય કારણ એ હતું કે કોમ્પીટ ડોટ કોમ ના અભ્યાસ પ્રમાણે ૨૦૦૯ના જુલાઇ માસમાં આખી દુનિયામાં સૌથી વધારે વપરાશકર્તાઓએ આ ફેઇસબુક નો વપરાશ કરેલ છે અને તેના નજદીકના હરીફોમાં જેની ગણતરી કરી શકાય તેવી ટ્વીટર ડોટ કોમ, ઓરકુટ કે માયસ્પેસ ડોટ કોમ જેવી સાઇટો તો તેનાથી અનેકગણી પાછળ રહી જવા પામેલ છે. આની પાછળનું એક કારણ એવું છે કે જે સાઇટની શરૂઆત માત્ર યુનિવર્સિટીના સ્ટુડન્ટો માટે કરવામાં આવેલ, તેને ટૂંક સમયમાં જ બોસ્ટનની અન્ય કોલેજો માટે અને ત્યાર બાદ અમેરિકાના ૧૩ વરસ ઉપરના બધાજ વિદ્યાર્થીઓ માટે વિસ્તારવામાં આવેલ, અને હવે તો તેને વૈશ્વિક રીતે ખૂલી મૂકવામાં આવેલ છે.

આ સિવાય આ સાઇટને ચાઇના, સીરિયા અને ઇરાન જેવા દેશોએ ઇન્ટેલેક્ચ્યુઅલ રાઇટના કાયદા હેઠળ પ્રતિબંધિત પણ કરેલ. જોકે તેમાંથી ઇરાને ૨૦૦૯માં તેનો પ્રતિબંધ ઉઠાવી લીધેલ છે. તદુપરાંત ૨૦૦૫ની સાલમાં ફેઇસ બુક ડોટ કોમ તરીકે રજીસ્ટર થયેલ આ સાઇટનું નામ જે હાર્વર્ડ યુનિવર્સિટીમાં ઔપચારિક રીતે વિદ્યાર્થીઓ એકબીજાને ઓળખી શકે તે માટે દર વરસે શરૂઆતમાં આપવામાં આવતી બુક (ફેઇસ બુક) ના નામ ઉપરથી પાડવામાં આવેલ. અને ખેદની વાત છે કે, યુનિવર્સિટીના કેટલાક વિદ્યાર્થીઓએ આ કંપનીના માલિક માર્ક ઝુલકરબર્ગ ઉપર સોર્સ કોડ તેમજ અન્ય બૌદ્ધિક મિલ્કત ચોરવાનો આરોપ મુકીને કોર્ટે ચડેલ.

કેટલાક વિવેચકો તેની સરખામણી માય સ્પેસ નામની સાઇટ સાથે કરે છે. માયસ્પેસ તેના વપરાશકર્તાને પોતાની પ્રોફાઇલ શણગારવા માટે કમ્પ્યુટરની ભાષા એચ.ટી.એમ.એલ. વિગેરે વાપરવાની પરવાની આપે છે, જ્યારે સામાન્ય વપરાશ કર્તા માટે સાદી અંગ્રેજી ભાષામાં લખાણ લખાય તેવી સાઇટ તો આ ફેઇસ બુક જ છે. આ ફેઇસબુકમાં કેટલીયે સગવડો એવી છે જે તેના વાપરનાર સહેલાઇથી ઉપયોગમાં લઇ શકે છે. દા.ત. 'વોલ' જે દરેક મિત્રોને પોતાના સંદેશા છોડવાની સગવડ આપે છે. ફોટાઓ પણ મૂકી શકાય છે અને પોતાનું સ્ટેટસ – અત્યારે શું કરી રહ્યા છો અથવા તો ક્યાં છો? વિગેરે મૂકી શકાય છે. જુલાઇ ૨૦૦૭થી તો તેણે 'વોલ' ની સાથે એટેચમેન્ટ જોડવાની સગવડ પણ કરી આપેલ છે.

વધારે તો, આ સાઇટનો ઉપયોગ કરો તો જ તમને તમારા નવા-જુના મિત્રોને શોધવાનું અને મળવાનું બની શકે. મેં તો મારા બેંકના અને કોલેજ કામના મિત્રો આ સાઇટ ઉપરથી શોધી અને તેમની સાથે સંપર્ક જોડી દીધેલ છે.

- **ટ્વીટર :**

આ સાઇટનું નામ ટ્વિચી ઉપરથી આવેલ છે જેનો અર્થ થાય છે જે ધીમેથી આંચકો મારી શકાય તેવું, મારીને ખેંચી શકાય તેવું, ખેંચી કે ધ્રુજાથી શકાય તેવું, વિગેરે પર્યાયો ડિક્શનરીમાં મળે છે. પરંતુ ટેલીફોનની ઘંટડી વાગે અને ધ્રુજારી ઉત્પન્ન કરે કે પછી મોબાઇલ વાઇબ્રેટ મોડમાં હોય અને ચાલુ થવાથી ધ્રુજવા લાગે તે વધારે યોગ્ય છે.

ટ્વીટરનો અર્થ થાય છે પક્ષીની જેમ ચીં ચીં, કિલબિલ કિલબિલ કરવું.

આ ટ્વીટર પ્રોજેક્ટ માર્ચ ૨૧, ૨૦૦૬ ડોરસીએ પ્રથમ ટ્વીટર સંદેશો પ્રસિધ્ધ કર્યા ત્યારથી શરૂ થયું જેમાં લખેલ કે "Just setting up my twitter" મારૂં ટ્વીટર શરૂ કરૂં છું.

આજકાલ ટ્વીટર પણ ખૂબ સમાચારોમાં ચમકેલ છે, કારણ કે કેરાલાની

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૦ ઉપર)**

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર

ગુજરાતના ગૌરવ સમી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર આવેલી છે. સ્વતંત્રતા પૂર્વે ડૉ. પી.એમ. મહેતા, વૈદ્ય શ્રી યાદવજી ત્રિકમજી આચાર્ય અને નવાનગરના રાજવી જામસાહેબશ્રી દિગ્વિજયસિંહજીની દીર્ઘદૃષ્ટિ અને અનુભવના ફળસ્વરૂપે ૧૯૪૦માં શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટીની સ્થાપના થઇ. ૧૯૪૪માં તે સમયે ૬૦ લાખના ખર્ચે આજે ધન્વંતરી મંદિર તરીકે ઓળખાય છે તે મહેલ જેવા અદ્‌ભુત મકાનની રચના કરાઇ. સ્વાતંત્ર્ય પછી જ્યારે વિશ્વવિદ્યાલય સ્થાપનાની વાત આવી ત્યારે સ્વાભાવિકપણે જામનગર પર પસંદગી મુકાઇ અને ૫ જાન્યુઆરી, ૧૯૬૭ના ગુજરાત આયુર્વેદ વિશ્વવિદ્યાલયની સ્થાપના થઇ. વિશ્વની આ પ્રથમ અને અનોખી યુનિવર્સિટી બની. આ યુનિવર્સિટી સાથે આયુર્વેદનાં ૯ મહાવિદ્યાલય અને 'સ્નાતકોત્તર દંતવિશારદ મહાવિદ્યાલય' સંકળાયેલાં છે. તેમનાં નામ- સરકારી અખંડાનંદ આયુર્વેદ મહાવિદ્યાલય, અમદાવાદ, સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય વડોદરા, આર્ય કન્યા આયુર્વેદ મહાવિદ્યાલય વડોદરા, બાલાહનુમાન આયુર્વેદ કોલેજ લોદરા, શ્રી જે.એસ. આયુર્વેદ કોલેજ નડિયાદ, શ્રી ઓ.હી. નાઝર આયુર્વેદ કોલેજ સુરત, સરકારી આયુર્વેદ કોલેજ, જૂનાગઢ, શેઠ જી.પ્ર. આયુર્વેદ કોલેજ ભાવનગર અને શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ કોલેજ જામનગર દ્વારા સમગ્ર ગુજરાતમાં ભારતીય ચિકિત્સા પદ્ધતિના અભ્યાસક્રમની યોજના અમલમાં આવી. છેલ્લા ચાર વર્ષથી શ્રી જલારામબાપા આયુર્વેદ ડેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ રતનપર, રાજકોટ પણ આ યાદીમાં ઉમેરાતાં દંતવૈદ્યનો વિશેષ સ્નાતકોત્તર અભ્યાસક્રમ શરૂ થયેલ છે. આજે પણ આ કક્ષાનું આયુર્વેદનું ભણતર અન્ય રાજ્યોમાં ઉપલબ્ધ નથી.

યુનિવર્સિટી સાથે સંકળાયેલી અન્ય સંસ્થાઓમાં ઇન્ટરનેશનલ કોલેજ ઓફ આયુર્વેદિક સ્ટડીઝમાં વિદેશીઓ આયુર્વેદ ભણવા જામનગર આવે છે. હાલમાં ૪૦ ઉપરાંત દેશો સાથે એમ.ઓ.યુ. થયેલા છે. મેડિકલ એસ્ટ્રોલૉજી રિસર્ચ સેન્ટર અંતર્ગત જન્મકુંડળી પરથી રોગનું કારણ જાણી ચિકિત્સા કરાય છે. ભવિષ્યમાં જ્યોતિષાયુર્વેદનો અભ્યાસક્રમ શરૂ થઇ શકશે. સમય સાથે ચાલીને અહીં ઓલ્ડ એઇજ કેર સેન્ટર ચાલે છે. અહીંની સ્નાતકોત્તર સંસ્થા નવી દિલ્હીથી આવતી ગ્રાન્ટ દ્વારા ચાલે છે. આયુર્વેદના વિષયો પ્રમાણે અહીં સ્નાતકોત્તરમાં ત્રિવર્ષીય અભ્યાસક્રમો ચાલે છે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદીક ફાર્માસ્યુટિકલ સાયન્સીઝમાં આયુર્વેદીય ઔષધ નિર્માણના વિવિધ અભ્યાસક્રમો ચાલે છે. આયુર્વેદીય વનસ્પતિઓની ઓળખ બાબત અભ્યાસક્રમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડીસીનલ પ્લાન્ટ સાયન્સીઝ ચાલે છે. મહર્ષિ પતંજલિ ઇન્સ્ટિટ્યૂટ ઓફ યોગ એન્ડ નેચરોપથી એજ્યુકેશન એન્ડ રિસર્ચ ખાતે યોગના વિવિધ અભ્યાસક્રમો ચાલે છે.

વિશ્વવિદ્યાલય ગુજરાત બહારની સંસ્થાઓ સાથે પણ સંકળાયેલી છે, જેમ કે કોઇમ્બતૂર ખાતેની ધ આર્યવૈદ્ય રામા વારીયર એજ્યુકેશન ફાઉન્ડેશન ઓફ આયુર્વેદ, મનીપાલની ધ મનીપાલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ મેડિકલ સાયન્સીઝ, તિરુવનન્થપુરમની ટ્રોપીકલ બોટનીકલ ગાર્ડન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ.

યુનિવર્સિટીએ અમદાવાદ પાસે આવેલા ટીંબા ગામે પોતાની રૂરલ સંસ્થા સ્થાપી ઔષધનિર્માણના અભ્યાસક્રમ સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજના સહયોગથી ચલાવે છે.

*સૌ. સાધના સાભાર*

## કોમ્પ્યુટરનો કક્કો

**અનુસંધાન : પાના નં.-૧૯ ઉપરથી ચાલુ**

ત્રિવેન્દ્રમ સીટ ઉપરથી ચૂંટાયેલ એમ.પી. શશી થરૂર જે ભારતના રાજ્ય કક્ષાના મંત્રી છે તેઓ પોતાની ડાયરી આ ટ્વીટર ઉપર લખતા હોય છે. જે બ્લોગ દરેક વપરાશકર્તા વાંચી શકતા હોય છે અને પત્રકારો તેના સમાચારો બનાવતા હોય છે.

આવા જ અન્ય બે વપરાશકર્તા ન્યૂયોર્કની એક બિલ્ડીંગમાં રહેતા હતા અને તેમાંથી બ્લેક નામના યુવાને ડાન્સી નામના યુવાનનું ખૂન કરી બેઠો. કારણ માત્ર એટલુંજ કે બન્ને એકજ છોકરીને ચાહતા હતા અને આ ટ્વીટર નામની સાઇટ ઉપર એકબીજાને ભાંડતા હતા, સામસામે બ્લોગ લખીને. પરિણામ એ આવ્યું કે જેમ્સ બ્લેકે ડાન્સીનું ખૂન શોટ ગનથી કરી નાખ્યું અને આ હકીકતનો પર્દાફાશ ટ્વીટર નામની સાઇટ ઉપરથી જ ડિટેક્ટીવો કરી શક્યા. આમ કદાચ જેમ્સ બ્લેક દુનિયાનો પ્રથમ ટ્વીટર ખૂની કહેવાય.

ન્યૂયોર્ક ટાઇમ્સે જેને ઇન્ટરનેટ ઉપર ખૂબજ ઝડપથી વિકસતા સાઇટ તરીકે ઓળખાવેલ છે, તે સાઇટ છે ટ્વીટર અને એવું કહેવાય છે કે જાણે આખી દુનિયા ટ્વીટરમય બની રહી છે.

ટ્વીટરના ફીચર્સ અને ફંક્શન ફરી ક્યારેય જોઇશું.

- **એક એસ.એમ.એસ. :**

Just 3 Keys to enjoy life – CONTROL + ALTER + DELETE.

(1) Control the situation, if not, control yourself.

(2) Find alternative solution.

(3) Delete the situation which gives you tension.

આ સુંદર જીંદગી માણવા માટે માત્ર ત્રણ બાબતોનો જ વિચાર કરો : કમ્પ્યુટરની ત્રણ ચાવીઓ (૧) કંટ્રોલ (૨) ઓલ્ટર અને (૩) ડિલીટ યાદ રાખો.

કંટ્રોલ ચાવીથી પોતાની જાતને કંટ્રોલ કરો, કાબુમાં રાખો. જો કોઇ કોયડો સતાવતો હોય તો એનો પર્યાય શોધી કાઢો.

અને

કોઇ વિચાર સતત સતાવતો હોય તો તેને મગજમાંથી દૂર કરો, ભૂલી જાઓ.

> *"The most henious & the most cruel crimes of which history has record have been committed under the cover of religion or equally noble matives."*
>
> **– Mahatma Gandhi**

**પ્રવાસ**

# મુંબઇનાં વિખ્યાત દર્શનીય સ્થાનો પૈકીનું એક – તારાપોરવાલા માછલીઘર

**ભરત 'કુમાર' પ્રા. ઠાકર - અંજાર**

*તરૂણ મિત્રો, આ અંક તમારા હાથમાં આવશે ત્યારે તમે પરીક્ષાના ટેન્શનથી મુક્ત થયા હશો. કદાચ રિલેક્સ થવા પ્રવાસનું પણ આોજન તમારા પેરન્ટ કરતા જ હશે. આપણને બધાને મોહમયી મુંબઇનો મોહ હોય છે. કદાચ આપણા સગાસ્નેહી મિત્રો પણ ત્યાં રહેતા હોય અને જો કદાચ હમણાં કે ભવિષ્યમાં તમે મુંબઇ જાઓ, તો મુંબઇનું પ્રમાણમાં ઓછું જાણીતું એવું આ માછલીઘર જરૂર જોશો. કચ્છ શક્તિમાં પ્રકાશિત આ લેખ તમને એના વિશે વધુ કહેશે.*

*– મુખ્ય તંત્રી*

ભારતનાં મુખ્ય ચાર મહાનગરોમાં એક એવું અલબેલું મુંબઇ પણ દાયકાઓથી સહેલાણીઓને પોતાનાં અનેક ધાર્મિક, ઐતિહાસિક અને પ્રાકૃતિક સ્થળો માટે આકર્ષતું રહ્યું છે. આ મોહમયી નગરીનાં કેટલાંક જાણીતાં દર્શનીય સ્થાનોમાં એક માછલીઘર પણ છે!

... અને માછલીગૃહનું નામ પડે એટલે તરત આપણને દેશભરમાં વિખ્યાત એવું મુંબઇનું 'તારાપોરવાલા માછલીઘર' જ યાદ આવે. ભારતનું આ એક મોટું, સુયોજિત અને જાહેર 'માછલી સંગ્રહસ્થાન' (એક્વેરિયમ) છે, જે એક વિશિષ્ટ વિષય અને ખાસ પ્રકારનું જોવાલાયક સ્થળ બન્યું છે.

## ● નિર્માણ અને સ્થાપના

મુંબઈમાં પશ્ચિમ રેલવેનાં ઉપનગરીય રેલવે - માર્ગ પર ચર્ચગેટ અને મરિન લાઇન્સ પછી ત્રીજું સ્ટેશન ચર્નીરોડ આવે છે, જયાંથી પશ્ચિમે લગભગ દસ મિનિટના અંતરે અરબી સમુદ્ર સામે મરિન ડ્રાઇવ રોડ (હવે નેતાજી સુભાષ માર્ગ) પર આ સુંદર મત્સ્યાલયની ઇમારત આવેલી છે.

વિશાળ દરિયા કિનારો છતાં સ્વાતંત્ર્ય લગી આપણી પાસે વિશ્વસ્તરનું માછલીઘર નહોતું. તેની ખોટ પૂરી કરવા પશ્ચિમ કાંઠે મુંબઇમાં તે સ્થાપવાનું વિચારાયું. તે માટે જેમના નામે આજે પણ આ સંગ્રહાલય ઓળખાય છે તે પારસી દંપતી વિકાજી ડી.બી. તારાપોરવાલા તરફથી તે સમયે બે લાખ રૂપિયાનું ઉદાર દાન પ્રાપ્ત થયેલું.

ફલતઃ ૯મી મે, ૧૯૪૭ના મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન બાળગંગાધાર ઉર્ફે બી.જી. ખેરના હસ્તે તેનો શિલાન્યાસ થયેલો. ચાર વર્ષના અંતે કુલ રૂપિયા ૮.૯૧ લાખના ખર્ચે તે તૈયાર થઇ જતાં ભારતના રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપ્રસાદ (૧૮૮૪-૧૯૬૩)ના હસ્તે ૨૭મી મે, ૧૯૫૧ ના તેનું ઉદ્‌ઘાટન થયેલું. ડો. શેઠના તેના પહેલાં વ્યવસ્થાપક (ક્યુરેટર) બન્યા હતા. ૯ મીટર ઊંડા પાયા પર અને ૪,૮૭૩ ચોરસ મીટરમાં તેનું સુંદર ઇમારત - સંકુલ ઊભું કરવામાં આવ્યું છે.

## ● સમુદ્રી જીવનનું નજીકથી દર્શન

મુંબઇની મુલાકાતે આવનાર પ્રવાસીઓ માટે આ શહેરનાં ત્રણ વિશિષ્ટ 'ઘરો' વર્ષોથી આકર્ષણનાં કેન્દ્રો રહ્યાં છે. તેમાં પહેલું, કેમ્પ્સ કોર્નર પાસે કમલા નહેરૂ પાર્કમાંનું 'બુટઘર', બીજું, ભાયખલાના રાણીબાગમાંનું 'પ્રાણીબાગ' અને ત્રીજું તે ચર્નીરોડ પાસેનું 'માછલીઘર'!

માછલીઘર 'ગમ્મત સાથે જ્ઞાન' પૂરું પાડે છે. પાણીનાં જીવો કેવી રીતે રહે છે, એમની ખાસિયતો શી છે, પર્યાવરણ ચક્ર (ઇકોલોજિકલ સાઇકલ) કેમ ચાલે છે તે અહીં પ્રત્યક્ષ જોઇ અને સમજી શકાય છે. રંગીન માછલીઓની ઉછળકૂદ નિહાળી મુલાકાતીઓ પોતાના પ્રશ્નો કે ચિંતાઓ વીસરી જાય છે. કાચની ટાંકીઓમાં બંધ વિવિધરંગી રમતિયાળ માછલીઓ જોવામાં અબાલવૃદ્ધ સૌને આનંદ આવે છે.

આ માછલીઘરમાં ખારાં (દરિયાનાં) તથા મીઠાં (તળાવ-સરોવર-નદીનાં) પાણીનાં જળચર પ્રાણીઓને બને ત્યાં સુધી એમના કુદરતી વાતાવરણમાં રાખવામાં આવ્યાં છે. માછલીઓ, વિશાળકાય કાચબા, ઝેરી દરિયાઇ સાપ, કીડા, જળઘોડા... જેવા અનેક જાતના સમુદ્રી જીવો તમને સાગરના પેટાળમાં ઉતર્યા વગર અહીં જોવા મળી શકે છે.

## ● નાવીન્યપૂર્ણ સજીવ સંગ્રહાલય

ભારતમાં અનેક પ્રકારનાં સંગ્રહાલયો (મ્યુઝિયમ્સ) આવેલાં છે. સામાન્યતઃ તેમાં ઐતિહાસિક અને નિર્જીવ વસ્તુઓને પ્રદર્શન રૂપે ગોઠવવામાં આવે છે. પરંતુ સજીવોનાં પણ સંગ્રહસ્થાનો હોઇ શકે એવા બે અપવાદ છે. એક પ્રાણી સંગ્રહાલય (ઝૂ) અને બીજું માછલીઘર (એક્વેરિયમ) મુંબઇનું 'તારાપોરવાલા મત્સ્યાલય' ભારતભરમાં તેના વિષયનું નમૂનારૂપ સંગ્રહસ્થાન છે.

માછલીઓના સામાન્ય દેખાવને વધુ ભવ્ય બનાવે તે પ્રકારે તેનું અહીં પ્રદર્શન કરવામાં આવ્યું છે. જાણે ભીંતમાં ચિત્રો જડ્યાં હોય એ રીતે માછલીની ટાંકીઓને જડવામાં આવી છે. આ પ્રકારની વ્યવસ્થા ભારતમાં નવીન છે. મુંબઇનું આ માછલીગૃહ અમેરિકામાં સમુદ્રીજીવનનું સંક્ષિપ્તરૂપે દર્શન કરતો વિશાળ ખંડ આ સંકુલનો મુખ્ય ભાગ છે. અહીં પાણીની ૧૮ ટાંકીઓમાં ખારાં પાણીની, ૧૨ ટાંકીઓમાં મીઠાં પાણીની અને ૩૨ ટાંકીઓમાં ઉષ્ણકટિબંધની મળી કુલ ૬૨ ટાંકીઓમાં અનેકવિધ પ્રકારની રંગબેરંગી માછલીઓ પ્રદર્શિત કરવામાં આવી છે. મોટી ટાંકીઓ લગભગ સાડા ત્રણ મીટર લાંબી અને સવાથી દોઢ મીટર પહોળી હોય છે. તેમાં આગળ અઢી સેન્ટિમીટર (એક ઇંચ) જાડો કાચ બેસાડેલો હોય છે. દરેક ટાંકી પર તેમાં ક્યા પ્રકારની માછલી છે તે દર્શાવતી તકતી મુકાઇ છે.

## ● માછલીઓની ચંચળતા - નજાકત

એક સમયે અહીં ફિલીપાઇન્સ, જાવા, સુમાત્રા, સિયામ, સિંગાપોર જેવા દેશોની માછલીઓ નિહાળવા મળતી હતી. હવે બહુધા દેશી માછલીઓ જોવા મળે છે. ખાસ તો અહીં લાંબી મૂછો ફરકાવતા મોટા જિંગા (લોબ્સ્ટર), ફૂલ સરખા દેખાતા સી-એનેમોન, વીજળીનો આંચકો આપનારી ઇલેક્ટ્રિક રે માછલી, બખોલમાં છુપાઇને બેઠેલી ઇલ માછલી, ચાબુક જેવી પૂંછડી ધરાવતી સ્ટિંગ રે માછલી વગેરે જોવાની મજા આવે છે.

## ● 'એક્વેરિયમ' શબ્દની ભીતરમાં

આજે સામાન્યતઃ 'માછલીઘર' શબ્દમાં અંગ્રેજી પર્યાય તરીકે 'એક્વેરિયમ' શબ્દ વપરાય છે. વાસ્તવમાં તેનો મૂળ અને સાચો અર્થ જુદો છે. 'પાણી' સાથે સંબંધ ધરાવતા 'એક્વા' મૂળ - કૂળના ચારેક અંગ્રેજી શબ્દાર્થો પહેલાં જોઇ લઇએ. (૧) (એક્વા) અર્થાત પ્રવાહી પાણી, દ્રાવણ, મિશ્રણ, (૨) (એક્વેટિક) એટલે પાણી

સંબંધી, પાણીમાં રહેતું કે ઊગતું. (૩) (એક્વેરિયમ) અર્થાત્ દરિયાઇ વનસ્પતિ કે જળચરોનું સંગ્રહસ્થાન. (૪) (એક્વાગાર્ડ) ખનીજસભર પાણી પદ્ધતિના એક આધુનિક ઉપકરણનું નામ.

પાણી માટેનો શબ્દ 'એકવા' મૂળ લેટિન ભાષાનો છે અને તે પરથી પ્રાચીન રોમમાં પશુઓને પાણી પીવા માટેની જગ્યા 'એક્વેરિયમ' કહેવાતી હતી. ૧૯મી સદીમાં પશુઓને રાખવાની જગ્યા માટે અંગ્રેજીમાં એક નવો શબ્દ 'વાઇવેરિયમ' આવ્યો. ૧૮૫૩માં લંડન પ્રાણી સંગ્રહાલયમાં પ્રથમવાર માછલીઘર ખુલ્લું મૂકવામાં આવ્યું ત્યારે તેનું નામ 'મરિન વાઇવેરિયમ' (દરિયાઇ પ્રાણીસ્થાન) રાખવામાં આવ્યું.

સમય જતાં આ લાંબુ નામ ટૂંકાવવામાં આવ્યું. પહેલા શબ્દનો પૂર્વાર્ધ (એક્વે) અને બીજા શબ્દનો ઉત્તરાર્ધ (રિયમ) લઇને બે શબ્દોમાંથી એક શબ્દનું એક નવું જ નામ 'એક્વેરિયમ' બન્યું, સ્વીકારાયું. અને આજે પણ વપરાય છે. આમ, પ્રાચીન રોમના એક્વેરિયમને માછલી સાથે કોઇ જ સંબંધ નહોતો, જ્યારે આજે આ શબ્દ એનાથી જુદા જ સંદર્ભમાં વપરાય છે. આજે 'માછલી ઘર'ના અર્થમાં વપરાતા શબ્દ 'એક્વેરિયમ'ના મૂળમાં તો પાણી અને તેમાં રહેતાં પ્રાણીઓ છે, જેમાં દેખીતી રીતે માછલીનો પણ સમાવેશ થઇ જાય છે.

તીક્ષ્ણ દાંત અને મિજાજ ધરાવતી શાર્ક અને પિરાન્હા માછલીઓ પણ આ મત્સાલયનું ખાસ આકર્ષણ છે. તેની ગતિ, વળાંક લેવાની છટા, પાણીમાં સરકવાની અદા અને સાથે ભયાનક સુંદરતા દર્શકોને જકડી રાખે છે. નેશનલ જ્યોગ્રાફિ સોસાયટીના વિજ્ઞાનીઓએ આ પ્રચંડાની ફિલ્મ પણ ઉતારી છે. માછલીઘરના આ મુખ્ય ખંડની બહાર આવીએ ત્યારે આપણને જાણે જુલે વર્નના કેપ્ટન નેમોની સબમરિનમાં મુસાફરી કરીને આવ્યા હોઇએ એવી લાગણી થાય!

જમણી બાજુના નાના ખંડમાં સામાન્યતઃ ઘરેલું માછલીઘરમાં રખાતી માછલીઓ જોવા મળે છે. તેમાં વાદળી-જાંબલી રંગની ઝગારા મારતી નિર્યાન અને કાર્ડિનલ ટેટ્રા પ્રકારની માછલીઓ જોઇને બાળકો હેરત પામે છે. મોતી સાથેની કાલુ માછલી ખાસ ઉલ્લેખનીય છે (જે હકીકતમાં માછલી નહીં, પણ મૃદુકાય - મોલસ્કા વર્ગનું પ્રાણી છે). અહીં એક નાનું મ્યુઝિયમ પણ છે, જેમાં જળચરો, દરિયાઇ વનસ્પતિ, શંખ, છીપલાં, પરવાળાં, તેમાંથી બનતી ચીજો, માછીમારોની હોડીઓનાં મોડેલ, માછલીમાંથી બનતી દવાઓ વગેરે જોવા મળે છે.

- **અડધી સદીની પ્રદર્શન યાત્રા**

મહારાષ્ટ્ર સરકારનાં મત્સ્ય વિભાગ હેઠળ કામ કરતું આ માછલીઘર નવ વર્ષ પહેલાં પોતાની સ્થાપનાની અર્ધ-શતાબ્દી (૧૯૫૧-૨૦૦૧) ઉજવી ચૂક્યું છે. વર્ષે દહાડે લગભગ પંદર લાખ મુલાકાતીઓ આ સ્થળ જોવા આવે છે. આ માછલીગૃહ સવારે અગિયારથી રાત્રે આઠ સુધી નિહાળવા મળે છે. દર સોમવારે તે બંધ રહે છે, જ્યારે જાહેર રજાના દિવસોએ ખુલ્લું રહે છે.

અહીં માછલીઓ વિશે વિડિયો-ફિલ્મ-દર્શન પણ કરાવવામાં આવે છે. આ વિષય સંબંધી માહિતી આપતાં બહુભાષી પ્રકાશનો પણ મળે છે. ઉપરાંત, વિશાળ રેફરન્સ લાઇબ્રેરી, મત્સ્ય સંશોધન કેન્દ્ર અને માછલી-શોખીનોની 'બોમ્બે એક્વેરિયમ સોસાયટી'ની ઓફિસ પણ અહીં જ આવેલી છે.

મુંબઇમાં સુભાષ માર્ગ પરનું આ મોટું માછલીઘર ઉપરાંત ઉપનગરનાં વિલેપાર્લા (પશ્ચિમ) ના ઇર્લા વિસ્તારમાં લીલથી ભરેલા રહેતા એક તળાવનું નવીનીકરણ કરીને ઓગસ્ટ ૨૦૦૪માં ત્યાં પણ એક બીજું નાનું માછલી ઘર બનાવવામાં આવ્યું છે.

- **શ્રીમંતોનાં દીવાનખાનાની શોભા**

તારાપોરાવાલા જેવા માછલીના વિશાળ પ્રદર્શન - સહ - સંગ્રહસ્થાનની સાથે આ વિષયે અન્ય એક-બે વાતો પણ વણી લઇએ. ઘરમાં રાખી શકાય એવી કાચની સુશોભિત નાની ટાંકીઓ પણ હવે મળવા લાગતાં માછલીઘરની આવી લઘુ પ્રતિકૃતિઓ આજે અનેક પૈસાદાર પરિવારોના દીવાનખંડની શોભા બની છે.

વળી, આજકાલ જેનો પ્રચાર વધી રહ્યો છે તે 'વાસ્તુશાસ્ત્ર' પ્રમાણે આર્થિક લાભ અને કૌટુંબિક શાંતિ માટે ઘરમાં માછલીઘર હોવાનું જરૂરી લેખાય છે. ■

## કચ્છી યેલો પેજીસ

શ્રી કચ્છી સમાજ-અમદાવાદ તરફથી 'કચ્છી યેલો પેજીસ'ના અનુસંધાને આવેલ પત્રમાં જણાવવામાં આવ્યું છે કે હાલે શ્રી કચ્છી સમાજ-અમદાવાદ તરફથી 'કચ્છી યેલો પેજીસ' ડિરેક્ટરીનું કામ હાથમાં લેવાઇ રહેલ છે. આ ડિરેક્ટરીમાં અમદાવાદ સ્થિત દરેક કચ્છીના વ્યવસાયની માહિતી મૂકવામાં આવેલ હશે. અંદાજિત ૪૦૦ જેટલી વિવિધ કેટેગરી આ વ્યવસાયના અનુસંધાને બનાવવામાં આવેલ છે. પરિણામસ્વરૂપે જ્યારે આ ડિરેક્ટરી લોકોના હાથમાં આવશે ત્યારે અમદાવાદ સ્થિત કચ્છીઓ ક્યા ક્યા વ્યવસાયમાં કાર્યરત છે તેની સંપૂર્ણ માહિતી સાંપડી શકશે. દરેક કચ્છી પોતાની જરૂરિયાત મુજબના કચ્છી વ્યવસાયિકનો સંપર્ક સાધી શકશે અને તેના કારણે કચ્છીથી કચ્છીનું વ્યાપાર-વાણિજ્ય પણ વિકસી શકશે. વધારામાં આ ડિરેક્ટરીમાં કચ્છી બંધુઓ કે જેઓ સરકારશ્રીના વિવિધ વિભાગોમાં ઉચ્ચ સ્થાને બિરાજી કાર્યરત છે, તેની માહિતી પણ મૂકવામાં આવશે કે જેના કારણે જે-તે કચ્છીને સરકારશ્રીના જે-તે વિભાગની જરૂરિયાત પડે અને તે વિભાગમાં કચ્છી ઓફિસરનો સંપર્ક સાધવામાં આવે તો તે કામની સરળતા વધવાની શક્યતા વિશેષ પ્રમાણમાં બની શકે.

ઉપરોક્ત હકીકતના અનુસંધાને શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ, 'કચ્છી યેલો પેજીસ' પ્રવૃત્તિને બિરદાવે છે અને અમદાવાદમાં વસતા આપણા સમસ્ત પરિવારોને વિનંતી કરે છે કે ફોર્મ ભરાવવામાં ઉપયોગી થઇ શકે અને એ પ્રકારના ફોર્મ્સ ભરાવવામાં શક્ય બધા જ પ્રયાસો આદરે.

આ ડિરેક્ટરીના ખર્ચને પહોંચી વળવા જાહેરાત એકત્રિત કરવામાં પણ સહભાગી બનવા અપીલ કરે છે.

***વ્યવસાય અંગેની માહિતી માટેનું નિયત ફોર્મ તેમજ વધુ વિગતો માટે શ્રી જયમીન સોની (ફોન : )નો સંપર્ક કરવા વિનંતી.***

***અતુલ સોની - મંત્રી,***
***શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ***

# શ્રી દત્ત ધામ - કાળો ડુંગર

પી. જી. સોની 'દાસ' - ભુજ

આપણી પશ્ચિમ સીમાના સંત્રી સમા કાળા ડુંગર પર જ્યાં ભગવાન દત્તાત્રેયના બેસણાં છે એ પવિત્ર તીર્થધામ ભુજથી ૯૦ કિ.મી. અને ખાવડાથી ૨૦ કિ.મી.ના અંતરે આવેલું છે. ખાવડાથી ઇન્ડિયા બ્રિજ જતાં ૬ કિ.મી.ના અંતરે ક્રોબાણા ગામ તરફ જવાનો માર્ગ આવે છે. ત્યારબાદ કાળા ડુંગર પરનો ૮ કિ.મી.નો સર્પાકાર પાકો રસ્તો દત્તશિખરે પહોંચે છે.

કચ્છના કારગીલ સમાન ૨૨૯ ચો.મી. વિસ્તારમાં પ્રસરેલા કાળા ડુંગરની ૧૪૬૦ ફૂટની ઊંચાઇ પર કલગી સમાન શોભતા અને જાગૃત પ્રહરીની જેમ બિરાજતા ભગવાન દત્તાત્રેયનો પૌરાણિક ગ્રંથોમાં ઉલ્લેખ હોવાથી આ યાત્રાધામનું સદીઓથી એક અનેરૂં માહાત્મ્ય છે. એમ કહેવાય છે કે, અહીં ભગવાન દત્તાત્રેયે સાધના કરી હતી. પચ્છમ બેટ પહેલાના સમયમાં શેષાપટ્ટણ તરીકે ઓળખાતો. અહીં નાગલોકનું રાજ્ય હતું. પછી આ વિસ્તાર ક્ષેત્રપોના અધિકાર નીચે આવેલો. રણ-ડુંગર અને મહેરામણના સમન્વય પર આવેલા આ સ્થાનથી માત્ર ૬ કિ.મી. દૂર કુરન-કોટડામાં સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા છે.

ભૂકંપમાં લગભગ ધરાશાયી થઇ ગયેલા આ મંદિરનો આધુનિક જીર્ણોદ્ધાર ભુજ વિસ્તારના પૂર્વ ધારાસભ્ય મુકેશભાઇ ઝવેરી પરિવાર દ્વારા કરવામાં આવ્યો છે. આ મંદિરમાં ભગવાન દત્તની આકર્ષક મૂર્તિ છે. શાસ્ત્રીય સ્થાપત્યના પ્રત્યેક અંગને અર્વાચીન સંદર્ભમાં સ્થાપિત કરતાં આ મંદિરના શિખરે બનાવાયેલ કલાત્મક ગોખ (બારી)માંથી આવતો સૂર્યપ્રકાશ મંદિરના નિજગૃહને અનેરી આભા આપે છે. શ્રી દત્ત ભગવાનના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાની સાથે જ શ્રી હનુમાનજીના મંદિરની પણ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી છે જેનું નિર્માણ ભુજના શ્રીમતી સાવિત્રીબેન હરજી ખીમજી દાવડા પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.

ઝવેરી પરિવાર દ્વારા અતિથિગૃહ, વિરામસ્થાન તથા સંકુલમાં અન્ય સવલતો ઊભી કરાઇ છે જ્યારે સેવાભારતી ગુજરાતના દાન દ્વારા અનસૂયા ભોજનાલય તથા ભંડારાનું બાંધકામ કરવામાં આવ્યું છે તથા સાંસદશ્રી પુષ્પદાન ગઢવીની ગ્રાંટમાંથી વિશાળ કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવામાં આવ્યું છે આ સંકુલમાં ગૌશાળા પણ છે.

મંદિરની પૂર્વ તરફ જ્યાં દત્ત ભગવાનના પગલાં પધરાવાયેલા છે એ સ્થાનેથી એક ભોંયરું ગીરનાર જતું હોવાનું મનાય છે. સલામતીના કારણોસર હાલના સમયમાં ભોંયરાનું પ્રવેશદ્વાર બંધ છે. અહીં સુશોભિત કમાનો નજીક ભગવાન શિવજીનું પણ સ્થાનક આવેલું છે. બાજુમાં જ્યાં દત્ત ભગવાને ધુણો ધખાવી સાધના કરી હતી. એ સ્થાનની મહત્તા જાળવી રાખવા આજે પણ એ જ સ્થાને અખંડ ધૂણો ચાલુ છે. આ સ્થાન ગુરુ દત્તાત્રેયની પ્રસાદી સમાન છે.

ભગવાનશ્રી દત્તાત્રેયે પોતાના સાધનાકાળ દરમ્યાન મુંગા જંગલી પશુઓનો જઠરાગ્નિ ઠારવા પોતાની પાસે જ્યારે ખાવાનું કંઇ જ ન બચ્યું ત્યારે પોતાના શરીરના અંગ કાપીને 'લે અંગ' એમ બૂમો પાડીને તેમને ધરાવેલા. આ પ્રસંગની પરંપરા જાળવી રાખવા આજે પણ અપભ્રંશ થયેલ 'લોંગ-લોંગ' શબ્દ બોલી પ્રથમ શિયાળને નૈવેધ ધરાવાય છે અને પછી જ અન્ય ભક્તો પ્રસાદ આરોગે છે.

ધાર્મિક શ્રદ્ધા, સામાજિક સંગઠન અને સમરસતા, દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતા ત્રિવેણી સંગમ સમો આ અનેરો ઉત્સવ એક સામાજિક પરંપરા બની રહે એવા વિશ્વાસ અને શ્રદ્ધા સાથે 'દત્ત ઉત્સવ સમિતિ'એ પ્રયાસો આદર્યા છે. માગસર સુદ પૂર્ણિમાના પવિત્ર દિવસે ભગવાન દત્તાત્રેયની જન્મ જયંતી નિમિત્તે ઉજવાતો આ ભાતીગળ લોકમેળો ઓણ તા. ૨-૩-૪ ડિસે.ના ભક્તિભાવ અને શ્રદ્ધાથી ઉજવાશે.

આ દત્તધામ પશ્ચિમ ભારતના અગત્યના તીર્થસ્થાનોમાં સ્થાન પામી ચૂક્યું છે. તેને પર્યટનધામ તરીકે વિકસાવવાના પ્રયાસો હાલની સરકાર દ્વારા કરાઇ રહ્યા છે જે અંતર્ગત શિખર સુધી ડામર તથા સિમેન્ટનો પાકો માર્ગ રૂા. ૪૭ લાખના ખર્ચે તૈયાર થશે એમ જિ.પં. બાંધકામ સમિતિના ચેરમેનશ્રી પ્રવીણસિંહ વાઢેરે જણાવ્યું હતું.

## કચ્છના કામણ

*રણ ધણ ને મહેરામણ*
*ખર ખગનું અભ્યારણ*
*તર છાસે ગમતું શીરામણ*
*હર શ્વાસે રમતું સંભારણ.*

*– હંસરાજ કંસારા*

## વંદે માતરમ્

*મા, હું તને નમું છું!*
*તારા ત્વરીત વહેતાં ઝરણોથી હું સમૃધ્ધ છું*
*તારા બગીચાના ચમકારાથી હું પ્રકાશિત છું*
*તારા આનંદના વાયુથી હું શીત છું*
*ઘેરાં ખેતર લહેરાય છે, હે શક્તિની માતા, મુક્ત માતા*
*તારી શાખાઓ અને ભવ્ય નદીઓ પર*
*ચંદ્ર કિરણનું ગૌરવ પુલકિત થાય છે.*
*તું પ્રફુલ્લિત વૃક્ષોથી પરિધાન છે,*
*સુખની દાતા હે મા*
*તું સુહાસિની અને મધુર છે!*
*હે મા, હું તારા ચરણ ચૂમું છું*
*તું સુહાસિની અને સુમધુર વાણી બોલનાર*
*હે મા, હું તને નમસ્કાર કરૂં છું.*

***મહર્ષિ અરવિંદે કરેલા અંગ્રેજી રૂપાંતરનું ભાષાંતર***
***સૌજન્ય : 'આપણાં રાષ્ટ્રગીત' પ્રકાશન વિભાગ, ભારત સરકાર***

# ભારતના શહેરોમાં ગુજરાતી સમાજના અતિથિગૃહો

- **શ્રી ગુજરાતી સમાજ**
  સરદાર પટેલ કોલોની, પારસી ચાલ, આબુ રોડ - ૩૦૭૦૨૬ (રાજસ્થાન). ફોન : ૦૨૯૭૪-૨૨૨૨૫૮
  આબુરોડ સ્ટેશનથી ૧/૨ કિ.મી., માઉન્ટ આબુ ૨૭ કિ.મી., યાત્રાધામ અંબાજી ૨૨ કિ.મી.
  ચા, દૂધ, કોફી, ગરમ પાણીની વ્યવસ્થા છે. કેન્ટીન ચાલે છે.

- **શ્રી ગુજરાતી સમાજ - અકોલા**
  ગુજરાતી સમાજ ભવન, હેડ પોસ્ટ ઓફિસ પાછળ, સ્વાવલંબી વિદ્યાલય સામે, અકોલા (મહારાષ્ટ્ર).
  ફોન : ૦૭૨૪-૨૪૩૦૪૮૪, ફેક્સ : ૦૭૨૪-૨૪૩૩૬૮૬
  માનદ્ મંત્રી (રહે.) ૨૪૨૦૯૭૪
  રહેવાની વ્યવસ્થા છે. જમવાની વ્યવસ્થા વિનંતી (ઓર્ડર) ઉપર.

- **શ્રી ગુજરાતી સમાજ - પ્રયાગ**
  ૩૪૫, મુઠ્ઠી ગંજ, કટઘર રોડ, ગૌતમ સિનેમાની બાજુમાં, અલ્હાબાદ-૬૦૭ ૧૦૪. (ઉત્તર પ્રદેશ)
  ફોન : ૦૫૩૨-૨૪૧૫૧૪૦
  ૨૦ રૂમ + બે હોલ છે. ભોજન તથા ગરમ પાણીની વ્યવસ્થા છે. (માત્ર ગુજરાતીઓ માટે ૨૪ કલાક ખુલ્લો છે.)

- **શ્રી ગુજરાતી સમાજ**
  કચેરી ઘાટ, બેલન ગંજ, આગ્રા-૨૮૨ ૦૦૨.
  ફોન : ૦૫૬૨-૨૩૬૫૬૧૨, ૨૩૬૫૩૦૪

- **શ્રી મોદી ભવન ધર્મશાળા (શ્રી જયંતીભાઈ)**
  બસ સ્ટેન્ડ સામે, અંબાજી. જી. બનાસકાંઠા (ગુજરાત)
  ફોન : ૦૨૭૪૯-૨૨૨૦૩૬
  અતિથિગૃહ અને ભોજનની વ્યવસ્થા છે.

- **શ્રી ગાયત્રી સેવાશ્રમ ટ્રસ્ટ (ગાયત્રી શક્તિ પીઠ)**
  ગબ્બર રોડ, અંબાજી. જી. બનાસકાંઠા (ગુજરાત)
  મો. : (શ્રી શંકરભાઈ પટેલ) ૯૮૨૫૦ ૪૭૭૨૪
  અતિથિ ગૃહ અને સુંદર મંદિર

- **શ્રી ગુજરાતી મહામંડળ**
  સરદાર પટેલ અતિથિગૃહ, ગેદાલાલ સ્ટ્રીટ, હાથીભાટા, અજમેર-૩૦૫ ૦૦૧. (રાજસ્થાન)
  ફોન : ૦૧૪૫-૨૬૨૨૩૧૫
  અતિથિગૃહ અને ચા-નાસ્તાની વ્યવસ્થા છે.

- **શ્રી અખિલ ભારતીય માહેશ્વરી સેવા સદન**
  પુષ્કર, અજમેર-૩૦૫ ૦૨૨. (રાજસ્થાન)
  ફોન : ૦૧૪૫-૨૭૭૨૦૩૮. રહેવાની વ્યવસ્થા છે.

- **શ્રી રેવાબાઈ હિંદુ ધર્મશાળા**
  રેલ્વે સ્ટેશન પાસે, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૨.
  ફોન : ૦૭૯-૨૨૧૩૩૪૭૦ (મેનેજર : ભટ્ટ સાહેબ)
  રહેવાની વ્યવસ્થા છે.

- **શ્રી કચ્છી વિશ્રામ ગૃહ**
  અરિહંત નગર દેરાસરની સામે, ગાંધી વિદ્યાલયની ગલીમાં, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
  ફોન : (૦૭૯) ૨૨૮૮૪૫૪૭. રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા.

- **શ્રી સત્યનારાયણ મંદિર**
  પોસ્ટ : બેલદા, જી. મીદનાપુર (પ.બંગાળ)-૭૨૧ ૪૨૪.
  સંપર્ક : (મણિલાલ ઠક્કર) ૦૩૨૨૯-૨૫૫૨૫૬, ૨૫૫૨૨૮૦
  રાજેશભાઈ સેતા : ૦૩૨૨૯-૨૫૫૪૦૮,
  હિંમતભાઈ મીરાણી : ૦૩૨૨૯-૨૫૫૩૧૨
  કેશુભાઈ પટેલ : ૦૩૨૨૯-૨૫૫૨૫૦, ૨૫૫૩૧૯
  (ગુજરાતી / મારવાડી ભાઈઓનું સંયુક્ત છે.)

- **શ્રી રાજેશભાઈ સેતા (ઠક્કર)**
  C/o. કિરણ ટ્રેડર્સ, બિનાપાની, યુ.પી. સ્કુલ સામે, પો. બેલદા, જી. મીદનાપુર (પશ્ચિમ બંગાળ) ૭૨૧ ૪૨૪.

- **શ્રી બેંગ્લોર વૈષ્ણવ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ**
  ૨૮, ૧લો મેઈન રોડ, સેલ્સટેક્ષ ઓફિસ સામે, સાગર સિનેમા પાછળ, બેંગ્લોર-૫૬૦ ૦૦૯. (કર્ણાટક)
  ફોન : (૦૮૦) ૨૨૨૬૧૦૩૪, ૨૨૯૧૦૭૩૨, ૨૩૩૦૪૩૨૭
  કિફાયતી અતિથિગૃહ અને ભોજનની વ્યવસ્થા છે.

- **શ્રી સંયુક્ત ગુજરાતી સમાજ**
  સરદાર પટેલ ભવન, ૧૬, થિમાય્યા રોડ, વંસથ નગર, બેંગ્લોર (કર્ણાટક). ફોન : ૦૮૦-૨૨૩૫૦૫૪૯, ૨૨૩૫૦૫૫૦. સુંદર અતિથિ ગૃહ છે.

- **શ્રી કોઈમ્બતુર ગુજરાતી સમાજ**
  ૫૦૦, મેટુ પલયમ રોડ, આર.એસ. પુરમ, કોઈમ્બતુર-૬૪૧ ૦૦૨. ફોન : (૦૪૨૨) ૨૫૫૦૦૪૯, ૨૫૪૬૮૯૬ ફેક્સ : (૦૪૨૨) ૨૫૪૬૮૯૬
  ઈ-મેઈલ : cbegujaratisamaj@yahoo.com
  રહેવાની સુંદર વ્યવસ્થા.

- **શ્રી ગુજરાતી મંડળ**
  ગુણવંતી ભવન, ૧૧૬, પ્રકાશમ રોડ, બ્રોડવે, સાઈકલ બજાર, ચેન્નાઈ. (તામિલનાડુ)
  ફોન : ૦૪૪-૨૫૩૮૨૮૪૪, ૨૫૩૮૪૬૮૦
  અતિથિગૃહ અને ભોજનની સુંદર વ્યવસ્થા છે.

- **શ્રી કોચીન લોહાણા મહાજન**
  પેલેસ રોડ, વિજયાલક્ષ્મી હોટલ સામે, કોચીન-૬૮૨૦૦૨.
  ફોન : ૦૪૮૪-૨૨૨૮૨૯૪
  દરિયા સ્થાન છે. જેમાં છેલ્લા ૭૪ વર્ષથી અખંડ જ્યોત છે. આરતી સવારે ૮ અને સાંજે ૭ કલાકે. રહેવાની વ્યવસ્થા છે.

- **શ્રી દુર્ગાપુર ગુજરાતી સમાજ**
  સરદાર પટેલ ભવન, સુભાષ પલ્લી, બેનાચેટી, અનુરાધા સિનેમા પાસે, દુર્ગાપુર-૭૧૩ ૨૧૩. (પશ્ચિમ બંગાળ)

ફોન : (૦૩૪૧) ૨૫૮૨૬૭૬
માત્ર રહેવાની સગવડ છે. સ્વૈચ્છિક ડોનેશનના ધોરણે.

- **શ્રીમતી સરલાબેન નવીનચંદ્ર સતુરીયા (ખડાયતા સમાજ)**
કપડવંજ ખડાયતા માર્ગ, માર્કેટ યાર્ડ સામે,
ડાકોર-૩૮૮ ૨૨૫. તા. ઠાસરા. જી. ખેડા (ગુજરાત)
ફોન : (૦૨૬૯૯) ૨૪૫૧૩૦, ૨૪૪૫૭૬
ફ્લેટ જેવી રહેવાની તથા જમવાની વ્યવસ્થા છે. ન્યુનતમ ભાડું છે. એ.સી. રૂમ પણ છે. વાસણ સાથે રસોડાની વ્યવસ્થા પણ છે. પાર્કિંગ માટે પણ જગ્યા છે.

- **શ્રી લોહાણા અતિથિ ભવન**
ઢોરના દવાખાના સામે, કોર્ટ રોડ, ડાકોર-૩૮૮ ૨૨૫.
જી. ખેડા (ગુજરાત). ફોન : ૦૨૬૯૯-૨૪૫૩૪૪
રહેવા માટે ડબલ બેડ રૂમો છે. ચા-કોફી નાસ્તાની વ્યવસ્થા છે. જમવાનું ઓર્ડર આપવાથી મળે છે. રેલ્વે સ્ટેશનેથી ૧/૨ કિ.મી. છે. શ્રી રણછોડરાયનું મંદિર ચાલતાં ૫ મિનિટના અંતરે છે.

- **શ્રી લોહાણા અતિથિ ભવન ટ્રસ્ટ**
શ્રીમદ્ વલ્લભાચાર્ય માર્ગ, નવી હવેલી પાસે,
દ્વારકા-૩૬૧ ૩૩૫. (ગુજરાત). ફોન : ૦૨૮૯૨-૨૩૪૪૧૭
ટ્રસ્ટ દ્વારા શ્રી દ્વારકેશ ભોજનાલય પણ ભદ્રકાલી રોડ ઉપર ચલાવાય છે.
અતિથિ ભવનમાં ૨-૩-૪ બેડરૂમ તેમજ ડોરમેટરીની વ્યવસ્થા છે. ચેક આઉટ સમય સવારે ૧૦ વાગે. ● દ્વારકાધીશનું મંદિર નજીકમાં જ પગપાળા પાંચ મિનીટના અંતરે છે. ● દ્વારકા નગરપાલિકા દ્વારા દ્વારકા-દર્શનની બસો ચાલે છે. પહેલી સવારે ૮ વાગે અને બીજી બપોરે ૨ વાગે. ભદ્રકાળી મંદિર પાસેથી ઉપડે છે. ફોન : ૨૩૪૪૨૯, ૨૩૪૦૯૩.

- **શ્રી ગાયત્રી પરિવાર ટ્રસ્ટ (ગાયત્રી મંદિર)**
રત્નેશ્વર રોડ, દ્વારકા-૩૬૧ ૩૩૫ (ગુજરાત)
ફોન : ૦૨૮૯૨-૨૩૪૪૪૮, ૨૩૪૪૩૩
રહેવાની, જમવાની સુંદર વ્યવસ્થા છે.

- **શ્રી દિલ્હી ગુજરાતી સમાજ**
સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, ૨, રાજનિવાસ માર્ગ,
સિવિલ લાઈન્સ, દિલ્હી-૧૧૦ ૦૫૪.
ફોન : ૦૧૧-૨૩૯૮૧૭૯૬ / ૯૭ / ૯૮
રહેવાની ઉત્તમ વિશાળ વ્યવસ્થા, ગુજરાતી ભોજન - કેન્ટીનની પણ વ્યવસ્થા. દિલ્હી દર્શન તેમજ અન્ય શહેરોની ટ્રાવેલ્સની વ્યવસ્થા છે.

- **શ્રી સ્વામિનારાયણ મંદિર અતિથિગૃહ**
૧૩, બેલા રોડ, રીંગ રોડ, સંન્યાસ આશ્રમ પાસે,
સિવિલ લાઈન્સ, દિલ્હી-૧૧૦ ૦૫૪.
ફોન : ૦૧૧-૨૨૫૨૪૭૦૩, ૨૨૫૧૫૦૧૩
કિફાયતી રહેવાની વ્યવસ્થા અને ગુજરાતી ભોજન ઉપલબ્ધ છે.

- **શ્રી ગુજરાતી સમાજ**
૧, શ્રી ગુજરાતી સમાજ, પટેલ ભવન, સેક્ટર-૧૫/એ,
અજરોડા, ફરીદાબાદ-૧૨૧ ૦૦૭. (હરીયાણા)
ફોન : ૦૧૧-૨૮૨૮૩૪૬૨. દિલ્હીથી ૧૪ કિ.મી. દૂર છે.
રહેવાની નિઃશુલ્ક વ્યવસ્થા છે.

- **શ્રી ગુજરાતી ધર્મશાળા**
મહેંદી બાગ, ગયા (બિહાર)
રહેવાની વ્યવસ્થા છે.

- **શ્રી ભારત સેવા સંઘ**
સ્ટેશનની સામે, ગયા (બિહાર)
રહેવાની વ્યવસ્થા છે.

- **શ્રી રામેશ્વર લોજ**
મહાલક્ષ્મી મંદિર પાસે, પણજી, ગોવા-૪૦૩ ૦૦૧.
ફોન : ૦૮૩૨-૨૨૨૪૭૭૬
રહેવાની કિફાયતી વ્યવસ્થા છે.

- **શ્રી હરિદ્વાર ગુજરાતી ધર્મશાળા**
આર.બી. જશારામ રોડ, હરિદ્વાર-૨૪૯ ૪૦૧.
ફોન : ૦૧૩૩૪-૨૨૭૧૫૩, ૨૨૪૬૬૮ (ઉત્તરાંચલ)
મુંબઈ (રજી.) ઓફિસ : શ્રી હરિદ્વાર ગુજરાતી સમાજ ધર્મશાળા ટ્રસ્ટ, ૫, તાજ બિલ્ડિંગ, (ત્રીજો માળ),
૨૧૦, ડી.એન. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૧.
ફોન : (૦૨૨) ૨૨૦૧૬૯૬૪

- **શ્રી આર્ય નિવાસ**
નિરંજન અખાડા રોડ, હરિદ્વાર-૨૪૯ ૪૦૧ (ઉત્તરાંચલ)
ફોન : ૦૧૩૩૪-૨૨૬૨૭૨, ૩૯૫૪૧૪
રહેવા-જમવાની વ્યવસ્થા છે. ગંગા કિનારે છે.

- **શ્રી કચ્છી (લાલ રામેશ્વર) અન્નક્ષેત્ર આશ્રમ ટ્રસ્ટ**
સપ્ત સરોવર માર્ગ, ભારત માતા મંદિર પાસે,
હરિદ્વાર-૨૪૯ ૪૧૦ (ઉત્તરાંચલ)
ફોન : ૦૧૩૩૪-૨૬૦૬૨૧, ૨૬૨૩૮૩
રહેવાની ઉત્તમ-વિશાળ વ્યવસ્થા છે. ગુજરાતી ભોજનની વ્યવસ્થા છે.

- **શ્રી ગુજરાતી પ્રગતિ સમાજ**
૪-૩-૨૫૯, ગિરીરાજ લેન, બેંક સ્ટ્રીટ, સુલતાન બજાર,
હૈદ્રાબાદ (આંધ્ર પ્રદેશ). ફોન : ૦૫૦-૨૪૭૫૪૬૫૭
અતિથિ ગૃહ અને ભોજનની વ્યવસ્થા છે.

- **શ્રી ગુજરાતી પ્રગતિ સમાજ અતિથિ ગૃહ**
દીપક ભવન, ૪-૩-૧૪૮, રોયલ ટોકીઝ લેન,
પ્રગતિ કોલેજ પાસે, હનુમાન ટેકડી, હૈદ્રાબાદ-૫૦૦ ૦૯૫.
(આંધ્ર પ્રદેશ). ફોન : ૦૪૦-૨૪૭૫૧૫૨૨

***સૌજન્ય : સાહિત્ય સાધના***

**Let Us Play**

# Check-Met

**'Tulsi' - Ahmedabad**



*Friends, we know you are all busy with your studies at present, preparing for your annual examinations. But then, it all will be over by April. During May – June Vacation you students will have loads of time at your disposal. Then you may think of games. The games that can play in-doors when the hot-sun prevent you play outdoors. Keeping this in view, we introduce a new column for you "Let us Play..." Hope, you will enjoy it.*

***– Chief Editor***

Basically there are two types of game, Indoor & Outdoor. In outdoor games, Cricket the most popular in our country. Badmington, Football or Soccer as it his known in America. Hocky - once our Country was Olympic Champion in this game; Kabaddi or Hututu, Khokho, Volley ball, Loan Tennis etc., There are indoor games – Table tennis, carrom, playing cards, ful-racket and the King of indoor games the Chess. I am sure, you all know Vishwanathan Anand. He has earned credit to our great Country in chess. And there are many such other games, we will take some of them one by one in this column. To begin with, let us discuss Chess.

Today and onwards in this series, we are going to know more and more about the game of chess, because, the vacation is looming large over the horizon and in the hot and unfriendly sun of April-May-June, it will be difficult to move out from your sweet home. So before you start playing chess, learn few things about the game in this small article.

**• SMALL HISTORY :**


CHESS - was known as CHATURANGA in the 6th century in India, literally means 'having four limbs', in Sanskrit. But, in our epics, it stands for army. The four limbs represent elephants, chariots, horsemen and foot soldiers. It is believed that the name came from the strategic formation methods in a battle, as mentioned in Mahabharata. The game of Chess basically portrays the Indian military strategy of the past era. In Persian language it is known as Shatranj.

*પ્રિય તરૂણ મિત્રો,*

*આ અંકથી આપને રસ પડે તેવી 'રમત'ની સીરીઝ શરૂ કરીએ છીએ. અમે જાણીએ છીએ કે તમારામાંના ઘણા અંગ્રેજી મીડીયમમાં ભણો છો એટલે ગુજરાતી વાંચવાનું ફાવતું નથી અને એટલેજ, આ સીરીઝ મુળતઃ અંગ્રેજીમાં રાખી છે. તેમ છતાં, અમારા એવા પણ ઘણા મિત્રો હશે જેઓ ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા હશે અથવા જેમને ગુજરાતી વાંચવું ગમતું હશે. એમના માટે આ સીરીઝની મુખ્ય વાતનો ગુજરાતી સંક્ષેપ પણ આપશું. આશા છે, આપને આ 'દ્વિભાષી' પધ્ધતિ પસંદ આવશે. એટલું જ નહીં આ સીરીઝમાં રસ પડશે. તમે પણ આ સીરીઝમાં ભાગ લઈ શકો છો, અમને લખી શકો છો. આગળ જતાં આમાં ક્વીઝ પણ આવશે જેમાં ભાગ લઈ ઈનામો પણ જીતી શકો છો. માટે - અત્યારથી જ આ સિરીઝ રસપૂર્વક વાંચવાનું શરૂ કરો અને જૂઓ - 'આગે આગે હોતા હૈ ક્યા?'*

***– મુખ્ય તંત્રી***

Chess board has 64 squares & 32 pieces, divided equally in Black and While. There are only two players, one chooses White and the other Black.



Appearing in the above picture, from left to right, these pieces are known as Rook or Hathi in Gujarati, Night or Ghoda, Bishop or Camel, Queen or Vazir & King respectively. The pawns, numbering 8 are appearing in the front line. They are also known pyada or shipahi. There are two rooks, two nights, two camels, one King & one Queen, alongwith pawns in each colour. The arrangement should be as displayed above. White Queen will always be in White square abd Black in Black. The second principal, one has to keep in mind is, to your right there will always be White square at the extreme right.

So, First thing, no sooner vacation starts, buy a chess board and start learning this game. Ask questions in this column "Check-Met" and your friend will answer the same.

# શતરંજના ખેલ

હંસરાજ કંસારા - અમદાવાદ

એક હતો રાજા. એને શતરંજનો જબરો શોખ. એ દરરોજ એના જીહજૂરીયાઓ જોડે કલાકો સુધી શતરંજ રમે. અને થાય એવું કે હમેશાં એની સાથે રમનાર જ હારી જાય. ધીરે ધીરે રાજાના મનમાં એવું વસી ગયું કે એ શતરંજનો જબ્બર ખેલાડી છે. કોઇ એને મ્હાત તો ઠીક, શેહ પણ આપી શકે તેમ નથી. આ રાજા જ્યારે શતરંજ રમતો હોય ત્યારે એની બેઠક આગળ-હૂક્કો પડ્યો હોય. એ હુક્કાની નળી એના મોંમાં હોય અને એમાંથી ગુડ..ગુડ.. નો અવાજ આવ્યા કરે. ધીમી ધારે - એના મ્હો માંથી હુક્કાની ધૂમ્રસેર નીકળ્યા કરે. ઘણીવાર હુક્કામાંનો દેવતા-ઓલવાઇ જાય. એમાં દેવતા ભરવા એક નાનકડો છોકરો સતત ત્યાં હાજર રહે.

આ છોકરો એ શતરંજની રમત ધ્યાનથી જોયા કરતો. ધીરે ધીરે એને શતરંજના પ્યાદા, વજીર, ઘોડો, હાથી-બધાની 'ચાલ'ની ચલગત સમજાતી ગઇ. એને આ રમતમાં રસ પડ્યો. રાજા રમી લે, આરામ કરવા જાય કે દરબારમાં જાય, શિકારે જાય કે બીજે ક્યાંય હોય ત્યારે આ છોકરો એકલો એકલો શતરંજના પ્યાદાને કાળા ધોળા ચોકઠામાં પ્રત્યેકના નિયમ મુજબ ફેરવતો રહે.

એક રાત્રે એવું થયું કે રાજાને કેમેય ઉંઘ ન આવે. બે ત્રણ વખત એણે એ છોકરાને બોલાવી, એનો હૂક્કો ભરાવ્યો. ગુડ ગુડ કરતો રહ્યો. આખરે કંટાળીને એણે શતરંજનું બોર્ડ મંગાવ્યું. એકલો એકલો રમવા લાગ્યો. છોકરો એને ધ્યાનથી જોઇ રહ્યો. રાજાને એકલા રમતાં કંટાળો આવ્યો, કારણકે એ રાત્રે એનો કોઇ હજૂરીયો એની વાહ વાહ કરવા હાજર નહોતો. કંટાળીને એણે બધા પ્યાદા-જોરથી ફેંક્યા અને બબડ્યો. વાહ વાહી વિનાની રમત શું કામની?



છોકરાએ એ જોયું. જાજમ પર વિખેરાયેલા પ્યાદા-એકઠા કરતાં એણે એકદમ નમ્રતાથી કહ્યું ''બેઅદબી માફ કરો મહારાજ, તો એક વાત કહું.'' રાજાને મજા આવી. કંઇક નવું જાણવાની ઉત્કંઠા સાથે એણે કહ્યું,

"બોલ છોકરા, તારે શું કહેવાનું છે?''

"મહારાજ... આપને એકલા રમવાનું ગમતું નથી. અત્યારે મધરાતે આપના કોઇ સાથીદારને બોલાવવા હોય તો ભલે, નહીં તો મહારાજ, હું આપની સાથે રમું?''

"રાજા ખડખડાટ હસ્યો... અલ્યા એ હુક્કાઇ, હુક્કામાં દેવતા ભરતાં તું વળી આ શતરંજ ક્યાંથી શીખ્યો? ચાલ ત્યારે આવી જા. આજે, એક બે હાથ તારી સાથે જ સહી. તને હરાવીશ તો મને શાંતિ થશે અને ચેનની ઉંઘ આવી જશે. ચાલ, ગોઠવ... બાજી...''

રાજાએ એક હાથે મુછ પર તાવ દીધો, બીજે હાથે હુક્કાની નળી, હોંઠે મુકી. ગુડ ગુડ અવાજ થયો. હુક્કામાં દેવતા ઝબકી રહ્યો.

રાજા અને છોકરો... રમવા લાગ્યા.

આમ તો રાજા શાણો હતો. કદરદાન પણ હતો. થોડું રમતાં જ એને સમજાઇ ગયું કે એના હજૂરીયાઓ કરતાં આ છોકરો વધુ ચોક્કસાઇથી રમતો હતો. એની ચાલ અટપટી રહેતી. એટલું જ નહીં પણ રાજાને લાગ્યું કે એની પોતાની ચાલ છોકરો તરત જ સમજી જાય છે અને એ મુજબ પ્રતિકાર કરે છે.

ધીરે ધીરે ખેલ જામતો ગયો. રાજાને ખરેખર પહેલી વખત લાગ્યું કે એને આજે ખરો રમનાર સાથી મળ્યો છે. થોડા જુસ્સામાં આવી એણે કહ્યું, ''અલ્યા એ હૂક્કાઇ, જો આ બાજી તું જીતી જશે તો હું તને માંગીશ તે ઇનામ આપીશ...''

અને થયું પણ એમજ. હૂક્કાઇએ રાજાના 'રાજા'ને શેહ દીધી - અને બીજી જ ચાલે, એને મ્હાત પણ કર્યો. હાથી વજીર હાથ ધોતા રહ્યા. રાજાના હોઠેથી હૂક્કાની નળી સરી ગઇ. મ્હોમાંથી વાહ...વાહ નીકળી ગયું.

''વાહ હૂક્કાઇ વાહ... તું તો ખરો ખેલાડી!''

"બોલ... મારા વચન મુજબ તું જે માંગે તે આપું. આજે મને હારવાનો પણ આનંદ છે!!''

છોકરો ઉભો થયો. રાજાની પાસે ગયો. એને પગે પડ્યો અને નમ્રતાથી કહ્યું.

''મહારાજ... આપ મારા ગુરૂ છો. ગુરૂના આશિષના કોઇ મૉલ ન હોય. આપે મને ઘણું આપ્યું છે. મને કંઇ નથી જોઇતું.''

પરંતુ રાજહઠ... આગળ કંઇ કોઇ'નું ચાલે? રાજાએ તો હઠ પકડી.. કે છોકરાએ કંઇક માગવું જ જોઇએ.

છેવટે થાકીને છોકરાએ માગ્યું... કંઇક એવું માંગ્યું કે... રાજાએ તે વખતે તો 'તથાસ્તુ' કહી દીધું પરંતુ ખરેખર... આપતી વખતે... એને... એની મર્યાદા સમજાઇ ગઇ.

આવો, જોઇએ, એ 'હૂક્કાઇએ રાજા પાસે શું માંગ્યું હતું!'

છોકરાએ રાજાને કહ્યું કે મહારાજ, ... આપના રાજમાં મારી પાસે બધું છે. સુખ છે, શાંતિ છે. આપની હૂંફ છે. બસ આપો તો મને થોડા અનાજના દાણા આપો...

''બસ! થોડા અનાજના દાણા? ખૈર, બોલ કેટલા?''

''મહારાજ આ શતરંજના પહેલા ખાનામાં એક દાણો, બીજામાં બે દાણા ત્રીજામાં ચાર દાણા... ચોથા ખાનામાં આઠ દાણા... પાંચમાં ખાનામાં સોળ દાણા... છઠ્ઠા ખાનામાં બત્રીસ દાણા... આમ આ શતરંજના ચોસઠ ખાનામાં. પહેલાથી બમણા અનાજના દાણા એ હિસાબે... મૂકાવી મને અપાવો...'' છોકરાએ કહ્યું.

રાજા એ અર્ધ ઉંઘમાં કહ્યું, "બસ... માગી માગીને ચોસઠ ખાનામાં સમાય એટલા અનાજના દાણા જ માગ્યા! ઠીક છે. આ લે મારો હૂકમ... સવારે જ પ્રધાનજીને આપજે.'' એમ કહી રાજાએ એની પાસે પડેલી 'હૂકમ પોથી' માં ની ઉપરના પૃષ્ઠ પર હૂકમ લખી દીધો. પોતાની અંગુઠીનો રૂક્કો જડી દીધો. 'હૂકમ' છોકરાના હાથમાં આપી દીધો અને સવામણની તળાઇમાં સુખ અને સંતોષની લાગણી સાથે સુઇ ગયો. સવાર પડી. હૂક્કાઇ એ 'વટહૂકમ' લઇને પ્રધાનજીને ઘેર ગયો. રાજાનો 'હૂકમ' એમના હાથમાં આપ્યો... હૂકમ જોઇ ચકોર પ્રધાન ચમકી ગયો.

કહો જોઇએ,... એ હૂકમમાં એવું તે શું હતું કે પ્રધાન ચમકી ગયો? ... શું એ હુકમ મુજબ એ છોકરાને શતરંજના ચોસઠ ખાનામાં એક પછી બીજામાં બમણા હિસાબે દાણા મળ્યા? ... અને મળ્યા હોય તો તે કેટલા દાણા હતા?

***સાચી સંખ્યા જણાવનાર વાંચકોમાના એકને 'સેતુ' તરફથી લક્કી ડ્રો દ્વારા - કંઇક ઈનામ મળશે. પણ તે 'સેતુ' ની ક્ષમતા મુજબનું જ હશે. શતરંજના ચોસઠ ખાનામાં સમાય તેટલું કે તેવું તો નહીંજ હોય!***

*એક બીજી વાત... ચતુર પ્રધાનને તો આખરે રાજ વહીવટ કરવાનો હોય... એને તો આવી ગુથ્થીઓ (રાજા વાજા ને વાંદરા સરજે તેવી) ઉકેલવાની ગત તો રાખવી જ પડે. એટલે એ ચતુર પ્રધાને 'રાજ હૂકમ'નો અમલ કેમ કર્યો તેની વાત આગામી અંકમાં. વાંચક મિત્રો આ માટે એમના સુઝાવ મોકલી શકે છે. — મુખ્ય તંત્રી*

# વરદાન

ટી.ઓ. બુધ્ધભટ્ટી, M.A., M.Ed. નિવૃત્ત આચાર્ય, ભુજ

એક ગામમાં રમેશ જોશી નામે ક્રિયાકાંડી બ્રાહ્મણ રહેતો હતો. તેની આર્થિક સ્થિતિ સારી ન હતી. તેની પત્ની તેને કમાવા માટે કહેતી હતી. તે પત્નીને કહેતો કે, 'પ્રાર્થના ઈશ્વર પાસે પહોંચવાની પાંખ છે. ધ્યાન ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની આંખ છે.'

મહાશિવરાત્રીના દિવસે ઘરમાં હાંડલા કુસ્તી કરતા હતા. પત્ની સાથે એ વાતમાં ઝઘડો થયો. તેથી તે જંગલમાં ગયો, સાથે પાણી પણ લીધું. તે જંગલને જોઇને બોલ્યો, 'પ્રકૃતિ ઈશ્વરની કળા છે.' તે આગળ વધ્યો. ખુલ્લામાં શિવલિંગ આવ્યું. ત્યાં નજીક બિલિપત્રોનું ઝાડ હતું. તેણે બિલિપત્રો લીધા અને ત્યાં બેસી ગયો. બિલિપત્રો ચડાવ્યા અને પાણીથી અભિષેક કરવા લાગ્યો. શુદ્ધ ઉચ્ચારમાં મંત્રોચાર કરવા લાગ્યો. દિવસ અને રાત પસાર થયા.

તેની પૂજાથી, શુદ્ધ મંત્રોચ્ચારથી ભોળા શંભુ પ્રસન્ન થયા. તેને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો. શિવજીએ કહ્યું, 'માંગ, તને ત્રણ વરદાનો આપું છું.' તે હાથ જોડી બોલ્યો, 'શિવજી મને રાવણ જોવો બનાવી આપો.' શિવજી બોલ્યા, 'તથાસ્તુ.' તરત જ તે દસ માથાવાળા રાવણ જેવો બની ગયો. તે અકળાયો. દસ માથાનો બોજ સહન ન કરી શક્યો. તેણે બીજું વરદાન માંગ્યું. 'શિવજી આ દસ માથા દૂર કરી આપો.' શિવજી બોલ્યા, 'તથાસ્તુ.' તરત જ તેના દસે માથા દૂર થઇ ગયા. તરત જ તેણે ત્રીજું વરદાન માંગ્યું, 'શિવજી મારું માથું આપો.' શિવજી બોલ્યા, 'તથાસ્તુ'.

- **સ્પષ્ટતા :**

આ ઉપનિષદ્ આધારિત વાર્તા છે, દૃષ્ટાંત કથા છે. તર્કથી વાંચવાની જરૂર નથી. માત્ર સમજણ માટે લખી છે.

ભાગ્યમાં હોય તે મળે છે. ભાગ્ય કર્મથી બને છે તેથી આપણે કર્મને મહત્વ આપવું જોઇએ. બ્રાહ્મણે શિવલિંગ પર અભિષેક કર્યો, તેમજ શુદ્ધ ઉચ્ચાર કર્યા. પરિણામે ભોળા શંભુ પ્રસન્ન થયા. આજે તો આપણામાં દર્શન કરતાં પ્રદર્શનનું મહત્ત્વ વધી ગયું છે.

આપણે અભિમાની છીએ. આપણે અહંપ્રેમી છીએ. અરીસાના પ્રતિબિંબથી બહાર નીકળતા નથી. આપણે મન, વચન, હૃદય, ભીતરથી સમજવા કે સ્વીકારવા તૈયાર થતા નથી. તેથી હવે તો ભક્તિ, પૂજા, અર્ચનાના સાપ ગયા અને લીસોટા પણ નથી રહ્યા.

આપણામાંના કેટલાકને નમ્રતાનું અભિમાન હોય છે. આપણે ત્યાં અજ્ઞાનને અંધારા સાથે સરખાવ્યું છે અને જ્ઞાનને પ્રકાશ સાથે સરખાવ્યું છે. બૃહદારણ્યક ઉપનિષદના એક શ્લોકમાં પ્રાર્થના કરી છે. 'તમસો મા જ્યોતિર્ગમય.' તેના ઉપરથી કવિ નાનાલાલે કવિતા લખી છે 'ઊંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઇજા.' ગુણવંત શાહે પણ લખ્યું છે કે, 'હે ભગવાન! તું મને એકાંત માણવાની તાકાત આપજે અને શાંતિને શણગારવાની તાકાત આપજે.'

એકાંત માણસને સજીવ કરે છે, એકલતા મારી નાખે છે. એકાંતમાં મન વિચાર અને માન્યતાથી મુક્ત થવું જોઇએ. ત્યારેજ સાચી રીતે સક્રિય બનાય છે. પરિણામે સમજ આવે છે. વેદોમાં કહ્યું છે કે, 'જીવનને દેખાવથી બદલવાની જરૂર નથી. જરૂર છે આપણે અભિગમ બદલવાની.' આપણે સમજીએ કે 'મોટામાં મોટું મોજું પણ ઝડપથી ખોવાઇ જાય છે.'

જુદાઇ એ ભ્રમણા છે. પ્રભુનું મિલન એ સત્ય છે. તેથી આપણે વિચારવું જોઇએ. શ્રદ્ધા અને વિશ્વાસ ઊભા કરવા જોઇએ. સાંભળવું જોઇએ, આપણે સમજવું જોઇએ. આપણે સ્વસ્થ થવું જોઇએ તો પ્રભુને પામી શકીએ. અનુભવો તો ત્વચા પરના વસ્ત્રો જેવા છે. અનુભવોનું ઊંડાણ એ અનુભૂતિ છે. આપણે અનુભૂતિને ચૂકી જઇએ છીએ તેથી અનુભવોની આસપાસ ફરતા રહીએ છીએ. આપણે અનુભવોમાંથી અનુભૂતિ તરફ જવા એકાંતમાં પ્રયત્નો કરીએ એ આવશ્યક છે.

વરદાન વાર્તાનો રમેશ જ્ઞાની છે, પણ તે અહમવાદી છે. અનુભવો નથી, પરિણામે અનુભૂતિ નથી. તેને ભોળા શંભુએ આપેલા ત્રણ વરદાનોમાંથી કાંઇ પણ પ્રાપ્ત થયું નહિ. અહમવાદી જ્ઞાનીએ આ સમજ્યો નહિ કે કર્મથી ભાગ્ય બને છે. અસ્તુ.

## વાર્તા

આ વાર્તા સત્ય છે કે નહીં તે ખબર નથી પણ રોજબરોજ બનતી હોય છે.

એકવાર મા-દીકરા વચ્ચે ઝઘડો થયો. દીકરાએ કહ્યું, 'તેં મને મોટો કર્યો એ તારો ઉપકાર. પણ એમાં તે જે કંઇ કર્યું એ બધાનો બદલો હું ચુકવી દઇશ. બોલ મારી પાછળ તેં કેટલો ખર્ચ કર્યો? મારાં કપડાં પાછળ કેટલા ખર્ચ્યા, મારા જમવા પાછળ કેટલા ખર્ચ્યા, દવાદારૂમાં કેટલા ગયાં? બધું લખાવ. હું વ્યાજ સાથે તને ચૂકતે કરી દઇશ. લખાવ...'

માંએ કહ્યું, 'લખાવું તો ખરી દીકરા પણ ક્યાંથી લખાવું?'

દીકરાએ કહ્યું 'કેમ?'

જન્મ્યો ત્યારથી પહેલાં દિવસથી પહેલાં દિવસે તને મેં છાતીએ વળગાડી દુધ પાયુતું અને પછી તને ખોળામાં લઇ તારી સામે જોઇ હરખનાં આસું વહાવ્યાં હતાં. બોલ એ દુધ કેટલા રૂપીયે લિટર લખીશ? અને એ આસુંના ટીપાંની કયા કોમ્પ્યુટર પર ગણતરી કરીશ અને પ્રત્યેક ટીપાં માટે કેટલા સિક્કા આપીશ?'

પુત્રનો બધો જ રોષ ઉતરી ગયો. એણે માતાના ખભે માથું મુકી દીધું અને ધ્રુસકે, ધ્રુસકે રડતાં કહ્યું, 'મને માફ કર માં મારાંથી ગુસ્સામાં બોલાઇ ગયું.'

*'તેન ત્યકતેન ભુંજિયાં'*

(ત્યાગ કરીને ભોગવ.)

॥ માં ॥ આ સૂત્રને જીવી બતાવે છે. મીઠાઇનો એક ટુકડો હોય તો એ બાળકને આપી દેવામાં માને વધારે આનંદ આવે છે. મીઠાઇ પોતે ખાધી હોત, એ કરતાં પુત્ર આરોગે ત્યારે માને વધુ સ્વાદ આવે છે. કોઇ સંતાન દ્વારા માં દુભાય નહીં, પીડાય નહીં, જેણે આપણા માટે આટલી પીડા સહન કરી હોય એવું આપણે આપણાં જીવનમાં માને સાચવી બતાવીએ.

*જીતેશ કાંતિલાલ બુધ્ધભટ્ટી - માધાપર, ભુજ (કચ્છ)*

## યુવા પ્રતિભા

### સંજયભાઈ અમૃતલાલ બારમેડા



શ્રી સંજયભાઈ અમૃતલાલ બારમેડાની તાજેતરમાં અંજાર શહેર કોંગ્રેસ સમિતિના સંગઠન મંત્રી તરીકે નિમણુંક કરાઈ છે.

શ્રી સંજયભાઈ વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. જેમાં તેઓ સમાજની કારોબારી સમિતિનું સભ્યપદ ધરાવે છે. સમગ્ર કચ્છનો વિકાસ થાય તે માટેની લડત ચલાવતા કચ્છ વિકાસ સમિતિના અંજાર ખાતેના તેઓશ્રી ઉપ-પ્રમુખ છે. અંજાર ખાતે ચેસ એસોસિએશનના પણ તેઓ ઉપપ્રમુખ છે. આમ તેઓ વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલ છે.


સમગ્ર સમાજની પ્રગતિ થાય તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. તેમના માતુશ્રી શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડા પણ અંજારના મારૂ કંસારા સોની જ્ઞાતિના અંજાર ખાતેના મહિલા પ્રમુખ છે. આમ તેઓને ઉપરોક્ત સંસ્કાર અને ઘડતર વારસામાં મળેલ છે.

'જ્ઞાતિસેતુ' આ યુવા પ્રતિભાને સમાજ અને જ્ઞાતિને એની પ્રતિભાનો લાભ આપે અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેમજ તેમનો લાભ સમગ્ર જ્ઞાતિને મળતો રહે તેવી શુભેચ્છા.

## તોરલ ધનસુખભાઈ કોટડિયા - ભુજ



તોરલ ધનસુખભાઈ કોટડિયા, ભુજમાં આવેલ માતૃછાયા કન્યા વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે ભરજ બજાવે છે. આ શાળામાંથી 'કલાસારથી આર્ટ ફાઉન્ડેશન - અમદાવાદ' દ્વારા યોજાયેલ રાજ્ય કક્ષાની ચિત્ર સ્પર્ધામાં શિક્ષકોની ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધેલ. જેમાં તેમને "ગુલે શબાબ" વિષય આધારીત ચિત્રમાં "મેઘાકલા ભૂષણ" એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. તેમજ સંસ્કૃતિ આર્ટ ફાઉન્ડેશન - પાલનપુર દ્વારા યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં "પનઘટ કે ઘટમાં પિયુની રટ" આધારીત ચિત્રમાં પ્રમાણપત્ર પ્રાપ્ત થયેલ છે. તેમની આ સિધ્ધિ બદલ 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન તથા પ્રગતિની શુભ કામના.



**નીશા સાકરીયા**ને તા. ૨૮-૧૨-૦૯થી તા. ૬-૧-૨૦૧૦ દરમ્યાન ગ્વાલિયર (મ.પ્ર.) ખાતે યોજાયેલ ૫૮મી સીનીયર નેશનલ વોલીબોલ ચેમ્પિયનશીપ ફોર મેન એન્ડ વિમેનમાં ગુજરાત રાજ્ય વતી રમવાની તક મળેલ.

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

*વાચક મિત્રો,*

ગત અંકમાં પૂછાયેલ પ્રશ્નોના જવાબ આ મુજબ છે : (૧) ચેતન ભગત, (૨) ૪૪, (૩) ૧ મે, ૧૯૬૦. સાચા જવાબો મોકલનાર મિત્રો છે : (૧) ઉત્સવ અરૂણભાઈ બુધ્ધભટ્ટી - ભુજ, (૨) ઉર્વિ એસ. બુધ્ધભટ્ટી - અમદાવાદ, (૩) મૌલીક એ. બારમેડા - ભુજ. તે પૈકી **શ્રી ઉત્સવ અરૂણકુમાર બુધ્ધભટ્ટી** ભાગ્યશાળી વિજેતા ઠરેલ છે. તેમને **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી રૂા. ૧૦૧/-નું ઈનામ મોકલાવી આપવામાં આવશે. અભિનંદન.

હવે આ અંકના પ્રશ્નો નીચે મુજબ છે :

૧. ગાંધીજીએ દાંડીયાત્રા કરેલ તે 'દાંડી' ગામ કયા જીલ્લામાં આવેલ છે? (એ) વલસાડ, (બી) નવસારી, (સી) પોરબંદર

૨. ગુજરાતનું પ્રસિધ્ધ યાત્રાધામ આરાસુર અંબાજી (મોટા અંબાજી) કયા જીલ્લામાં આવેલું છે?
(એ) સાબરકાંઠા, (બી) બનાસકાંઠા, (સી) કચ્છ.

૩. ગુજરાતનું પ્રખ્યાત પર્યટન સ્થળ 'સાપુતારા' કયા જીલ્લામાં આવેલ છે? (એ) ડાંગ, (બી) પંચમહાલ, (સી) અમરેલી.

ઉપરોક્ત સવાલોના જવાબો, આપના પૂરા સરનામા સાથે ***તા. ૧૦-૪-૨૦૧૦ સુધી***માં જ્ઞાતિસેતુ કાર્યાલય પર મોકલાવી આપવા વિનંતી છે. સાચા જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર તરફથી રૂા. ૧૦૧/-નું ઈનામ મની ઓર્ડર દ્વારા મોકલાવી આપવામાં આવશે. ■


## ચલો ચાંદની ચોક



તમે દિલ્હી જોયું હશે તો 'ચાંદની ચોક' જરૂર ગયા હશો. ૩૦૦થી વધુ વર્ષો પહેલાંના દિલ્હીનો આ ચોક આજે પણ સૌથી વધુ જાણીતો અને માનીતો છે. પરંતુ હવે અહીં એટલી બધી ભીડ રહે છે કે લાલ કિલ્લા સામે પડતો આ ચોક પાર કરતા શિયાળામાંય પરસેવો છુટી જાય. દિલ્હી પ્રશાસનની કદાચ એનું Face - Lift કરવાની ધારણા હશે અથવા Heritage Sites પ્રત્યે છાત્રોનો 'રસ' જગાવવાનો હશે. એ જે હોય તે, પ્રશાસને દિલ્હીના સ્કુલી છાત્રોને એનું મોડેલ બનાવવા ઈજન કર્યું. છાત્રોએ મોડેલ બનાવ્યા. એમાંનું મોડેલ 'ફાધર એગ્નેલ સ્કુલ'ના છાત્રે બનાવ્યું. આ મોડેલ શ્રેષ્ઠ પ્રમાણિત થયું. **આ મોડેલ બનાવનાર છાત્ર આપણા કચ્છી મારૂ કંસારા સોની સમાજનો છે. એનું નામ છે, કદમ કંસારા.** કદમ ચાર વર્ષ પહેલા અમદાવાદમાં જ હતો. ત્યારે એના પિતાશ્રી નિકીતકુમાર કંસારા બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડસના ડાયરેક્ટરપદે હતા. તેમની દિલ્હી હેડક્વાર્ટર ખાતે (સાયન્ટીસ્ટ-ઈ) તરીકે નિમણુંક થતાં તેઓ દિલ્હી રહે છે. નિકીતકુમાર કંસારા દિલ્હી આઈ.આઈ.ટી.થી એમ.ટેક. થયા છે. નિકીતકુમાર કચ્છની આપણી જ્ઞાતિના પ્રથમ આઈ.આઈ.ટી. પોસ્ટ ગ્રેજ્યુએટ છે.

*ચિ. કદમને એની સિધ્ધિ બદલ 'જ્ઞાતિસેતુ'ના હાર્દિક અભિનંદન.*

## વાર્ષિક શ્રધ્ધાંજલી



### સ્વ. શ્રી ધનજી ઉમરશી બુધ્ધભટ્ટી

**જન્મ : તા. ૨-૫-૧૯૨૪**

**સ્વ. : તા. ૫-૩-૨૦૦૯**

*જીવન એવું જીવી ગયા કે કદી ભૂલાય નહીં,*
*દુઃખ કદી દેખાડ્યું નહીં*
*સુખને છલકાવ્યું નહીં, હસતો રાખી ચહેરો*
*ઓચિંતી લીધી વિદાય,*
*જીવનભર મહેનત કરી શૂન્યમાંથી કર્યું સર્જન....*

### ગં.સ્વ. વનીતાબેન ધનજી બુધ્ધભટ્ટી

હર્ષદ ધનજી બુધ્ધભટ્ટી (પુત્ર) નિમિષા હર્ષદ બુધ્ધભટ્ટી (પુત્રવધૂ) - ભુજ
નીતિન ધનજી બુધ્ધભટ્ટી (પુત્ર) મૃદુલા નીતિન બુધ્ધભટ્ટી (પુત્રવધૂ) - કોટડા
રાજેન્દ્ર ધનજી બુધ્ધભટ્ટી (પુત્ર) કમળા રાજેન્દ્ર બુધ્ધભટ્ટી (પુત્રવધૂ) - પાનન્ધ્રો
આશાબેન મહેશ પોમલ (પુત્રી - જમાઈ) - ભુજ

પંચમ હર્ષદ બુધ્ધભટ્ટી (પૌત્ર) પૂનમ પંચમ બુધ્ધભટ્ટી (પૌત્રવધૂ)
ભાવિક નીતિન બુધ્ધભટ્ટી (પૌત્ર) વર્ષા ભાવિક બુધ્ધભટ્ટી (પૌત્રવધૂ)
શીલાબેન જયેશ સોની (પૌત્રી - જમાઈ) - માનકુવા
હરકિશન હર્ષદ બુધ્ધભટ્ટી (પૌત્ર) હરનીસ હર્ષદ બુધ્ધભટ્ટી (પૌત્ર)
સચીન નીતિન બુધ્ધભટ્ટી (પૌત્ર) પ્રિયંક રાજેન્દ્ર બુધ્ધભટ્ટી (પૌત્ર)
કૃતિકા પંચમ બુધ્ધભટ્ટી (પરપૌત્રી) પૂર્વલ પંચમ બુધ્ધભટ્ટી (પરપૌત્ર)

**શિલ્પ જ્વેલર્સ - ભુજ**

**રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે "જ્ઞાતિ સેતુ" અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮**

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશનનું સ્થળ | : | અમદાવાદ |
| ૨. પ્રકાશનનો ગાળો | : | દ્વી-માસિક |
| ૩. મુદ્રકનું નામ | : | મનુભાઈ વી. કોટડીયા<br>પ્રમુખ - શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ |
| મુદ્રકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| મુદ્રણ સ્થાન | : | માધવી ઑફસેટ,<br>અનુપમ સિનેમા સામે, ખોખરા,<br>અમદાવાદ. |
| ૪. પ્રકાશકનું નામ | : | મનુભાઈ વી. કોટડીયા<br>પ્રમુખ - શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ |
| પ્રકાશકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશકનું સરનામું | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ<br>C/o. ધવલ જ્વેલર્સ,<br>ચાંલ્લા ઓળ, માણેકચોક,<br>અમદાવાદ. |
| ૫. સંપાદકનું નામ | : | હંસરાજ ઠાકરશી કંસારા |
| સંપાદકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સંપાદકનું સરનામું | : | ૧/૧/૪, સમૃધ્ધિ ફ્લેટ,<br>રામેશ્વરમ એપાર્ટમેન્ટ,<br>દેવ આશિષ સ્કુલ પાસે, રામદેવનગર,<br>અમદાવાદ-૩૮૦ ૦૧૫. |
| ૬. અખબારની માલિકી | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ |
| સરનામું | : | C/o. ધવલ જ્વેલર્સ,<br>ચાંલ્લા ઓળ, માણેકચોક,<br>અમદાવાદ. |

*હું, મનુભાઈ વી. કોટડીયા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.*

અમદાવાદ **મનુભાઈ વી. કોટડીયા**
તા. ૨૫-૩-૨૦૧૦ પ્રકાશક અને મુદ્રક - "જ્ઞાતિ સેતુ"

■ A person lost alomst all in a fire. Next day he placed sign board- "Shop burnt, house burnt, goods burnt. But Faith not burnt. Shop starts tomorrow."

■ "God! give us grace to accept with Serenity the things that cannot be changed, courage to change the things which should be changed & the wisdom to distinguish the one from the other."

■ "In Nature there are neither rewards nor punishments, there are only consequences."

*કુંજન મહેતા - ભુજ*